Sixty years is, in the life of an institution, not a very long span of time. Yet it is long enongh to look back upon the work done and look forward to the work facing us. What faces us is a difficult task indeed. But we must face it and do it to the best of our capacity. If on the occasion of its Diamoad Jubilee, we pause, it is only to briefly evaluate the past and plan for the future, but we do not stop; we move on to fresh challenges and achievements new.

શેઠ પી. ટી. સાર્વજનિક કૉલેજ ઑફ સાયન્સના આચાર્યો
(ઈ. સ. ૧૯૬૦-૧૯૭૮)



પ્રિ. ડૉ. એમ. એસ. દેસાઈ
(૧૯૬૦-૧૯૬૬)



પ્રિ. ડૉ. સી. એમ. દેસાઈ
(૧૯૬૬-૧૯૭૮)



પ્રિ. જી. ટી. શાહ
(૧૯૭૮ જૂન થી નવે. '૭૮)

સાર્વ. એજ્યુ. સોસાયટીના વર્તમાન કર્ણધારો



ડૉ. કે. બી. શાહ
પ્રિન્સિપાલ, પી. ટી. સાર્વ. સાયન્સ કૉલેજ
ફેબ્રુ. ૧૯૭૯ થી



ડૉ. આર. કે. દેસાઈ
અધ્યક્ષ, એકિઝ. અને મેનેજિંગ કમિટીઓ
સાર્વ. એજ્યુ. સોસાયટી



શ્રી. વી. વી. ગાંધી
ઉપાધ્યક્ષ એકિઝ. અને મેનેજિંગ કમિટીઓ
સાર્વ. એજ્યુ સોસાયટી



એમ. ટી. બી. આર્ટ્સ કૉલેજ, સૂરત, વિદ્યાર્થી–પ્રતિનિધિસભા (૧૯૭૮–૭૯)

એમ. ટી. બી. આર્ટસ કૉલેજ, સુરત. વિદ્યાર્થી-પ્રતિનિધિસભા (૧૯૭૬-૭૯)

SARVAJANIK EDUCATION SOCIETY.

President's Address

ON THE

Opening of the Sarvajanik College.

ON

19th June 1918.

(June 19th, 1918 marks a glorious day in the educational history of Surat. On that day the M. T. B. College (then known as the Sarvajanik College) was declared open by Sir C. H. Setalvad, Vice-Chancellor of Bombay University. The President of the Sarvajanik Education Society, Rao Bahadur K. G. Desai delivered the welcome speech. The speech being a historical document, is reproduced here in full.)

Thls is the first opportunity the educated Community of this historical City have had for a long time of welcoming you in their midst since tlie growth here of independent attempts on the part of the people to impart education to the younger generation. In welcoming you in their midst the educated community whereof the Sarvajanik Education Society can fairly claim to be a representative offer a most cordial welcome to an illustrious son of Gujarat whose family hails from Surat, an eminent educationist, and the first Gujarati Vice-Chancellor of the University of Bombay. The Sarvajanik Education Society considers this visit of yours to open their new Arts College undertaken at the expense of your valuable time, occupied as it is with your manifold professional offlcial and publlc duties, as a great obligation on them, and I beg to give expression to their feelings of sincere gratitude therefor. The performance of thls ceremony moreover, of making the formal declaration that the College will be open from tomorrow to undergraduates desirous of pursuing the Arts course of the Bombay University is not at all a solitary instance of your warm sympathies and active assistance in the work of the society in particular, and the development of private educational institutions in general in Gujarat. You, sir, as early as October 1916, as President of the first Educational Conference in Ahmedabad, welcomed the movement to establish this College, when it had not gone beyond the stage of

deliberation. Ever since the movement assumed the concrete shape of the necessary application for its affiliation to the University, you have taken an active and personal interest in the work. Whenever we approached you for guidance and advice in the several steps leading to the final affiliation orders of the Government, we always found you ready and willing to help us to the utmost of your power. We were always received with an encouraging spirit and we were never made to feel the importance of the sacrifice of time and the trouble we were asking you to undergo. Your support as an ordinary member of the Syndicate did not flag in the slightest degree, with your elevation to the Vice-Chancellorship. We were rejoiced at the news that H. E. the Chancellor had been good enough to accept the invitation given by you to him on our behalf to perform this function. It is very regrettable that other pressing engagements have prevented H. E. from gracing this occasion with his presence and deprived us of the opportunity of showing him what progress we have been able to make since the extension of his patronage to us in February 1915. We have however, one very great consolation in the fact that we have been favoured by Providence with an equally rare chance of expressing to you, sir, our appreciation and our thanks for your kind support on all occasions and in all directions in our attempts to render this College a *fait accompli*.

Allow me, sir, also to offer to you our sincere congratulations on your elevation to the Vice-Chancellorship of the Bombay University. As inhabitants of Surat and as Gujaratis we naturally feel great pride in your being the first Gujarati Hindu to be honoured with this distinguished and important post. We might be excused if we feel a natural elation at the favourable chances of progress and development of popular educational movements in Gujarat during the direction of Higher Education by such a patriotic and public-spirited Gujarati Hindu *alumnus* of the Bombay University as yourself. From our own experience we feel sure that a sincere desire on the part of the people to aid in the spread of education in the country will not fail to arouse in the worthy Vice-Chancellor, by way of an echo as it were, a keen desire to afford all assistance and encouragement in his power,

Beginnings of private attempts to educate the young of this city though later than in the Deccan were made at an early date in comparison with other parts of Gujarat. You, Sir, are probably not aware that the seed of this Society and this College was

sown so far back as the year 1888 in the form of a private English School teaching up to the 5th English Standard by four young and enterprising undergraduates just fresh from College. Their ardent and single-minded zeal soon overcame all difficulties and the institution developed into a full High School within about five years from its starting work. One out of the four founders retired from the management of the institution within six months. Out of the three who stuck to their duties in the face of all the initial difficulties they had to encounter in making the institution grow, Mr. Athavala a very capable and energetic worker soon became unable to devote to the work the time and the attention it required on account of failing health and eventually succumbed. Two years after one of the remaining two retired. Since then the whole brunt of the work fell on Mr. Shah, the present Manager of the school and, for nearly 18 years Mr. Shah alone discharged the duties both of the Proprietor and the Head Master of the school. In order particularly to ensure the permanence of the High School when it had become established as an important and useful institution in Surat, and generally to raise up similar educational institutions in the Surat District, so that education might become less expensive and more easily accessible to the rising generation, this Society was started in 1912

Ever since the formation of the Society, it has been the one great desire of the founders to have an Arts College of their own in Surat. The High School had however to be placed on a sound and stable footing before any new venture was taken on hand and the Society had necessarily to wait. In November 1915 however the idea of starting a College in Surat received a fresh impetus from Prof. K. G. Naik, M. A. B. Sc., a native of Katargam and then Professor of Science at the Berhampur College in Bengal. He approached the Society with a scheme of his own for an Arts College in Surat and requested the Society to lend its name to the Scheme for the purpose of collecting funds therefor. The Scheme was placed before the Managing Committee on 15th November 1915, and having in mind the difficulties and hardships undergraduates have been subjected to in pursuing the Arts course by the refusal of the existing Arts Colleges to admit them on the ground of want of accommodation, the Committee decided to give the required support to the Scheme and to advance it as far as possible. It was accordingly resolved that funds should be collected for a Second Grade Arts College at Surat, under the auspices of the Society and

Professor Naik was authorised to organise a Committee and start collecting funds.

In December 1915, an informal meeting of some of the members of the Sarvajanik Education Society and other gentlemen interested in starting a College at Surat was held and it was resolved thereat that the Executive Committee of the Society should be authorised to revise the Scheme put forward by Professor Naik in consultation with Rao Bahadur K. P. Trivedi, Mr. Chhaganlal Thakordas Mody and other gentlemen, as the committee should think necessary or expedient.

On 1st February 1916 the Executive Committee resolved to request Rao Bahadur K. P. Trivedi and Mr. Chhaganlal T. Mody to prepare a scheme and an appeal to the public for funds on the basis thereof.

The appeal and the scheme thus prepared by these two gentlemen were approved at the next meeting of the Executive Committee and published. It was also resolved to invite gentlemen at Surat and other places to form collection committees at Surat and elsewhere to collect funds for the purpose.

Serious efforts were then made for the collection of funds in April 1916 and several gentlemen, Sardar Sheth Ishwardas J. Store, Mr. Balwantrao T. Vakil, R. B. Madhavram H. Vyas of Baroli, Sheth Thakordas Balmukunddas Mody and others promised handsome contributions to the fund. In May 1916 several gentlemen including Professor Naik and those who had already promised their help to the cause either by contributions to the fund or by co-operation, addressed a letter to the Society requesting them to take up the work and to start the new college as an institution of their own, one of the conditions being that all monies collected for starting the College should be kept as a separate fund until the College was actually started.

The Managing Committee of the Society thereupon decided to comply with the request and in supersession of all previous resolutions and declarations passed and made in connection with the said scheme, resolved (1) to establish the proposed College as an institution of the Society and under its management, (2) to keep all monies already subscribed and to be subscribed for the said College, ear-marked for the purpose of starting a College until the College actually commenced work and (3) to enrol as Life members, Patrons or Vice-patrons as the case may be, in accordance with the rules and regulations of the Society all subscribers to the College fund of Rs. 100

and upwards on receipt by the Society of the amount subscribed.

The Managing Committee was empowered to take the necessary steps to reorganise the work of collecting subscriptions on this new basis and to make suitable alterations in the public appeal for funds.

This resolution of the Managing Committee was confirmed at the annual general meeting of the Society on 4th June 1916.

Some important alterations were also made in the original scheme. Prof. Naik's scheme was based on the principle of a stipendiary staff. But as the Society is started on the basis of conducting its institutions by employment of volunteers as in the Deccan Education Society of Poona the committee had to further revise the scheme, the scale of pay and the estimates of expenditure among other things.

The revised scheme was placed before the public and continued efforts were made for funds till December 1916. Great euthusiasm was found to exist in Surat in connection with this movement, the people being very keen on having a College in the City. All classes of people rich and poor warmly welcomed and sympathised with the movement and willingly subscribed to the Fund and the work of collecting funds progressed rapidly. A meeting of Surat people residing in Bombay and outside sympathisers was also convened and held in Bombay under the presidency of Khan Bahadur Jamshedji A. Dalal M. A. LL. B. in September 1916 for the purpose of taking steps to raise funds in Bombay. The meeting accorded its approval and sympathy to the movement and started a subscription list in Bombay to aid and supplement the funds that were being raised in Surat and a small working committee with Messrs. Narandas Rajaram & Co., as treasurers was appointed.

About a lac and a half were subscribed upto the beginning of January 1917 and with a view to enable the College to start work in June 1917 a small sub-committee was appointed for the purpose of arranging preliminaries and submitting the necessary application for affiliation to the University. It was decided to advertise for professorships and to erect two additional wings to the Old High School Building and a Laboratory for the use of the College at once. Professors were selected and the application to the University was prepared in consultation and with the approval of eminent educationists in Bombay and submitted to the University in February 1917. On the application coming before the Syndi-

cate they appointed a committee of Local Inquiry consisting of Sir Narayan G. Chandavarker, Dr. Harold Mann and Principal Wilkinson as required by the University Act. They visited Surat to conduct their inquiry on 17th March 1917 and in their Report they expressed themselves generally satisfied with the arrangements made by the Society for the work of the College but suggested some changes one of them being in relation to the location of the College. The Society had proposed to locate the college temporarily in the new wings of the High School building which had been specially hurried up for the purpose but the Committee did not approve of the idea of accomodating the school and the College in one building and mixing up the students of both the institutions and required the College to be situated in a separate building by itself. The Society conformed themselves to the committee's requirement within a short time. The necessary meeting of the Syndicate to consider the changes made by the Society in their arrangements in accordance with the Committee's requirements could not however be held in time to enable the final orders of the Government for affiliation of the College being passed before 21st June 1917 owing to the intervening Summer Vacation and the idea of commencing work in June 1917 had to be abandoned;

The Syndicate reconsidered our application in September 1917 and decided to recommend to the Senate the affiliation for a period of five years on the following conditions :—

1. That the Land prepared for the permanent College be purchased immediately and used as a playground from the beginning.

2. That the present bungalow be occupied for not more than 3 years at the most, a guarantee be given that a permanent College building will be constructed in that time.

3. That the number of students should be limited to one hundred in the first year's class and sixty in the second year's class (intermediat class).

4. That plans should be submitted to the Syndicate before construction of the building is commenced.

5. That the Society satisfy the Syndicate, before April 1918 that they have collected funds sufficient for the efficient conduct of the College.

After this resolution was received from the Syndicate, fresh attempts were made for further funds. A deputation from Surat went to Bombay for the purpose. More liberal con-

tributions began to pour in and upto the end of December 1917, about Rs. 2,75,000 had been promised. In the Revised Estimates it was calculated that about three lacs would be required to start the College. But in view of the prices of land and building materials having gone up enormously it was found that this amount would not be sufficient for the efficient conduct of the college and that somewhere between $3\frac{1}{2}$ and 4 lacs of Rupees would be required. Our efforts for further funds are still continued and I am glad to say that we have had on the whole a liberal response from the public and upto now Rs. 3,50,687 have been subscribed to the fund out of which Rs. 2,05,544 have been recovered till 10 June. Among the principal contributions the following may be mentioned .—

His Highness Sir Sayajirao Gaekwar of Baroda and Messrs Narandas Rajaram & Co. have contributed Rs. 30,000 each to endow a Professorial Chair. Seth Narandas Purshotumdas Malvi has contributed Rs. 15,000 to construct a central Hall of the College building. Mrs. Nemtoolabai Abdul Tyeb Maskati has contributed Rs. 15,000 for the construction of a Laboratory for the College, Mrs. Nanigavri Atmaram has given Government Promissory Notes of the face value of Rs. 15,000 in memory of the late Mr. and Mrs. Chunilal D. Saraiya to construct a lecture room and to found two scholarships, the trustees of Rao Bahadur Parbhudas K. Mody's Charity Fund have given about Rs. 15,000 consisting of Govern ment Promissory Notes and cash for the construction of a Hostel block. H. H. the Maharaja Saheb of Dharampore, Seth Hatambhai Gulamhussein and Sheth Mangaldas Girdhardas Parekh have contributed Rs. 10,000 each for the construction of Hostel blocks, Sheth Nanabhai Tullockchand has contributed Rs. 6,000 for the construction of a Gymnasium, Messrs. Mansukhbhai Bhagubhai, Balabhai Mulchand Choksi, Ganpatram A. Trivedi & Bombay Zaveri Mahajan Motina Kanta have contributed Rs 6000 each for the construction of lecture rooms.

We have also succeeded in obtaining substantial help from the Trustees of the N. M. Wadia Charities who have with their usual liberality in assisting Educational Institutions decided to endow two professorships in connection with this College and to pay the amount of the salaries of two professors for a period of three years. This grant will come to about Rs, 3,000 per annum.

But fresh difficulties had sprung up during the delay in the final resolution of the Syndicate. The site for the College building which had been approved by the Committee of

Inquiry had been sold off at nearly double the price at which it had been contemplated to purchase it. Prices of immoveable property in Surat and especially in the Military Lines were increasing by leaps and bounds and it was found exceedingly difficult to secure a suitable and commodious site, even within the last revised estimates At last it was with very great difficulty that we could secure a portion of the original site of about 14 acres at a price of about Rs. 20,000 which had been originally estimated at Rs. 10,000 only. The bungalow which we had intended to hire for the temporary location of the College pending the construction of the New College Building and which had been approved by Dr. Mann on behalf of the Committee was also sold in the interval Here the obstacle in our way was much greater than in the case of the site, as no other suitable building was available. After great deal of anxious deliberation it was decided to remove the High School to the New Hostel Building with the permission of the Educational Department and to locate the College in the present High School Building until the College building should be ready. This means of course putting off the use of the Hostel as such at least for a year and a disappointment to many parents who are anxiously waiting the opening of the school hostel. There being however no other suitable building available for the College and it being extremely undesirable to put off the work of the College merely for want of accomodation the Committee decided, as the last resort, to sacrifice in this manner the interests of the High School for the higher purposes of the College. We approached the D. P. I. the Hon. Mr. J. G. Covernton who had kindly come over here to preside at the Prize Distribution of the High School on the subject and after inspecting the School building and the Hostel Building he was kind enough to sanction the holding of the School Classes in the Hostel Building as a temporary measure. The Syndicate was next applied to for sanctioning the change in the location of the College and such sanction has been, I am glad to say, granted

The plans of the new College building to be erected on the new site have been prepared under instructions from such a competent and experienced Engineer and Architect as Rao Bahadur K. G Desai who is the Chairman of our Managing Committee. The plans have been already approved by the Syndicate subject to some slight alterations and the work of construction will be commenced immediately after the rains, The contract for the building has been already given and we hope to be able

to hold our classes in the new building from the next academical year in June. Two Tennis Courts and a cricket ground are being prepared on the new College site so that, as required by the Syndicate, the site will at once be used as a playground for College Students.

A suitable bungalow has also been rented for use as the College Hostel.

A still greater difficulty suddenly sprung up in our way. All at once in the latter part of January 1918 when we thought everything was ready for starting work, it was found that the gentleman with whom arrangements to take up the principalship of the College had been made in 1917 was not available and we were driven to the necessity of looking out for another Principal. Our Committee have now been able to secure as Principal, S. P. Dastoor B. A. lately Vice-Principal RajaramCollege Kolhapur. He has had about 20 years' experience as Professor and he will take English and Logic at the College. The other Professors are as follows:-

Mr. A. G. Chandrachood M A. Professor of Mathematics.

Mr. M. J. Dave M. A. Assistant Professor of English.

Mr. R. C. Chinoy M. A. S. T. C. D. Professor of History and Economics.

Mr. K. S. Trivedi B. A. Professor of Sanskrit.

Mr. P. C. Ajwani B. A. Professor of Persian.

Mr. G. T. Saraiya M. A. B. Sc. Professor of Physics.

The Selection of Professors was a matter which has caused no small anxiety and trouble. The main object of the Society is to spread education by making it less expensive and more easily accessible and in order to carry it out, the Society must employ volunteer teachers for their institutions as far as possible. It was therefore necessary to bring together to the Professorial Staff of the College young and brilliant graduates of the University willing to devote their lives to the cause of education in a spirit of self-sacrifice, and on limited remuneration. The terms offered by us were however in view of the mode of living in Gujerat more liberal than those of the Deccan Education Society and in spite of this, an objection is taken that the remuneration fixed by us was not lucrative enough to attract the best men. Until now when we are on the eve of starting work, we never heard that the terms offered by us were not adequate. We have moreover, endeavoured to select the best staff available, and our selection has met with the approval of the University which is a

sine qua non of affiliation. Applications for volunteers were invited by advertisements in the Press and the Committee appointed to select the staff took up those of the applicants who were found to be the most capable and efficient among them, after interviewing each of them personally, and making all further necessary inquiries It is also said that we had no expert educationists on the selection committe. If outside expert educationists were not on the Committee, I submit with all due deference, that no blame attaches to the Society, the affairs whereof are to be managed on certain well recognized principles and necessarily by its members and in accordance with its rules. The Society is, besides, a public body admission to the membership whereof is open on payment of a small sum of Rs. 100.

Any judgment against the Society's work now is, at best, too premature. The system and its working must patiently be given a fair trial. The present staff is only taken up on probation and if eventually it is found necessary changes can be made in it. We earnestly hope that at the time of finally settling the staff a year or two hence we shall be able to avail ourselves of the knowledge and experience of expert educationists who may have hitherto refrained from joining the Society

I will take this occasion (opportunity ? Editors) of making an urgent appeal to young graduates of Gujrat to rise equal to the occasion and come forward to serve the cause of education with that spirit of sacrifice which has given the Deccan two of the most efficient educational institutions conducted on the volunteer system Then only will be created in Gujarat that healthy intellectual atmosphere which has produced men of such sterling merit and sturdy patriotism as the late Gopal Krishna Gokhale and his successor the Hon'ble Mr. Paranjape.

In conclusion I beg to take this opportunity of expressing the sincere thanks of the Society to the public of Surat and Bombay and the Princes and Chiefs of Gujrat for the liberality with which they have received the movement and the readiness with which they have poured forth their pecuniary contributions in the midst of all the troubles and embarrassments through which we are passing on account of the great war. I also beg to express the sincere thanks of the Society to the several gentlemen who have always readily and willingly assisted the Society by advising and guiding them in the several steps leading to the affiliation of the College.

Again thanking you, Sir, for all the trouble you have taken in coming

over to preside at this gathering and to perform the function of the day purely with the noble and disinterested motive of advancing the cause of the College and encouraging the Society in their humble endeavours to successfully conduct and carry on their infant institution, I beg leave to request you on behalf of the Society to declare that the Sarvajanik Arts College will be open from tomorrow to matriculated students of our University desiring to prosecute their studies further in the Faculty of Arts of our University.

જૂનાં સંસ્મરણો

પ્રિ. કાલિદાસ લ. દેસાઈ

કેટલા ઝપાટામાં વખત વહી જાય છે! એમ.ટી.બી.નો સુવર્ણ-મહોત્સવ તો જાણે કાલે ઉજવાયો; અને આજે હીરક મહોત્સવ ઉજવાય છે. અનંતકાળ સુધી જીવંત રહો એ સંસ્થા. જો કે સંસ્થા કયારે ઘરડી થાય છે! એ તો નિત્ય-નવી જીવંત જ રહે છે; હા, એના કાર્યકરો ઘરડા થાય છે; એમાંના કેટલાયે કાળમાં વિલીન થઈ ગયા!

૧૯૧૮માં સ્થપાયેલી આ એમ. ટી. બી.ના અગાઉના આચાર્યો પ્રિ. દસ્તુર, પ્રિ. રાજવડે, પ્રિ. ગાડગીલ, પ્રિ. શાહ, એઓ પણ હંમેશને માટે અદૃશ્ય થઈ ગયા છે. સુવર્ણજયંતી વખતના સમારંભમાં મારે એ મહાનુભાવો વિષે, એટલે કે ૧૯૨૧થી ૧૯૫૦ સુધીના ગાળાના ધુરંધરો માટે બોલવાનું પ્રાપ્ત થયેલું. કપ્તાન વર્તે તેમ ખલાસીઓ વર્તે, મુસાફરીનો મોટો આધાર તેઓના વ્યક્તિત્વ ઉપર અવલંબે છે; અધ્યાપન-અધ્યયન કરનારાઓની વિદ્યોપાસનાનું મોટા ભાગનું ઘડતર તેઓ કરે છે. પરંતુ એની સાથે, સંસ્થાની અનેક અભ્યાસેતર પ્રવૃત્તિઓ પણ, પ્રજ્ઞામાનસમાં એની છબી ઘડે છે. એટલે કેટલીક પરચુરણ ઘટનાઓ અને કેટલાંક બાહ્ય અંગ-ઉપાંગો વિષે હું લખવા પ્રેરાઉં છું.

પ્રો. નીમકર, પંચ્યાસી વરસના, પુત્ર મનોહર સાથે મુંબઈમાં રહે છે: આંખે નહિ જેવું જોઈ શકે છે. પ્રો. ડૉકટર વિષ્ણુભાઈ, ૭૬ વરસે, હિમાલયના ઋષિઓ જેવું જીવન, આદર્શ સોસાયટીમાં ગાળે છે. મકાન બહાર નીકળતા નથી, અવરનવર જીવન અને સાહિત્યની સર્મતોમુખી સમજનો ચમકારો આપતા રહે છે હું, લખનાર ૮૦ વર્ષનો થઈ ચૂકયો, અને આર્થ્રાઈટીઝની ચૂડમાં આવી ગયો છું; પ્રિ. જીવણલાલ પરીખ, પાર્કિનસનના રોગથી પીડાય છે; પ્રો. પી. એ. પંડ્યા, અમદાવાદમાં પુત્ર સાથે રહે છે મહાપ્રસ્થાનમાં આ ભાઈ ઓ એકલદોકલ જીવનસાગરના છેડા નજીક ગમન કરે છે; પરંતુ ગયા તે તો ગયા! કે. એચ. ત્રિવેદી, વ્યોમેશચંદ્ર પાઠકજી, એમ. આર. પાળંદે, ચંદ્રચૂડ, દૂરકાળ, જે. એ. કાઝી, વિજયરાય વૈદ્ય, ગજેન્દ્ર શુચ, ગોદીવાલા, ઝવેરી, વ્રજરાય દેસાઈ, વાઈ. ડી. જોષી, અને બીજા અધ્યાપક ભાઈઓ સ્મૃતિપટ ઉપર આવ જા કરે છે અને જીવનની અદૃશ્ય ગહનતામાં ડોકિયું કરાવે છે.

૧૯૨૧-૨૨માં, રાવબહાદુર ખંડુભાઈ દેસાઈ, ઇજનેર, મકાનોના બાંધકામના સલાહકારની વિકટોરિયા ગાડી નજર સમક્ષ આવતી દેખાય છે, દિ. બ. ગાંધી અને ચીમનલાલ કલાર્ક, દિ. બ. ઠાકોરરામ કપિલરામ દિ. બ. તાલિયારખાન, દિ. બ. ઝવેરી, ખા. બ. કાવસજી વકીલ વગેરેની મૂર્તિઓ પણ દેખાય છે. કૉલેજ તે વખતે લોકોને, શહેરથી બહુ દૂર દેખાતી; આજે આખું નવું શહેર એને ઘેરી વળ્યું છે. પાસે, પૂર્વ તરફની વિશાળ જગ્યામાં, ડૉ. તૈયબજીનું મકાન હતુ, જે જગ્યામાં પાછળથી કૉમર્સ કૉલેજ બંધાઈ. સાર્વજનિક સોસાયટીએ, તે જગ્યા અને મકાન, સરકાર મારફત પ્રાપ્ત કર્યાં. વચમાં આવેલા નાના બંગલામાં એકાદ અધ્યાપક રહેતા. કૉલેજના તે વખતના કાચા રસ્તાઓ ઉપર કપચી અને કાદવ પડેલાં રહેતાં. તે વખતે, આગળની હોસ્ટેલનાં ત્રણ મકાનો, રસોડાં, અને મધ્યમાં એમ. ટી. બી.નું ૧૯૧૮માં બાંધેલું મકાન માત્ર હતાં. પાછળ મેદાનની બહાર પશ્ચિમમાં, નવી હોસ્ટેલની દશ ઓરડીઓનું મકાન તથા રસોડું હતાં. જીમનેઝિયમ પાછળથી બંધાયું; મુખ્ય જીમખાના, પેવિલિયનનું મકાન, જીમખાના ફંડની બચેલી રકમ-માંથી બાંધ્યું; અને પછી શ્રી ચીમનલાલ કલાર્ક લેડીઝ પેવિલિયન બંધાયું. રમતના મેદાનને તૈયાર કરવામાં પાંચેક વરસ નીકળી ગયાં. એ મેદાનમાં, દિવસ રાત, વરસો સુધી મ્યુનિસિપાલીટીની મદદથી તેમજ ગધેડાં-વાળાઓ મારફત માટોડું પૂરપૂર કર્યા કીધું; આજે એ મેદાન, રમતગમતની સુવિધા માટે, આખા ગુજરાતમાં

જાણીતું રહ્યું છે. ગુજરાતની અનેક કૉલેજની ટીમો અહિં રમી ગઈ છે. જૂના વખતમાં, પાછલા પહોર પછી આખું મેદાન રમનારાંઓથી ભરેલું દેખાતું. પ્રિ. ગાડગીલ, પ્રિ. શાહ, પ્રોફેસરો, વિદ્યાર્થીઓ સાથે રમતમાં જોડાતા. રમતો પૂરી થતાં, ટોળટપ્પામાં પણ જોડાતા. તે વખતના ખેલાડીઓ નજર સામે તરવરે છે. ઈસુફ હાંસ, હાટીયા, સી. જી. મેઘા, ડેનીસ ઓઝ, ઈશ્વરલાલ ક્લાર્ક, નવશી અને માણેક ગ્યારા, એન. સી. પાવરી, કીર્તિ ગજ્જર, ભાસ્કર દેસાઈ, હકૂમત દેસાઈ, સુમન દેસાઈ, વૈકુંઠ પારેખ; એ લોકોની દોડવાની રમવાની રીત નજર સમક્ષ રમ્યા કરે છે. એમાંના કેટલાક તો ગયા; બીજાઓ સદ્‌ભાગ્યે રહ્યા છે.

એમ. ટી. બી.ની પાછળ, નજીક, બે ટેનિસ કોર્ટ તથા નવી હોસ્ટેલની વચમાં બે ટેનિસ કોર્ટ તથા જૂની હોસ્ટેલના રસોડાની પાછળ એક ટેનિસ કોર્ટ, આ પાંચ પાંચ કોર્ટ રમનારાઓથી ભરાઈ જતા; આપણો રમવાનો વારો મેળવવા માટે અડધો કલાક બેસી રહેવું પડતું. ડિસેમ્બરની રમત સ્પર્ધાઓ વખતે સેંકડો વિદ્યાર્થી ભાઈ બેનો મેદાનને ભરી દેતાં. આજે આ બધું કયાં ગયું ! દેખાતું નથી.

તે વખતે કૉલેજની ડિબેટીંગ સોસાયટી ધમધમી રહેતી. લગભગ દરેક અઠવાડિયે એક પાર્લામેન્ટ-વિવાદ સભા હોય જ. આંતરિક અને બાહ્યજીવનના તમામ પાસાઓ અંગે ચર્ચાઓ થતી; અને અધ્યાપક વર્ગ પણ સાથે જોડાતો. અનેકવાર બહારથી મહાનુભાવો આવતા, અને વિદ્યાર્થીઓને સંબોધતા. મોટા મહારથીઓનાં ભાષણો સાંભળવા મળતાં. નં. ૧૧ ના ઓરડામાં, પ્રિ. ગાડગીલના અધ્યક્ષપણા નીચે સરદાર વલ્લભભાઈનું ભાષણ હજી યાદ આવે છે. આભારની દરખાસ્ત મેં અંગ્રેજીમાં રજૂ કરેલી, તેથી ઠપકો પણ આપેલો, કાકા કાલેલકરના હાથે, વાર્ષિક ઈનામ-વિતરણ વખતે, ઈનામના કપ તથા કેટલીક પરદેશીઓ વસ્તુઓ જોઈ, એમણે પોતાનું દુઃખ વ્યકત કરેલું. શ્રીમતી સરોજિની નાયડુએ નવા સેન્ટ્રલ હોલમાં, હિંદ વિષે અને ગાંધીજીના વર્ધા વસવાટ વિષે, પોતાની અનુપમ, પ્રવાહી, રમૂજી શૈલીમાં શ્રોતાઓને મુગ્ધ કર્યા હતા. સુભાષચંદ્ર બોઝના ભાષણ વખતે, સેન્ટ્રલ હોલ, ગેલેરીઓ, બહારના વરંડાઓ, ચીકાર થઈ ગયેલા. સંગીત સમ્રાટ ઓમકારનાથ શાસ્ત્રીય સંગીતની ખૂબીઓ સમજાવતા, ત્યારે વિદ્યાર્થીઓ એમને વારંવાર ગાવાનું સૂચન કરતા, અને એઓ અવશ્ય ગાતા બીજી એક વખતના, ઓમકારનાથના ભાષણ વખતે, વચમાં જ, શ્રી અંબુભાઈ પુરાણી હોલમાં દાખલ થતાં. બંને સ્નેહી મિત્રો મંચ ઉપર ભેટયા એ દૃશ્ય વિરલ હતું, વિનોબા ભાવેએ, તા. ૨૯ સપ્ટેમ્બર, ૧૯૫૮ એ નવા હોલમાં, ટેબલ ઉપર બેસી સંબોધન કરેલું, અને સાયન્સ કૉલેજના મકાન સામે. બોરસલ્લી છોડનું વૃક્ષારોપણ પણ કરેલું; બપોરે પારડી ધરમપુરના હજારો ખેડૂતો સમક્ષ બોલેલા, અને સાંજે, જીમખાના-પેવિલિયમ સામે ઉપસ્થિત થયેલી સેંકડો શિક્ષિકાઓને માર્ગદર્શન કરેલું. નવી હોસ્ટેલની વચમાંની આખી જમીન ઉપર બાંધેલા મંડપમાં. શ્રી ભૂલાભાઈ દેસાઇએ, અંગ્રેજીમાં, માનવ-જીવન-સિદ્ધિ વિષે છટાદાર ભાષણ કરી શ્રોતાજનોને ચકિત કર્યા હતા.

તે વખતે, વાર્ષિક સંમેલનોમાં, નાટયપ્રવૃત્તિ મોટો ભાગ ભજવતી. કૉલેજનું ઝોરોસ્ટ્રિયન એસોસિયેશન એક પ્રહસન હંમેશ રજૂ કરતું; હસી હસીને ગાંડા થઈ જવાતું. "શંકિત હૃદય" "કાકાની શશી" વગેરે સળંગ નાટકો ભજવાતાં. વિદ્યાર્થીઓની અભિનય-નિપુણતાથી ધન્ય થવાતું. અધ્યાપકો પણ નાટકમાં ભાગ લેતા જ્યોતીન્દ્ર દવે ત્યારે અધ્યયન સંપૂર્ણ કરી ગુજરાતીના અધ્યાપક થઈ ચૂકયા હતા; એક નાટકમાં એમણે ગાંડા પુરુષની ભૂમિકા ભજવી હતી; તે વખતે રૂબરૂ ગાંડા જ દેખાતા, આજે પણ કેટલાયે વિદ્યાર્થી અદાકારો ચક્ષુ સમક્ષ આવી ઊભા રહે છે એમાં રતન માર્શલ, મામાવાળા, પ્રમોદચંદ્ર અને મન્મથ પાઠકજી, મુનશી હજી સ્ટેજ ઉપર ઘૂમતા દેખાય છે.

આ સોશિયલ ગેધરીંગ, આ નાટકો, આ રમતનાં મેદાનો, આ ચર્ચા સભાઓ, આ મહાનુભાવોનાં વ્યાખ્યાનો, આ અનેકવિધ અનેક હેતુલક્ષી પ્રવૃત્તિઓ, આ વિદ્યાર્થીઓનો ઉત્સાહ અને તરવરાટ એ બધાં, એમ. ટી. બી. ની સળંગ વિદ્યોપાસનાના અલંત

અગત્યનાં અંગો છે. વર્ગની, ચાર દિવાલો વચ્ચેની પ્રવૃત્તિ મગજની કેટલીક બારીઓ ખુલ્લી કરે છે એ વાત ખરી, પણ જીવન ફિલસૂફી એટલાથી સધાતી નથી. એનાથી પુસ્તકિયું જ્ઞાન મળે એ સાચું. પરંતુ એકલું પુસ્તકિયા જ્ઞાન કેટલું કામ આવે? દેશનાં યુવા-વર્ગનું જીવન ઘડતર માત્ર વ્યાખ્યાનોથી નહિ સધાય; એ માટે તો અગાઉ જણાવેલી તમામ પ્રવૃત્તિઓની આવશ્યકતા રહે છે. નવો ઉત્સાહ આવે છે; નવાં ધ્યેયો નજર સમક્ષ ઊપસે છે; નવા સહાધ્યાયીઓ જીવનભરના મિત્રો બની રહે છે; ખેલદિલી વધે છે; જીવનના વિવિધ પાસાઓનો અનુભવ થાય છે. નાનકડું જગત મોટું બને છે; એકલક્ષી દર્શનમાંથી બહુવિધ દર્શન તરફ વળાય છે; અતિજડ આગ્રહો સમત્વ તરફ વળે છે; જ્ઞાન અને અનુભવનું વર્તુળ વિશાળ બને છે; જીવન સંગ્રામની તૈયારી વધે છે; કાચો હીરો પહેલદાર બને છે. આખા શિક્ષણકાર્યની આ જ ખરી ભૂમિકા છે. એમ. ટી. બી. એ, વ્યતીતકાળમાં આ અંગે સંગીન કાર્ય કર્યું છે એમ હું માનું છું. આજે કાંઇક પીછેહઠ થતી જોઉં છું, મેદાનો ખાલી જોઉં છું, ટેનિસ કોર્ટો ઉજ્જડ જોઉં છું, વાદ સભાઓ નહિવત સંભળાય છે, જ્ઞાનસમૃદ્ધ મોટા માણસોનું આગમન ભાગ્યે જ થાય છે. હોસ્ટેલજીવન નિષ્પ્રાણ લાગે છે. આખા દેશમાં મરુભૂમિ પ્રસરી ગઈ છે, પણ આ બધું અવશ્ય જશે. શિયાળો આવે તો વસંત કાંઈ દૂર હોતી નથી.

એમ. ટી. બી નિષ્પ્રાણ કદી નહિ બને. ચારે બાજુના નિરાશામય વાતાવરણમાં પણ એ કેટલાંક શિક્ષણ મૂલ્યો સાચવી રાખે છે. લાંબા કાળ સુધી, વિદ્યાવાંછુઓને એ દોરવણી આપતી રહેશે.

आचार्येभ्यो नमः

ડૉ. વિષ્ણુપ્રસાદ ર. ત્રિવેદી

૧૯૧૮ એટલે લગભગ ગાંધીયુગની શરુઆત–તે વખતની સામાજિક રાજકીય અને શૈક્ષણિક સ્થિતિ અતિશય પ્રવાહી હતી, પરંતુ સામાજિક અને શૈક્ષણિક આદર્શો કરતાં રાજકીય ભાવનાઓ વધુ દૃઢ હતી. દેશ-ભક્તિનાં અવાન્તર સ્વરૂપો ધર્મ, સમાજ અને કેળવણીની ભાવનાઓ અને પ્રવૃત્તિઓમાં પણ વરતાતાં હતાં. બ્રિટિશ સરકાર (ઈંગ્લંડનો ઉદાર મત નહિ) દેશનું વાતાવરણ પારખી ગઈ હતી, અને કૂટ નીતિથી દેશની સર્વાંગીણ પ્રગતિમાં અવરોધો ઉભા કરતી હતી. દેશમાં ભૌતિક વિજ્ઞાનની કેળવણીમાં વૃદ્ધિ થાય એમાં સરકારને બહુ રસ નહોતો, એટલું જ નહિ, વિનયન શાખામાં મહા-વિદ્યાલયો પણ બહુ ન ઉઘડે તેની કાળજી રહેતી–વડોદરા, ભાવનગર અને જૂનાગઢમાં મહાવિદ્યાલયો ઉઘાડવામાં રાજ્યોને ખૂબ તકલીફ પડી હતી. મહા-વિદ્યાલયોના આંતરિક વહીવટ અંગે ત્યાં ઘણી શરતો લાદી હતી. સૂરત જેવા તે સમયના નગરમાં મહાવિદ્યાલય ઊભું કરવું તે ગાંડપણ ગણાય એવી સ્થિતિ હતી, કેમ કે અમદાવાદ જેવા શહેરની ગુજરાત કૉલેજ જે એક સ્થાનિક બોર્ડ ચલાવતી હતી તે પણ સરકારને સોંપી દેવી પડી હતી. સદ્‌ભાગ્યે પૂનાની કૉલેજોના નમૂના સૂરત સંમુખ હતા. એ કૉલેજોને જેવા ભાવનાશીલ અને સેવારત અધ્યાપકો મળ્યા હતા તેવા સૂરતને મળે તો કૉલેજ સ્થપાય અને યથેચ્છ વિકાસ પામે. આ ભાવ અમુક અંશે ફળ્યો. ૧૯૧૨માં શિક્ષણના દૂરગામી હેતુઓથી સાર્વજનિક સોસાયટી સ્થપાઈ જ હતી. વ્યવસ્થાની ભૂમિકા હતી, અને સૂરતની આર્ટ્સ કૉલેજ સાંઠ વર્ષ ઉપર, ૧૯૧૮માં સ્થપાઈ. એ દિવસ રૂડો નીવડ્યો.

આવી પ્રવૃત્તિને અનુરૂપ કંઈક અંશે સમાજની માનસિક અવસ્થા પણ હતી. લોકમાં આઈ. સી. એસ. કલેકટર અને બારિસ્ટર તો અતિશય મોટા માણસ ગણાતા. વકીલ, દાકતર અને મામલતદારનો પણ ભારે મોભો હતો. પણ તે ઉપરાંત કેટલીક વ્યક્તિઓ માટે, તેમની આર્થિક સ્થિતિ સામાન્ય હોય તો પણ લોકમાં અત્યંત આદર કિંવા પૂજ્ય ભાવ હતો. નર્મદ, દલપત, મહીપત-રામના નામ માત્રથી શિક્ષક પુલકિત થતો. વિવેકાનંદ, રાનડે અને ગોવર્ધનરામ જેવા તો પુણ્યશ્લોક ગણાતા. મણિલાલ, નરસિંહરાવ, રમણભાઈ, આનંદશંકર તરફ વિબુધ વર્ગનો ભક્તિભાવ હતો. કૉલેજના અધ્યાપકોનો પગાર ભલે ઓછોવત્તો હોય પણ તેની આભા અદ્‌ભુત હતી અને વિદ્યારસિકોને અતિશય પ્રેરણાદાયી નીવડતી. મને યાદ છે, શાહ-ભગવતીની તેજસ્વિતાની વાત તો કૌતુક કથા જેવી થઈ હતી.

હું મહેસૂલ ખાતાના કારકૂનનો દીકરો. તેની મહત્વા-કાંક્ષાનું ગજું કેટલું ? કોઈ સંન્યાસી આવે ને લોક કહે, એ તો એમ. એ. છે, થઈ રહ્યું : એમ. એ એક નિશાન બન્યું. આનંદશંકર ગુજરાત કૉલેજના સંસ્કૃતના પ્રોફેસર છે, પ્રકાણ્ડ પંડિત છે, સમદર્શી વિચારક છે, વસન્તના સંમાન્ય તંત્રી છે. એમના નામે અને કાર્યે એક બીજું અભિસંધાન આવ્યું. કલેકટર થવાય એમ નથી, મામલતદાર થવું નથી, કૉલેજના અધ્યાપક થવાય તો કેવું ? ૧૯૨૧ની ત્રીજી જાન્યુઆરીએ પેલો કારકુનનો છોકરો પ્રિ. દસ્તૂરને મળવા આવ્યો ત્યારે બહારથી તે ગૌરવ દાખવતો આવતો હતો પણ એની છાતીમાં ઉમંગ સાથે ભારે ગભરાટ પણ હતો. કેવી જવાબદારી ? કાલ સવારનો વિદ્યાર્થી અધ્યાપક ! ચોથી જાન્યુઆરીએ હું કૉલેજમાં રીતસર હાજર થયો, ૧૯૨૩માં વોલંટિયર થયો. પણ ખરેખર તો મને સ્વાર્થત્યાગ જેવું કદાપિ લાગ્યું નથી. આટલાં બધાં વર્ષ મને સ્વાધ્યાય અને પ્રવચનની અનુકૂળતા અને ભોંય મળી, અને વિવિધ મૈત્રીની સમૃદ્ધિ પામ્યો, તેને જ મારું સદ્‌ભાગ્ય ગણ્યું હતું અને ગણું છું.

આપણી કૉલેજનો વિકાસ તો સહેજે જોઈ શકાય છે. વટવૃક્ષમાંથી વડવાઈ થઈ અને વડવાઈમાંથી પાછું વટવૃક્ષ થાય એવી આ લીલા સૌને પ્રત્યક્ષ છે. એનું સિંચન કરનાર, અને પ્રકાશ આપનાર, એના વર્ધનને

દિશા અને અવકાશ આપનાર અનેક મહાનુભાવોનું કામ કીર્તિત છે. જેમનાં નામ બહુ જાણીતાં નથી એવાં અનેકાનેક સ્ત્રીપુરુષોએ આ વટવૃક્ષને પુષ્ટ કર્યું છે અને એની ખ્યાતિ પ્રસરાવી છે.

ત્રણ પેઢીના પ્રલંબ પટને પ્રત્યક્ષ કરું છું ત્યારે થાય છે કે કેટલા બધા મિત્રોએ અને વિદ્યાર્થીઓએ મને પ્રેર્યો હશે, સહ્યો હશે, પરોક્ષપણે શીખવ્યું પણ હશે! અનેક ગુરુજન જેવા વિદ્વાનો મારા મિત્રો બન્યા, અનેક સાથીઓ સગા બન્ધુઓ જાણે બન્યા, અને કેટલાક વિદ્યાર્થીઓ ગુરુજન જેવા નીવડ્યા, જેમને વિશે વાત કરતાં, મારા એક વખત શિષ્ય હતા, એમ કહેતાં મને ભારે સંકોચ થાય એમની પાસે હું ઘણું શીખી શકું એવું એમનું હીર છે.

અહીં હું કૉલેજના થોડા આચાર્ય વિદ્યાપકોને જ સંભારું, પ્રિ. દસ્તૂરથી પ્રિ દેસાઈ સાહેબ સુધીના આચાર્યોમાં ગાડગિલ, શાહ સાહેબ, અને દેસાઈ સાહેબ એ ત્રણને મુખ્ય વિધાયકો ગણી શકાય. દસ્તૂરનો મને પરિચય ખરો પણ અલ્પ. ૧૯૨૧ના જુનમાં એ નિવૃત્ત થયા. તેઓ અધ્યાપક તરીકે કુશળ અને ગૃહસ્થ તરીકે વિવેકી. મારે ૨૧ વર્ષના કાચા યુવકનો સંકોચ એમણે દૂર કરેલો અને પહેલે જ દિવસે, ઘરે નિમંત્રી, મને હૂંફ આપેલી. શિક્ષકો અને નાગરિકોની આ સંસ્થાની સમવાયી વ્યવસ્થા પ્રિ. દસ્તૂરને કદાચ ફાવી નહિ હોય. એને સારુ જે અધ્યાપકોએ પોતે આવી સંસ્થાઓના સંવર્ધન અને સંચાલનનું કામ કર્યું હોય તે વધારે યોગ્ય ગણાય. તેમને સરએસરખાના સામૂહિક વહીવટમાં અતડું ન લાગે અને યોગ્યતા પ્રમાણે નીતિરીતિમાં તેમ જ પ્રસ્થાન કાર્યમાં તેમને સૌને અવકાશ મળે. આ દૃષ્ટિએ જોતાં પ્રિન્સિપાલ રાજવાડે આવ્યા તે સુયોગ્ય થયું. તેમના પછી પ્રિ. ગાડગિલ આવ્યા જેમને નાનપણથી જ વિદ્યાસેવાનું સ્વપ્ન હતું અને મહારાષ્ટ્રના કેળવણી વાતાવરણનો પરિચય હતો. પ્રિ. એન. એમ. શાહે આ જ પદ્ધતિમાં પૂનામાં ઘણાં વર્ષ કામ કર્યું હતું અને યુનિવર્સિટીમાં મોટી પ્રતિષ્ઠા મેળવી હતી. આ ત્રણે જણે જે પરિપાટિ અને પ્રણાલિકા સ્થાપી તેને અનુસરવું પ્રિ. કાલિદાસભાઈ જેવા આચાર્યોને તેમજ સુરતના અગ્રણી નાગરિકોને અઘરું ન લાગ્યું. રાજકીય, સામાજિક, શૈક્ષણિક પરિસ્થિતિ છેલ્લાં વીસ વર્ષમાં ઘણી બદલાઈ છે, નવી યુનિવર્સિટીઓ સ્થપાવાથી અને અભ્યાસના આદર્શો, રીતિઓ, વિષયો અને તરેહોમાં મોટાં પરિવર્તનો આવ્યાં છે છતાં, આ સાર્વજનિક સોસાયટીના વટવૃક્ષે મૂળભાવના વિસારી નથી અને તેની સંસ્થાઓએ પોતાની વહીવટી વિશિષ્ટતા અને સિદ્ધિની તેજસ્વિતા એકંદરે જાળવી રાખી છે. સુરત અને સમસ્ત ગુજરાત આને માટે વાજબી અભિમાન લઈ શકે.

આચાર્ય રાજવાડે ઋષિતુલ્ય હતા. મહાપંડિત અને વૃદ્ધ. એમનું સંસ્કૃતમાંનું કાર્ય આજે પણ પ્રેરક અને ઉપયોગી છે. અંગ્રેજીના તેઓ અતિશય ચોકસાઈવાળા, વિદ્યાર્થીની બધી જ મુશ્કેલીઓ સમજનાર અધ્યાપક હતા. એમની ચિવટ અને નિષ્ઠા જોઈ અંગ્રેજીના અંગ્રેજ પ્રોફેસરો પણ નવાઈ પામતા. અંગ્રેજી ઉચ્ચારણ, બાસ કરીને સ્વરભાવની બાબતમાં, તેઓ શુદ્ધતાનો ખૂબ આગ્રહ રાખતા. એમની સ્મરણશક્તિ અસાધારણ હતી. ઘણી કાવ્યપંક્તિઓ તેઓ બોલીને સમજાવતા. શેલી જેવાનાં અઘરામાં અઘરાં કાવ્યનું તાત્ત્વિક રહસ્ય તેઓ સરળતાથી સમજાવતા. સંસ્કૃતનાં પંડિત તરીકેની તેમની સાધના આમાં એમને ખપ લાગતી. હું એમને સંસ્કૃત નિરુક્ત અંગે મારી શંકાઓ ઘણી વાર પૂછતો. પ્રિ. રાજવાડે વ્યાખ્યાકારનાં વાક્યો ને વાક્યો ટાંકીને શંકાઓનું સમાધાન કરતા. વૈયક્તિક જીવન જીવવાની તેમની પદ્ધતિ પણ અત્યંત સાદી, સંયમી અને બુદ્ધિપૂત હતી. બોર્ડની કોઈ બેઠક ગોપીપુરામાં હોય તો કૉલેજથી ત્યાં ચાલતા જતા, દેખાડાનું કે રુઆબનું નામ નહિ. વિનમ્ર છતાં નિખાલસ અને દૃઢ કર્તવ્યનિષ્ઠ પરંતુ બુદ્ધિવાદી અને સર્વદા ભિ વિરોધી. ખરેખર, તેઓ મહારાષ્ટ્રી ઉચ્ચ પાંડિત્ય પ્રણાલીનું પ્રતિનિધિત્વ ધરાવતા હતા. પ્રિ. ધનંજય ગાડગિલે ઉચ્ચ વિદ્યા ઇંગ્લંડમાં પ્રાપ્ત કરી હતી. તેઓ અર્થશાસ્ત્રના તેમ સાહિત્યના પણ વિદ્વાન હતા. તેમની દૃષ્ટિ અત્યંત ઉદાર હતી. મહારાષ્ટ્રની ભક્તિમાં તેમની દેશભક્તિ જ ઉભરાતી અને એમની દેશભક્તિમાં શિષ્ટ જનસામાન્ય માટે વ્યાપક સદ્‌ભાવ હતો. આવતાં વેંત તેમની પ્રતિભાની ઊંડી છાપ શિષ્ટ વર્ગમાં પડી અને અમારા તો તેઓ

સ્નેહી બની ગયા. રસિક વાર્તાલાપી, પ્રેમાળ મિત્ર, સુસંસ્કૃત નાગરિક, તત્ત્વદર્શી વિદ્વાન, પ્રવીણ અધ્યાપક અને છંટાદાર વકતા તરીકે એમને અમે પિછાણ્યા હતા. એમની પ્રૌઢ અને પાકટ વયમાં આ બધી શકિતઓનો પૂર્ણ અવિર્ભાવ દેખાયો હતો. ૧૯૨૫ થી ૧૯૩૦ નો ગાળો દેશમાં રાજકીય સંક્ષોભનો હતો. તે વખતે વયમાં કાચા જુવાન જેવા ગાડગિલ પ્રૌઢ, પ્રભાવ અને કુનેહવાળા આચાર્ય નિવડયા હતા. પ્રિ. ગાડગિલની પ્રતિષ્ઠા અહીં અજોડ હતી, પણ તેમને પોતાને લાગ્યું કે જે વિદ્યા તેમણે પ્રાપ્ત કરી હતી અને જે જીવન-ભાવના તેઓ સેવતા હતા તેને માટે સુરતનું ક્ષેત્ર નાનું હતું, મર્યાદિત હતું. તેમણે પોતાની શકિતના વિનિમય માટે પુનામાં સંસ્થા સ્થાપી અને સુરતથી વિદાય થયા. એક સુદૃઢ વિચાર તો તેઓ મૂકતા ગયા : સાર્વજનિક સોસાયટીએ ઊંડાં મૂળ ઘાલવાં હોય, પૂર્ણ વિકાસ સાધવો હોય, અનેક દિશામાં પ્રવૃત્તિ અને પ્રગતિ કરવી હોય, તો ગુજરાતની જ વિદ્વત્ શકિતને તેણે વધુ ને વધુ પ્રમાણમાં આકર્ષવી જોઈએ, આ જ ભાવનાથી તેમણે પ્રો. કાલિદાસભાઈ દેસાઇને સોસાયટી દ્વારા અંગ્રેજીના વિશેષ અભ્યાસ માટે કેમ્બ્રિજ મોકલવાનો પ્રબંધ કર્યો, અને આ જ ભાવનાથી તેમણે પ્રિ. એન. એમ. શાહનું આચાર્ય તરીકે આગમન વધાવ્યું. હવે કૉલેજ ગુજરાતને ખોળે ખરેખર બેઠી.

પ્રો. કાલિદાસ દેસાઈ અંગ્રેજીના વિશિષ્ટ અભ્યાસની ઊંચી ઉપાધિ લઈ કૉલેજમાં આવી ગયા હતા. સંસ્કૃતમાં પ્રો. મોહનલાલ પાર્વતીશંકર દવે હતા અને ઉચ્ચ ગણિતશાસ્ત્રના તદ્‌વિદ્ તરીકે કેમ્બ્રિજના રેંગ્લર શાહ સાહેબ આવ્યા. શાહ સાહેબે અધ્યાપક તરીકે, આચાર્ય તરીકે અને મુંબઈ યુનિવર્સિટીનાં વિદ્યામંડળોના સભ્ય તરીકે અસાધારણ પ્રભાવ અને પ્રતિષ્ઠા મેળવ્યાં હતાં. ઇતિહાસ–અર્થશાસ્ત્રની ઉચ્ચ વિદ્યાની હવા પ્રિ. ધનંજય ગાડગિલ પ્રસરાવી ગયા હતા. જેમ ગાડગિલને લાગ્યું કે તેમનું કાર્યક્ષેત્ર મહારાષ્ટ્ર છે તો શાહ સાહેબને લાગ્યું કે સુરત અને ગુજરાત તેમની કર્મભૂમિ છે. શાહ સાહેબ-ની પ્રસ્થાનબુદ્ધિ અને ગતિશીલતાને બૌધિક શ્રમ લેવાની અદ્‌ભુત શકિતને અનેકમુખી કૌશલને તથા અનુશાસન-વૃત્તિ અને દૃષ્ટિને સૂરતમાં પૂર્ણ અવકાશ અને અનુકૂળતા મળ્યાં. દીવાન બહાદુર ચૂનીલાલ ગાંધીએ અને તેમના સાથી નાગરિકો જેમના હાથમાં સોસાયટીની ધુરા હતી તેમણે શાહ સાહેબને સંપૂર્ણ સ્વાતંત્ર્ય આપ્યું અને એમની વિકાસ યોજનાઓને તેઓ અનુકૂળ રહ્યા. સોસાયટી અને તેની સંસ્થાઓનો એક સમવાય રચાયો અને તેના અધિષ્ઠાતા તરીકે શાહ સાહેબ સ્વીકારાયા. ૧૯૩૦ થી ૧૯૪૫નો ગાળો સોસાયટી અને કૉલેજના વિકાસનો અપૂર્વ સમય નીવડયો. એમાં એક બાજુએ જેમ દી.બ; ગાંધીનું પ્રોત્સાહન અને અનુમોદન મળ્યું તેમ બીજી બાજુએ દવે સાહેબ, દેસાઈ સાહેબ, પ્રો. નીમકર, શ્રી અક્કડ, શ્રી જોગળેકર વગેરેનું સમર્થન મળ્યું. એમ.ટી.બી. કૉલેજ ગુજરાતની એક અગ્રણી કૉલેજ તરીકે દૃઢપ્રતિષ્ઠિત થઈ, અને સાર્વજનિક સોસાયટી પણ કૉલેજથી ઓળખાતી થઈ.

કૉલેજના આચાર્યોએ એક ભાવનાની લગભગ પ્રણાલી પાડી છે. વિદ્યાર્થી સમાજમાં બધા આચાર્યોની – ખાસ કરીને શાહ સાહેબની – ધાક હતી, પણ બીક નહોતી. કૉલેજનો વિદ્યાર્થી ગભરાટ વગર આચાર્યને મળી શકે અને વાજબી સહાય મેળવી શકે. આચાર્ય અને અધ્યાપકો વિદ્યાર્થીઓ સાથે રમતગમતમાં ભાગ લેતા, તેમની સાચી મુશ્કેલીઓ વિચારતા અને તેમની ઇતર પ્રવૃત્તિઓમાં માર્ગદર્શક બનતા. ગાડગિલ, કમળાશંકર ત્રિવેદી, દેસાઇ સાહેબ અને શાહ સાહેબને હું વિદ્યાર્થીઓ સાથે ક્રિકેટ યા ટેનિસ રમતા જોઉં છું. કાઝી સાહેબને વિદ્યાર્થીઓ જોડે દોડતા જોઉં છું. પ્રો. પાઠકજી, પ્રો. ગોદીવાળા, ગજેન્દ્ર બૂચ, જ્યોતીન્દ્ર દવે વગેરેને નેપથ્યમાંથી સૂચનો આપતાં સાંભળું છું. દેસાઈ સાહેબને અંગ્રેજી ગીત ગાતા સાંભળું છું. ખરેખર કૉલેજનો આ યુગ સમરસભાવનો અદ્‌ભુત યુગ હતો. અધ્યાપકોની કર્તવ્યનિષ્ઠા, સંસ્થા માટે ભકિત અને શાહ સાહેબ પ્રતિ આદર એ ત્રણ તત્ત્વોએ કૉલેજને અને સોસાયટીને મોખરે આણી, એટલું જ નહિ, અધ્યાપકોનું પણ પોતાનું હીર પ્રગટાવ્યું અને ગૌરવ વધાર્યું.

૧૯૪૫ની આસપાસ સામાજિક હવામાં સાર્વત્રિક પરિવર્તન આવ્યું. તેની અસર બધી સંસ્થાઓના વાતાવરણ અને વહીવટી તંત્ર પર પણ પડી. પ્રિ. શાહ

પોતાના વિષયના ઉત્તમ નિષ્ણાત, ઉત્તમ અધ્યાપક તેમ જ અસાધારણ વહીવટી શક્તિ ધરાવનાર હતા. પણ તેમની રીતરસમ સર્વસ્વીકૃત સર્વાધિકારીની હતી. તેનાથી સંસ્થાને લાભ થયો ખરો, ઘણો થયો, પણ તે રીતરસમ નવા યુગમાં કઠે એવી નીવડી. પ્રિ. શાહ બાહ્ય દૃષ્ટિએ જેટલા દૃઢકઠોર લાગતા તેટલા જ અંતરમાં સુકુમાર અને સંવેદનશીલ હતા. નવી પરિસ્થિતિ એમને કંઈક વસમી લાગી. અને ૧૯૫૦માં સૂરત છોડી તેઓ આચાર્ય તરીકે વલ્લભવિદ્યાનગર ગયા. અધ્યાપક કુળમાં બન્ધુ જેવો પ્રેમ–આદર પામેલા શ્રી કાલિદાસભાઈ દેસાઈ કૉલેજના પ્રિન્સિપાલ થયા. અધ્યાપક તરીકે એમની વિદ્યાર્થી-પ્રિયતા એવી હતી કે શેક્સ્પિયર શિખવાડતા હોય તો અન્ય વર્ષના વિદ્યાર્થીઓ યા જૂના વિદ્યાર્થીઓ પણ તેમને સાંભળવા આવે. સાહિત્યના અંતરમાં તેમનો પ્રવેશ એવો ઊંડો હતો કે ભણાવતાં ભણાવતાં તેઓ તલ્લીન થઈ જતા અને કૃતિનો સાહિત્યપ્રભાવ વિદ્યાર્થી અનાયાસ પામી જતો. ક્રિકેટ, ટેનિસ આદિ રમતોમાં તો વિદ્યાર્થીઓને ટપી જાય એવો તેમનો ઉમંગ હતો. રમતગમતની સુવિધાઓ માટે, ક્રીડાંગણ માટે, સમગ્ર પરિસર (Campus)ના આયોજન માટે એમને ચોક્કસ દૃષ્ટિ હતી. સગવડ અને સૌન્દર્ય બેઉ જાળવવાની એમની નેમ રહેતી. કૉલેજના રમત મેદાનની રચના પાછળ દેસાઈ સાહેબની સૂઝ અને શ્રમ રહેલાં છે. અધ્યાપકોમાં તેમણે એવો સમાનભાવ કેળવ્યો હતો કે સરખેસરખાના નેતા જેવા તેઓ સહેજે બન્યા. શાહ સાહેબે જે પરંપરાઓ ઊભી કરેલી તેને એમણે સાચવી પણ તેમાં એમણે મુલાયમપણું આણ્યું. આથી સોસાયટીનાં સર્વ ચક્રો યથાવત્ રહેવા છતાં તેમાં તેમનું સિંચન થયું અને અધ્યાપકોને તથા સર્વ વ્યવસ્થાપકોને વધુ મોકળાશ લાગી. કાર્યસાધક મંડળોમાં સુકુમારતા આવી. નવી સામાજિક હવાને આ પરિવર્તન અનુરૂપ હોઈ આવશ્યક હતું. સંસ્થા સાથે તાદાત્મ્ય–તેના પ્રત્યેક અંગ વિશે સાવધાનીભરી કાળજી એ આપણી કૉલેજો અને શાળાઓના વડાઓનું મુખ્ય લક્ષણ રહ્યું છે. તેના ઉત્તમ નિદર્શનો શાહ સાહેબ અને દેસાઈ સાહેબની કારકિર્દીમાંથી મળે છે. સાયન્સ કૉલેજ બંધાતી હતી ત્યારે તેના પાયાનાં માપ લેતા શાહ સાહેબને જોઈને, અથવા મેદાન ઉપર માટી પથરાતી હોય ત્યારે તેને કેવી રીતે પાથરવી તેની સૂચના આપતા દેસાઈ સાહેબને જોઈને મુગ્ધ થવાતું. થાક કે આરામ, સત્ર કે રજાઓ, દિવસ કે રાત જોયા વિના સોસાયટીનું ને સંસ્થાનું કામ થતું. આનો પ્રભાવ એવો પડતો કે કૉલેજના કારકુનો, પટાવાળા અને માળી સુદ્ધાં જરૂરી કામ ગમે ત્યારે કરવામાં ગૌરવ અનુભવતા. સોસાયટીને અને કૉલેજને દેસાઈ સાહેબ ચાળીસેક વર્ષની સનિષ્ઠ સેવા આપી રહ્યા ત્યારે કૉલેજની નામના સુદૃઢ થઈ ગઈ હતી. આચાર્ય તરીકેનો કર્તવ્યભાર સંસ્કૃતના પ્રતિષ્ઠિત વિદ્વાન, ખ્યાતનામ અધ્યાપક અને શાણા કાર્યકર પ્રો. જીવનલાલ પરીખને સોંપી તેઓ નિવૃત્ત થયા.

અધ્યાપક તરીકે મેં મારું કામ આ પાંચ આચાર્યોની શીળી છાયામાં કર્યું. કૉલેજની ઊંચી પરંપરાઓ નવા નવા સંક્ષોભોમાં પણ આજ પર્યંત ચાલુ રહી છે. પણ મેં આ પાંચ આચાર્યો પૂરતી જ વાત કરી છે. આ પળે અનેક મિત્રો અને સાથીઓને સંભારું છું. તેમની મૂર્તિઓ નજર આગળ તરે છે. દવે સાહેબ, પ્રો દૂરકાળ, પ્રો. કમળાશંકર ત્રિવેદી, પ્રો વ્યોમેશચંદ્ર પાઠકજી, નિમકર સાહેબ, પ્રો. કાઝી, પ્રો. એમ. એસ. દેસાઈ, પ્રો. એસ. વી. દેસાઈ, પ્રો. પાળદે, પ્રો. જોષી, પ્રો. ગોદીવાળા, પ્રો. બૂચ, પ્રો. રમણભાઈ, પ્રો. વિજયરાય, પ્રો. જ્યોતીન્દ્ર દવે, પ્રો. જીવનલાલભાઈ, શ્રી ચન્દ્રવદનભાઈ શાહ, પ્રો. શાસ્ત્રી, પ્રો. કાપડીયા, પ્રો. કુંજવિહારી મહેતા, શ્રી અકકડ, શ્રી જોગળેકર, પ્રો. જયંતભાઈ પાઠક વગેરે કલ્પનામાં ઉપસ્થિત થાય છે. બીજી ઘણી ઘણી છબીઓ પણ ઉપસ્તી આવે છે. શ્રી મગનભાઈ, છોટુભાઈ, છગનભાઈ બન્દુભાઈ, મહાજના, ડૉ જોષી વગેરે અનેક સનિષ્ઠ કાર્યકારોની ઝાંખી પણ અનાયાસ થાય છે. કેવી એ પ્રવૃત્તિની દુનિયા હતી. એ સૌના કાર્યને ગતિ અને દિશા આપનાર આ વિદ્યાપ્રતિષ્ઠાનને સર્જનાર અને તેનું જતન કરનાર સામાજિક ચેતનાને હું નમસ્કાર કરું છું.

મને હવે પ્રશ્ન થાય છે : સેવા અને નિષ્ઠાને વેચાતી આણી શકાશે ? એનું વજન કરી મૂલ અપાશે ? શિક્ષણના પ્રવાહોએ કેમ વહેવું એ શીખવી શકાશે ?

કેળવણીનાં ગૃહો હોય, પ્રાસાદો હોય, નગરો હોય, પણ કારખાનાં ન હોય–અમુક મર્યાદામાં સમાજે અર્થાત્ સરકારે અધ્યાપકના યોગક્ષેમનું વહન કરવું જ જોઈએ. શિક્ષકને સમાજમાં નીચી મડીએ કામ કરવું પડે યા લાચાર બનવું પડે એમ તો ન જ થવા દેવાય, પણ પછી તો શિક્ષકે જ પોતાની સૃષ્ટિ, કાર્યક્ષેત્ર, ધ્યેય, નીતિ–ગતિ નક્કી કરવી જોઇએ. સમાજને શું જોઇએ છે તે સમાજ શિક્ષક માટે નક્કી કરે તે કરતાં શિક્ષક સમાજને માટે શું આવશ્યક છે તે નક્કી કરે એ યોગ્ય છે. આ વિચાર પ્રાચીન છતાં સાચો છે. સરકારે અને યુનિવર્સિટીએ અમુક આદર્શોથી કામ કરતી વિદ્યાશાખાઓને મોકળાશ આપવી જોઈએ. યુનિવર્સિટીની ઉપાધિની છાપ કરતાં અધ્યાપકની છાપ વિશેષ મૂલ્યવાળી ગણાય એવું બૌદ્ધિક વાતાવરણ હોય. આ દૃષ્ટિએ મારી શ્રદ્ધા છે કે સાર્વજનિક સોસાયટીની, કિંવા આપણી કૉલેજની જે જન્મદાત્રી ભાવના છે તે મોળી નહિ પડે અને તે યોગ્ય પ્રેરણા અને પ્રોત્સાહન તથા સાર્વજનિક અનુમોદન અને સ્વાતંત્ર્ય પામી વધુ ઉન્નત થશે. શિક્ષક ધંધો નથી કરતો, સેવા કરે છે, એ ભાવ આપણા સામાજિક ભાવકોષમાં દૃઢ થાઓ.

નવો વળાંક

—શ્રી ધીરુભાઇ મણિભાઈ દેસાઈ

ચીખલીની રાષ્ટ્રીય શાળા તથા હાઇસ્કૂલ અને સુરતની જૈન તથા સાર્વજનિક હાઈસ્કૂલોમાં માધ્યમિક શિક્ષણ લઈને, જૂન, ૧૯૨૮માં હું એમ. ટી. બી. કૉલેજમાં દાખલ થયેલો. તે વખતે દક્ષિણ ગુજરાતમાં એ એક જ કૉલેજ હતી અને વિદ્યાર્થીઓમાં એને માટે સારું એવું આકર્ષણ હતું.

પ્રૉ. ધનંજયરાવ (ડી આર.) ગાડગીલ આચાર્ય અને પ્રૉ. વિષ્ણુપ્રસાદ ત્રિવેદી પ્રૉ. મોહનલાલ પાર્વતીશંકર દવે, પ્રૉ. કે. એસ. ત્રિવેદી, પ્રો. કાળિદાસ લ. દેસાઇ, પ્રૉ. જયેન્દ્રરાય ભ. દુરકાળ પ્રૉ. નિંબકર, પ્રૉ. ચંદ્રચૂડ, શ્રી પ્રદ્યુમ્નભાઈ પંડયા. વ. અધ્યાપકો હતા. તેમની વિદ્વત્તા, ચારિત્ર્ય, વ્યકિતત્ત્વ વ.ને લીધે તેમને માટે મારા મનમાં આદર ભાવ તેમ જ અહોભાવ હતો; જે પચાસ વર્ષો બાદ હજી જળવાઈ રહ્યો છે.

મૅટ્રિકના વર્ષમાં સાર્વજનિક હાઇસ્કૂલમાં હું હતો ત્યારે, તે વેળાના ડી. એસ. પી. શ્રી. બીલીમોરીઆના પુત્ર શ્રી ફિરોઝભાઈ એમ. ટી. બી. કૉલેજમાં હતા. તેમની સાથેની મૈત્રીને લીધે અવારનવાર કૉલેજમાં જવાનું થતું. તે વખતે પ્રૉ. ગજેન્દ્રરાય બૂચનાં લખાણો અને ભાષણોથી હું પ્રભાવિત થયેલો. તેમના "ગજેન્દ્ર મૌકિતકો"માંના કેટલાક વિચારો, વાકયો, કાવ્ય પંકિતઓ હજી યાદ છે. તેમનું અકાળ, દુ:ખદ અવસાન થતાં, હું કૉલેજમાં દાખલ થયો ત્યારે તેમનાં ભાષણો તથા પ્રત્યક્ષ સંપર્કનો લાભ મને નહોતો મળ્યો. તેનો રંજ મનમાં રહ્યો હતો.

તે સમયે બહાર ગામના મોટા ભાગના અનાવિલ વિદ્યાર્થીઓ 'અનાવિલ આશ્રમ'માં રહેતા. પરંતુ શ્રી ફિરોઝભાઇને લીધે હું કૉલેજના છાત્રાલયમાં રહેલો. આશ્રમમાં શ્રી. દયાળજી નાનુભાઈ દેસાઈ (જેમનો અગાઉથી પરિચય હતો) ને મળ્યો ત્યારે તેમણે પહેલો જ પ્રશ્ન એ પૂછ્યો કે, "તું આશ્રમમાં રહેવા કેમ નહિ આવ્યો? તારે ચા પીવા જોઇએ તેથી જ ને?

માધ્યમિક શિક્ષણના તબક્કા પછીથી કૉલેજના જીવનમાં પ્રમાણમાં ઘણું મુકત વાતાવરણ. તેમાં ય પ્રથમ વર્ષમાં વધુ હળવાશ. અભ્યાસમાં ગંભીરતા નિયમિતતા, પરિશ્રમ વ. ઓછાં. કૉલેજના તાસો પણ ઓછા. વળી આર્ટસનો વિભાગ. મને ટેનિસ, ટેબલ ટેનિસ (ત્યારે પિંગ પૉંગ શબ્દ પ્રચલિત હતો), ક્રિકેટ વ. રમતોનું ખાસ આકર્ષણ. હરવા ફરવાનું વિશેષ વલણ. બારડોલી સત્યાગ્રહને લીધે સરદાર વલ્લભભાઇ તથા અન્ય રાષ્ટ્રીય આગેવાનોની સુરતની મુલાકાતો, સરઘસો, સભાઓ શ્રી. દયાળજી નાનુભાઇ દેસાઈ, શ્રી કલ્યાણજીભાઈ વિ. મહેતા તથા અન્ય આગેવાનોનાં ડક્કા ઓવારા પરનાં ભાષણો વ.માં હાજરી; એ જ વર્ષે લગ્ન. આ બધાં કારણોને લીધે અભ્યાસની ઉપેક્ષા થયેલી.

શ્રી. હાટિયાની કૅપ્ટનશિપ નીચેની કૉલેજ ક્રિકેટ ટીમમાં મને સ્થાન મળેલું. કૉલેજના મુખપત્રમાં "મોતિયો" નામની મારી વાર્તા (પહેલી અને છેલ્લી) પ્રગટ થયેલી.

શ્રી. ઈશ્વરલાલ છો. દેસાઇ, ચંદ્રિકાબહેન દવે, શ્રી. સુરેશભાઈ દેસાઇ, શ્રી. હરિહરરાય આચાર્ય, શ્રી. ભૂપેન્દ્રભાઈ ત્રિવેદી, શ્રી. જયંતીલાલ ઉ. મહેતા વ. ત્યારે એમ. ટી. બી. કૉલેજમાં હતા.

રાત્રે છાત્રાલયની હરિયાળી પર મિત્રો સાથે વાતોચર્ચાઓની રાત્રિ બેઠક જામતી. સવારે ઊઠીને તુરત અને રાત્રે સૂતા પહેલાં ચા પીવાની ઇચ્છા થાય તેઓ મારા ઓરડામાં આવે એક વખતે બિલાડી દૂધ પી ગયેલી. નાનપુરા સાર્વજનિક હાઇસ્કૂલ પાસેના "અનાવિલ રેસ્ટોરાં"નો હું પરિચિત ગ્રાહક. દૂધ લેવા હું ત્યાં પહોંચ્યો. એના માલિક શ્રી. નરોત્તમભાઈ એ બારણું



એમ. ટી. બી. કૉલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થી, પ્રસિદ્ધ નાટ્ય-દિગ્દર્શક
અને અભિનેતા **શ્રી જશવંત ઠાકરનું** બહુમાન કરતા સાર્વ.
એજ્યુ. સોસાયટીના અધ્યક્ષ શ્રી **ડૉ. આર. કે. દેસાઈ.**



હીરક મહોત્સવની વાર્ષિક ઉજવણી પ્રસંગે **'સમૂહગીત'** રજૂ કરતી
એમ. ટી. બી. આર્ટ્સ કૉલેજની બહેનો



'તાનારીરી' નૃત્ય-નાટિકાનું એક દૃશ્ય

હીરક મહોત્સવની વાર્ષિક ઉજવણી પ્રસંગે રજૂ થયેલા રંજન કાર્યક્રમની એક ઝાંખી



'પૅરેલિસિસ' નાટકનું એક દૃશ્ય

તો ખોલ્યું; પણ કહ્યું કે, રાત્રે ૧૨-૦૦ થઇ ગયા હોવાથી હવે હું તમને દૂધ આપું તો મને દંડ થાય." પરંતુ મેં એમને કહ્યું કે, "તમને કાંઈ મુશ્કેલી નહિ થાય." તેથી તેમણે દૂધ આપ્યું અને અમે ચા તો પીધી, પણ બીજે દિવસે શ્રી. નરોત્તમભાઈએ જણાવ્યું કે, પોલિસે ફરિયાદ નોંધી છે. એટલે મેં પોલિસ ચોકી પર જઈને વિનંતી કરી કે, "એમનો દોષ નથી. એમણે તો ના જ પાડી હતી. માટે તમે મને સજા કરો." પોલિસ અધિકારીએ ફરિયાદ કાઢી નાંખી.

એક વાર ખાંડ ખલાસ થઈ ગયેલી. એટલે રાત્રે શ્રી ફિરોઝભાઈ બીલીમોરીઆને ઊંઘમાંથી ઉઠાડીને એમને વાતમાં રોકીને એમના રૂમમાંથી ખાંડ લઈને ચા પીધી.

એક વખત એક મિત્રના ડબ્બામાંની બધી મિઠાઇ અન્ય મિત્રોને વ્હેંચીને ડબ્બામાં પથરા ભરેલા.

તે વેળાના જાણીતા ક્રિકેટર, મારા મિત્ર શ્રી. ઇસૂફ-ભાઇ (ઇ. જી.) હાંસને ત્યાં રાંદેર અવારનવાર જવાનું થતું. એક વાર રાત્રે મોડું થવાથી તેમણે મને રાત્રે રોકાઈ જવા જણાવ્યું. રજા વિના રાત્રે ગેરહાજર રહેવા માટે ગૃહપતિ શ્રી. પ્રો. ચંદ્રચૂડે મને રૂા. ૧/-નો દંડ કર્યો. પરિસ્થિતિ સમજાવીને વિનંતિ કરવાથી તેમણે પાછળથી એ દંડ માફ કરેલો.

આવા મોજીલા જીવનને લીધે અભ્યાસ બરાબર ન થયો અને પરીક્ષા નજીક આવતાં બહુ ભારે **પસ્તાવો** થયો. ત્યારે એમ વિચાર્યું હતું કે, 'પરીક્ષામાં નપાસ થવાય તો પાછી ખાદી પહેરવી અને ચા છોડવી." જો કે પાસ થયો તો પણ ઉપરોક્ત નિર્ણય અમલમાં મૂક્યો. તે હજી સુધી ચાલુ રહ્યો છે વળી, એ પશ્ચાત્તાપથી મારા જીવન નવો વળાંક લીધો. રાષ્ટ્રીય શાળામાં વવાયેલાં બીજ પણ કોળ્યાં. તે વેળાના સંસ્કારો ફરીથી જાગૃત થયા. બારડોલી સત્યા ગ્રહમાં સક્રિય ભાગ નહોતો લેવાયો તેનો રંજ અને અસંતોષ ૧૯૩૦-'૩૧; ૧૯૩૨-'૩૪ અને ૧૯૪૨-'૪૩ની સ્વાતંત્ર્યની લડતોમાં ભાગ લેવાથી તથા જેલ વાસથી દૂર થયાં. ફર્ગ્યુસન કૉલેજ-પૂના તેમ જ વિલ્સન કૉલેજ, મુંબઈમાં મેરિટ સ્કૉલરશિપ અને એડિનબરો યુનિવર્સિટીમાં વિશિષ્ટ પારિતોષિક (સ્પેસિયલ પ્રાઇઝ) પ્રાપ્ત થતાં, આભ્યાસની ક્ષતિ પણ દૂર થયાનો સંતોષ આનંદ અનુભવ્યો.

સુરતની સાર્વજનિક હાઇસ્કૂલ અને એમ. ટી. બી. કૉલેજનો પ્રભાવ તથા આત્મીયતા મારા મનમાં છેલ્લાં પચાસ વર્ષથી સતત અને સુદૃઢપણે રહ્યાં છે. અધ્યાપકો પ્રત્યેનો અસ્ખલિત આદરભાવ અને મિત્રો સાથેનો અતૂટ મૈત્રી સંબંધ, ખૂબ આનંદ-ઉત્સાહમાં વીતેલા તે દિવસોનાં મધુર સંભારણાં મારા મનમાં કૃતજ્ઞતા-પૂર્વક સંગ્રહાયેલાં રહ્યાં છે. એમ. ટી. બી. કૉલેજે મારા જીવનને જે નવો વળાંક આપ્યો અને મારા જીવન ઘડતરમાં મહત્ત્વનો ભાગ ભજવ્યો તેનો, એના હીરક મહોત્સવના આ શુભ પ્રસંગે **હૃદયપૂર્વક ઋણ સ્વીકારીને, હાર્દિક અભિનંદન** પાઠવીને અને એના ઉત્તરોત્તર વિકાસ માટે **અંતઃકરણપૂર્વક પ્રાર્થના** કરીને હું કૃતકૃત્યતા તથા ધન્યતા અનુભવું છું.

કૃતજ્ઞનાં કેટલાંક સંભારણાં

ડૉ. જયન્ત પાઠક

આજથી ચાલીસેક વર્ષ ઉપર, ઈ. સ. ૧૯૩૮ના જૂન મહિનામાં એક મધરાતે ૧૮–૧૯ વર્ષનો એક છોકરો પહેલી જ વાર સૂરતના સ્ટેશને ઊતરે છે. સ્ટેશન સામેની ધર્મશાળામાં રાત ગાળીને બીજે દિવસે એ અઠવા લાઈન્સમાં એક વિશાળ લીલાછમ વિસ્તારમાં ઊભેલાં લાલ રંગનાં બે મકાનો જુએ છે. એ ગામડેથી આવ્યો છે, મેટ્રિકની પરીક્ષા પાસ કરીને આગળ ભણવા કૉલેજમાં દાખલ થવા આવ્યો છે એમાંના એક મકાનમાં આવેલા કૉલેજના કાર્યાલયમાં જઈને એ વિનયન શાખાના પહેલા વર્ષમાં દાખલ થવાનું પ્રવેશપત્ર ભરે છે. છોકરાને કૉલેજનાં મકાનો ભવ્ય લાગે છે. સાફસૂથરા વેશમાં ફરતા છોકરાઓ (છોકરીઓ ત્યારે થોડીક, સહેલાઈથી નજરે ન પડે એવી ને એટલી) ચબરાક ને હોંશિયાર લાગે છે; સ્વભાવથી શરમાળ એવા આ છોકરાને બધું મોટું મોટું, સારું સારું, ને કંઈક અડવું અડવું પણ લાગે છે.

પણ પછી એને કૉલેજનું વિદ્યાનું વાતાવરણ ગમવા માંડે છે. કદમાં ટૂંકા પણ લાંબાં ડગલાં ભરીને ચાલતા એમ. ટી. બી. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજના આચાર્યશ્રી એન. એમ. શાહને જોઈને એ પ્રભાવિત થાય છે. સાંભળે છે કે તેઓ ગણિતશાસ્ત્રના નિષ્ણાત, રેંગલર છે. વધારે પ્રભાવિત તો એ કદાચ એટલે થાય છે કે એનો પોતાનો ગજ ગણિતમાં કદી વાગ્યો નથી. પછી તો એ વર્ગો ભરે છે. શરમાળ છે એટલે બોલતો નથી, માત્ર સાંભળે છે. અંગ્રેજીમાં તડફડ બોલતા અધ્યાપકોનાં વ્યાખ્યાનોમાં વહેતા જ્ઞાનને પી જવા એ ઉત્કંઠ બને છે, ને વર્ગ અને ગ્રંથાલય વચ્ચેની એની આવજા વધતી જાય છે.

આરંભમાં આંખો ઠરે છે અંગ્રેજીના અધ્યાપકો ઉપર, પ્રો. વ્રજરાય દેસાઈ અને પ્રો. ગોદીવાળા ઉપર, પ્રો. વ્રજરાય દેસાઈ ધીમે ધીમે બોલે છે; અવાજ કંઈક કર્કશ, શૈલી સાદીસીધી રંગતરંગ વગરની; પણ વક્તવ્ય ચોક્કસ, સ્પષ્ટ, વિગતોથી ભરપૂર ને અધિકારના રણકાવાળું. મિલ્ટનના Paradise Lost ના ચોથા પુસ્તકની કેટલીય પંક્તિઓ એમની સાથે સાથે વાંચતાં મોઢે થઈ ગઈ તે આજેય મોઢે છે. પ્રો. ગોદીવાળા વિદ્યાર્થીઓના લાડીલા અધ્યાપક; ઊંચા, પાતળા ને ગૌર વર્ણના; સ્વભાવે સૌમ્ય, પૂરા અહિંસક પ્રકૃતિના; અવાજને ધાતુ સાથે સરખાવવો હોય તો એમનો અવાજ સોના જેવો નહિ, ચાંદી જેવો કહેવાય. વિષયમાં એમનો રસ એ બોલતા હોય ત્યારે હોઠના ખૂણા ઉપર ચમકતો દેખાય. સાહિત્ય ઉપરાંત સંગીત, ચિત્ર, ફોટો ગ્રાફી જેવી કળાઓમાં પણ એમને અઢળક રસ. વિલાયતમાં ભણતા હશે ત્યારે સ્કૉટલેંડના ડુંગરાઓ ખૂંદ્યા હશે. કૉલેજના મુખપત્ર 'સાર્વજનિકમ્' ના અંકમાં એનાં વર્ણનો વાંચી મુગ્ધ થઉં ને વતનના ડુંગરાઓની રખડપટ્ટી સંભારી લઉં. આરંભનાં એ વર્ષોમાં ગુજરાતી શ્રી વિજયરાય વૈદ્ય ભણાવતા. કાલેલની લાયબ્રેરીમાં કલાકો સુધી 'કૌમુદી'ના અંકોમાં આંખો પરોવી રાખનારે એ સામયિકના તંત્રીને મોઢામોઢ જોયાનો આનંદ માણ્યો. પાઠ્યપુસ્તકો એમણે ભણાવ્યાં, એમની પોતાની રીતે, પુસ્તકમાંથી વાંચે કે પછી પુસ્તક વિશે વિવેચન વાંચે ને લખાવે; પોતે વસ્તુઓછું કશું બોલે નહિ; બોલવા જાય તો એમના જ્ઞાનને એમનો અવાજ યારી કે ન્યાય ન આપે, વિદ્યાર્થીઓનું બોલવાનું વધી જાય, તેઓ રિસાય ને કયારેક વર્ગત્યાગ પણ કરે. પણ તેઓ મોટા વિદ્વાન છે, વિવેચક છે, સાહિત્યરણના ડગલું ભર્યું કે ના હઠનાર લડાકુ વિવેચક છે એવું જાણેલું ને એમનાં લખાણ કંઈક વાંચેલાં પણ ખરાં, એટલે આદર થાય. વળી સદ્‌ભાગ્ય એવું સાંપડ્યું કે એમની નજીક, અરે એક જ મકાનમાં રહેવાનું બન્યું; એટલે એમની માયામમતાનો અંગત અનુભવ થતાં આદર અનેકગણો વધ્યો. જાણ્યું કે એમની ઉપસ્થિતિથી, એમના નામથી કૉલેજનું નામ ઊજળું છે.

કાઠિયાવાડી ઢબનો ફેંટો, લાંબો કોટ, કપાળમાં

મોટો ચાંલ્લો ને જરા પહોળા પગની ડોલતી ચાલ એટલે પ્રો. કમળાશંકર સુન્દરલાલ ત્રિવેદી એ અમારા સંસ્કૃતના અધ્યાપક. ભણાવતાં ભણાવતાં, બોલતાં બોલતાં માથું પણ ડોલે. અંગ્રેજીમાં બોલે, પણ જાણે ગુજરાતી જ બોલતા હોય એવું લાગે. આરોહઅવરોહ, ભારવજન, લહેકાલઢણ બધું ગુજરાતીના જેવું જ. 'સ્વપ્ન-વાસવદત્તા' કે 'કાદંબરી' ભણાવતા હોય ત્યારે પાત્રોનો અભિનય પણ થોડોક કરી લે. એટલે તો અમારો એક સહપાઠી કહેતો કે સાહેબ બોલે નહિ તો પણ એમના અભિનયથી પાઠ સમજાઈ જાય! નિષ્ઠાપૂર્વક અશેષ ભણાવવાના એ આગ્રહી કશું ય રહી ના જાય.

ભણતર આગળ વધ્યું એટલે બે બીજા અધ્યાપકોનો પરિચય થયો. એક તે પ્રો. કે એલ. દેસાઈ અને બીજા તે પ્રો. વિષ્ણુપ્રસાદ ત્રિવેદી દેસાઈ સાહેબ કેમ્બ્રિજમાં ભણીને આવેલા; દેખાવે ને સ્વભાવે કડક ગણાય એવા. સરસ અંગ્રેજી ઝડપથી બોલે. શીખવવામાં એમને જીવંત રસ; આખોમાખો શિક્ષકનો જ જીવ. પૂરા રસથી શીખવે, આપણને રસમાં ખેંચી જાય. મુદ્દાસર કે ઓછું બોલવાનું તો એમને ગમે જ નહિ, ફાવે પણ નહિ. વાર્તાલાપીની શૈલીએ બોલે, અભિનેતાની અદાએ બોલે, વિષયની બહારનું ને અપ્રસ્તુત પણ વિદ્યાર્થીએ જાણવા જેવું ને એને રસ પડે એવું બોલે. વિલાયતમાં પોતે પ્રસિદ્ધ વિવેચક આર્થર ક્વિલર કૂચના વિદ્યાર્થી એ વાતનો ઉલ્લેખ પણ ક્વચિત્ આવે, મેથ્યુ આર્નલ્ડની કવિતા હોય કે શેક્સપિયરનું નાટક હોય, દેસાઈ સાહેબ વિદ્યાર્થીઓને એમાં ગરકાવ કરી દે. સફળ અધ્યાપકનાં બધાં લક્ષણો એમનામાં મોજુદ. એમના વક્તવ્યનું જેવું પ્રત્યાયન થતું એવું બીજા કોઈ અધ્યાપકનું ભાગ્યે જ થતું હશે. અંગત પરિચયમાં આવો તો તમને એમના રમૂજી સ્વભાવનો પરિચય જરૂર થાય, પણ વર્ગમાં ભણાવતી વખતે તો તેઓ High seriousness ને જ ભજવાના. ભણાવવામાં ખલેલ થાય તો તરત ખાટા થઈ જાય પછી તો એમના એ પુણ્યપ્રકોપમાં સામે બેઠેલા ભાવિ નાગરિકો વિશે અણગમો, દેશના ભાવિ વિશેની ચિંતા ને બોધના કેટલાક પાઠ – બધું મૂગા મૂગા વેઠવાનું. શિસ્તના ને શિષ્ટતાના ભારે આગ્રહી. કોઈ વિદ્યાર્થી વર્ગમાંથી નાસે તો એનો પીછો કરી દેસાઈસાહેબ એને પકડી જ લાવે. પાઠ્યપુસ્તકો ભણાવતાં ભણાવતાં, એમણે ભણેલા જીવનના પાઠ પણ આપણને ભણાવે, એવી રીતે કે આપણને તે ભણવા ગમે

બી એ. ના પહેલા વર્ષમાં આવ્યો ત્યારે જ પ્રો. વિષ્ણુપ્રસાદ ત્રિવેદીને પાસેથી જોવાનો અવસર મળ્યો. બાકી તો કૉલેજના કૅમ્પસમાં આવેલા એમના નિવાસસ્થાનેથી નીકળી કૉલેજમાં આવતા દૂરથી દેખ્યા હોય એ જ માથે સફેદ ફેંટો, લાંબો કોટ, પગમાં બૂટમોજાં ને ચોમાસેઉનાળે ઉઘાડી કે બંધ છત્રી દૂરથી એમનું દર્શન તે આવું. બી. એ. માં ગુજરાતી મુખ્ય વિષય તરીકે રાખ્યું એટલે વર્ગોમાં એમની સામે બેસવાનું થયું. કવિતા જેવું કંઈક ચીતરતો એટલે એમના ધ્યાનમાં હું છું એ હું જાણું, પણ શરમાળ સ્વભાવને લીધે કદી એમની પાસે ફરકું નહિ. વર્ગમાં પણ સામાન્ય રીતે છેલ્લી પાટલી ઉપર કોઈ ઊંચા વિદ્યાર્થીની આડશ લઈને બેસું. રખેને ત્રિવેદી સાહેબ મને ઊભો કરે ને મારી પાસે કંઈક વંચાવે એવો ડર. પણ એમના તરફનો પૂજ્યભાવ વધતો જ ગયો, વધતો જ જાય છે. એકલવ્યની જેમ એમનો પ્રત્યક્ષ સંગ સેવ્યા વગર હું એમનાં લખાણો ધ્યાનથી ને અહોભાવથી વાંચું. 'વિવેચના' તે અરસામાં પ્રગટ થયેલું તે આખું ને આખું અનેકવાર વાંચી ગયો છું. મનમાં થાય કે આવું મને કયારે આવડશે, કયારેય આવડશે ખરું? નાજુક તબિયત એટલે વર્ગો ઓછા લે, પણ લે ત્યારે એમના જ્ઞાનથી આપણા ચિત્તને પરિપ્લાવિત કરી દે. આવા જ્ઞાનામૃતભોજનથી જ આ પિંડ આજે થોડો ઘણોયે પુષ્ટ થયો છે એ હકીકત ભૂલી ભુલાય એવી નથી. અવાજ મંદ, પાતળો, પવનમાં ઊડી જાય એવો. એટલે તો એ વર્ગમાં આવતાં જ પંખો બંધ કરાવે, બારીઓ બંધ કરાવે. ધીમે ધીમે મુખમાંથી શબ્દો સરે–ઝગમગતાં સાચાં મોતી જેવા. એક અક્ષર પણ ચૂકવાનું મન ના થાય, ચૂકવાનું પાલવે પણ નહિ. સાહિત્યકલાનું સેવન માણસને આમ ચિત્તનાં અગાધ ઊંડાણોનો, જીવનના ઊંડા મર્મોનો જાણકાર બનાવી શકે એવી પ્રતીતિ તો એમને જોઈને જ થઈ. માણસની શકિતઓ અને મર્યાદાઓને પારખવાની, મર્યાદાઓનો તિરસ્કાર કરી શકિતઓનો પુરસ્કાર કરવાની એમનામાં અસાધારણ

સૂઝ અને ઉદારતા. આમ તો ભરતાને મેર્ય ન કહે એવા, પણ પોતાનાં વિચારણા, મંતવ્યો ને દર્શનમાં ચોક્કસ આગ્રહી, બુદ્ધિપૂતં સમાચરેત્‌માં દૃઢ શ્રદ્ધા ધરાવનારા. જેવા મહાન અધ્યાપક એવા જ, બલકે તેથી ય વધારે મહાન માણસ. બધું સારું નરસું જોવાજાણવાની વૃત્તિ, પણ કોઈ ખોટી ચીજ કદી ખપે નહિ એ તમને નભાવી લે તે જુદી વાત, બાકી તમે એમને છેતરી શકો એ વાતમાં માલ નથી. હજી આજે ય કૉલેજના સાન્નિધ્યમાં, એમના નિવાસસ્થાનમાં એમનો જ્ઞાનયજ્ઞ, વિષ્ણુયાગ ચાલે છે. સાચા બ્રાહ્મણ જેટલે આજે ય બ્રાહ્મણધર્મ–ભણવાનો ને ભણાવવાનો–આચરે છે. જે ત્યાં પહોંચે છે તેને તેઓ પ્રસન્નતાપૂર્વક પ્રસાદ ધરે છે; જે જાણવા માગે છે, પામવા માગે છે તેના તરફ તેઓ હમેશાં અઢળક ઢળે છે.

ચાલીસેક વર્ષ પહેલાંનો ૧૮–૧૯ ની ઉંમરનો એ છોકરો શૂદ્રમાંથી દ્વિજ થાય છે, આકાશમાં પોતાની નાનકડી પાંખોથી ઊડવાના પ્રયત્નો કરે છે ત્યારે ગુરુગણને કૃતજ્ઞતાપૂર્વક સંભારે છે.



કૉલેજનાં સંસ્મરણો

દિનેન્દ્રશંકર લા. પંડ્યા

સને ૧૯૧૮ માં એમ. ટી. બી. આર્ટ્સ કૉલેજની સ્થાપના થઈ અને સને ૧૯૨૧ ના જૂન માસમાં હું આ કૉલેજમાં એફ. વાય. આર્ટ્સ વર્ગમાં જોડાયો. સને ૧૯૨૧ માં આ કૉલેજના વિદ્યાર્થીઓનું સંખ્યાબળ ઘણું નાનું હતું. અમારા વર્ગમાં એક જ વિદ્યાર્થિની હતી જેનું નામ મિસ સોનુ જોશી. એફ. વાય. આર્ટ્સના બે વિભાગ—એક સંસ્કૃત વિભાગ અને બીજો ઉર્દૂ વિભાગ. ઉર્દૂ વિભાગમાં એક જ વિદ્યાર્થિની મિસ દસ્તુર.

હું દાખલ થયો ત્યારે કૉલેજના પ્રિન્સિપાલ શ્રી રાજવાડે હતા. તેઓ સંસ્કૃત અને અંગ્રેજી સાહિત્યના પ્રખર વિદ્વાન હતા. એમનાં ભાષણો સાંભળવાં એ જિંદગીનો એક લ્હાવો ગણાતો. સર્વે વિદ્યાર્થીઓને એમને માટે પૂજ્યભાવ હતો.

રાજવાડે સાહેબ કોઈ પણ આંખે દેખી શકતા ન હતા. તેથી હું એમને 'પ્રજ્ઞાચક્ષુ' ગણીને વંદન કરતો. એમનો 'પીરીયડ' હોય ત્યારે એક વિદ્યાર્થી એમને વર્ગમાં આંગળી ઝાલીને દોરી લાવતો. વર્ગમાં વિદ્યાર્થી પાસે એક વાક્ય વંચાવે અને તેના ઉપર રાજવાડે સાહેબ ૧૫ મિનિટ વ્યાખ્યાન આપે. આજે ૫૫ વરસે એ પ્રસંગ યાદ કરતાં હૃદય પુલકિત થઇ જાય છે! શું રાજવાડે સાહેબની વિદ્વત્તા! રસ્કિનનું "સીસેમ અને લીલીઝ" અમને શીખવતા તે વખતનાં એમનાં વાક્યો આજે યાદ આવતાં નયનમાંથી અશ્રુ સરી પડે છે! આવા પ્રિન્સિપાલ અને આવા ગુરુ મેળવવા અમે ભાગ્યશાળી થયા હતા! "આચાર્યદેવો ભવ" એ શાસ્ત્રવાક્ય તદ્દન સત્ય છે. એ રાજવાડે સાહેબને આજે પણ લાખ્ખો વાર વંદન કરું છું.

ચાર વર્ષનાં સંસ્મરણો તો અનેક છે પણ આજે ૫૫ વરસે કેટલું યાદ રહે! અને આ ૭૫ વરસની ઉંમરે કેટલું લખાય! આર્ટ્સ કૉલેજના "સેંટ્રલ હોલ"માં તે વખતે બેડમિંગ્ટન કૉર્ટ હતી અને ત્યાં બેડમિંગ્ટન ટૂર્નામેન્ટ થતી તેમાં એક શ્રી ડમરી નામના વિદ્યાર્થી ચેમ્પીઅન બનતા.

તે વખતની કૉલેજમાં વિદ્યાર્થીઓ એકંદરે શાંત સ્વભાવના હતા. અલબત્ત કોઈ કોઈ તો તોફાની હોય જ. આખી કૉલેજમાં વિદ્યાર્થિનીઓ માત્ર બે કે ત્રણ જ હતી એટલે તોફાન મસ્તીને સ્થાન નહોતું.

તે વખતની કૉલેજમાં પ્રોફેસરો તરીકે મુખ્ય સ્વ. સાક્ષર શ્રી મોહનલાલ દ્વવે, સ્વ. સાક્ષર શ્રી જયેન્દ્રરાય દૂરકાળ, શ્રી કે. બેલ દેસાઈ અને સાક્ષર શ્રી વિષ્ણુ-પ્રસાદ ત્રિવેદી હતા તથા તે ઉપરાંત શ્રી કે. બેસ. ત્રિવેદી હતા. આ સર્વેના અધ્યાપનનો લાભ મને મળ્યો હતો અને સર્વે પ્રખર વિદ્વાન ગણાતા.

એક પ્રસંગ ઉલ્લેખનીય છે, દર વર્ષે કૉલેજનું સ્નેહસંમેલન થતું. તેમાં એક "ઓલ ટેલન્ટ્સ કલબ" નામનું થોડાક વિદ્યાર્થીઓનું જૂથ હતું જે સામાન્ય રીતે ચૂંટણીમાં જીતી જતું અને સંમેલન ઇત્યાદિ ગોઠવતું. સને ૧૯૨૪માં જ્યારે હું જુનિયર બી. એ.માં હતો ત્યારે એક ગણપત દેસાઈ નામના વિદ્યાર્થીએ આ કલબને ચૂંટણીમાં પડકાર કર્યો અને ગણપત દેસાઇનું જૂથ ચૂંટણીમાં ઓલ ટેલન્ટ્સ કલબને હરાવીને જીતી ગયું. ઓલ ટેલન્ટ્સ કલબમાં ખરેખરા કલાકારો હતા જેનાં નામોનો ઉલ્લેખ કરવો ઉચિત નથી. ગણપત દેસાઈના જૂથમાં ખાસ કલાકાર કોઈ નહિ. હું કોઈ ચૂંટણીમાં ઊભો રહેતો નહિ તેમજ કોઈ જૂથનો પક્ષ લેતો નહિ. મારું ચિત્ત માત્ર અભ્યાસમાં, જેને પરિણામે હું ઈંટર આર્ટ્સ તથા બી. એ. માં આખી કૉલેજમાં પ્રથમ નંબરે ઉત્તીર્ણ થયેલો અને કૉલેજમાં જોડાયો અને કૉલેજ છોડી ત્યાં સુધી ચાર વર્ષ મને સ્કોલરશીપ મળેલી. ગણપત દેસાઈ એ મારો સંપર્ક સાધ્યો. મને નાનપણથી સાહિત્ય, સંગીત અને કલા પ્રતિ અત્યંત અભિરુચિ. નાટક, સંગીત અને સાહિત્ય મારા પ્રિય વિષયો તે ગણપત દેસાઈ જાણે. તેણે મને કહ્યું: આ વખતે આપણે વાર્ષિક સ્નેહસંમેલન

એવું ગોઠવીએ કે ન ભૂતો ન ભવિષ્યતિ. માટે તું સંગીત મદદ કર. ઘણી આનાકાની સાથે મારી પાસે ગણપત દેસાઈએ કબૂલ કરાવ્યું. ચોકબજારના એક મુસ્લીમ પાસેથી તે સંગીતની ૧૩ તરજો લઈ આવ્યો, મેં દિલરૂબા ઉપર તે તરજો બેસાડી અને સાત વિદ્યાર્થીઓને જુદાં જુદાં વાજીંત્રો સાથે તૈયાર કર્યા. એક મહિના સુધી હોસ્ટેલમાં રોજ સાંજે ત્રણ કલાક પ્રેકટીસ કરાવતો. તે ઉપરાંત થોડાંક નાટકોનાં દૃશ્યો તૈયાર કર્યાં. શ્રી કનૈયાલાલ મુનશીના 'પાટણની પ્રભુતા'માંથી જાણીતું 'મામા ભાણેજ'નું મુંજાલ અને ત્રિભુવનનું દૃશ્ય તૈયાર કર્યું જેમાં મુંજાલનું પાત્ર મેં ભજવેલું તથા શ્રી મગનલાલ દેસાઈએ ત્રિભુવનનું પાત્ર ભજવેલું. ત્રણ કલાક ભરચક કાર્યક્રમ અમે રજૂ કર્યો અને અત્યંત વખણાયો. કાર્યક્રમ બાદ અત્યંત સુંદર પાર્ટી હતી. અમે કાર્યક્રમમાં રોકાયેલા એટલે છેલ્લા હોલમાં પાર્ટી રાખેલી ત્યાં જતાં જરા મોડું થયું એટલે અમે કાર્યક્રમો ત્યાં પહોંચ્યા ત્યારે બધી વાનગી સાફ. કહેવત છે કે 'રાંધનારને ધૂમાડો' એ તદ્દન સત્ય છે. આજે એ પ્રસંગ યાદ કરતાં હાસ્યની છોળો પ્રગટે છે.

સને ૧૯૨૫માં આ કૉલેજ છોડી તે વખતે રાજવાડે સાહેબ નિવૃત્ત થયા અને શ્રી એન. એમ. શાહ પ્રિન્સિપાલ નિમાયલા. આ છે મારાં કેટલાંક યાદ રહેલાં સંસ્મરણો. અંતમાં જે કૉલેજમાં મારું જીવન ઘડાયું અને જે પ્રોફેસરોએ એ ઘડતરમાં અગત્યનો ભાગ ભજવ્યો તે કૉલેજને તથા પ્રોફેસરોને યાદ કરી આજે નમ્રભાવે વંદન કરું છું અને આચાર્ય શિરોમણિ શ્રી રાજવાડે સાહેબ (એઓ અત્યારે હયાત નથી) ને અત્યંત વિનમ્રભાવે લાખોવાર, અશ્રુભીની આંખે, વંદન કરું છું.'



એમ. ટી. બી.—અદ્યતન ગુજરાતી અવેતન નાટકની અદ્દની પ્રયોગશાળા

—હકૂમતરાય દેસાઈ

આપણા દેશમાં બધી જ પ્રાદેશિક ભાષામાં જે કંઈ નાટ્યસાહિત્ય છે, તેનું શિક્ષણ કવિતા, નવલકથા કે નિબંધ જેવા અન્ય સાહિત્યસ્વરૂપોની માફક જ શાળા-કૉલેજોમાં અપાય છે, નાટ્યસાહિત્યનું નિતાન્ત સાહિત્યિક અધ્યયન જ જો રહે, અને રંગભૂમિ સાથે એને કશો જ સંબંધ ના રહે તો કોઈ કાળે પણ રંગભૂમિ પ્રાણવાન નહિ બને. રંગભૂમિના વિકાસ માટેનાં નવાં મૂલ્યો સ્થાપવાનું અને સમાજમાં ચાલતી રંગભૂમિની વિકૃત પ્રવૃત્તિઓને નાથવાનું ઉદાત્ત કાર્ય કરી, રંગદેવતાનો મહિમા જાળવી એની આરાધના કરતા સાચા કલાકારો પેદા કરવાની 'વિશ્વવિદ્યાલયો'ની ફરજ છે.

નાટકનું વાસ્તવિક રૂપ અને અસ્તિત્વ રંગશાળામાં છે, પુસ્તકાલયમાં કે વર્ગશિક્ષણમાં નહિ એ પાયાના સત્યનો સ્વીકાર આપણે કરવો જ રહ્યો. માત્ર નાટકનું પઠન કરવામાં જ નાટ્યકૃતિની સાર્થકતા નથી. નાટક એટલે જ કવિકર્મને નટકર્મ દ્વારા નખશિખ પ્રેક્ષકોને પહોંચાડવાની પ્રક્રિયા. આ પ્રક્રિયા દરમ્યાન કવિકર્મના થતા જુદા જુદા સંસ્કારોનું જ્ઞાન પ્રાપ્ત કરાવવું એનું નામ જ નાટ્યશિક્ષણ. નાટકનું અધ્યયન શુદ્ધ સાહિત્ય સ્વરૂપમાં પણ થઈ શકે. શુદ્ધ સાહિત્ય તરીકે નાટ્યકૃતિમાં આપણે સમાજ અને યુગના આદર્શો, સંઘર્ષો કે રાષ્ટ્રના ઇતિહાસતંતુઓ આદિ શોધી શકીએ, પણ નાટકનો સાચો ને સર્વાંગી અભ્યાસ રંગશાળામાં જ થઈ શકે. રંગશાળામાં થતું નાટકનું સર્વાંગી અધ્યયન જ વધુ ફલદાયી અને વાસ્તવિક હોય છે એ. વાત આપણે સ્પષ્ટપણે સમજી લેવી જોઈએ કે નાટકનાં સંપૂર્ણ પ્રભાવ અને વ્યાપક કળાઅનુભૂતિ માટે વિવિધ પ્રકારના સાહિત્ય-વ્યતિરિક્ત તત્ત્વો પર નિર્ભર રહેવું પડે છે. આ તત્ત્વો છે, રંગસજ્જાવટ, વેશભૂષા, દિગ્દર્શન અને રંગમંચ વ્યવસ્થા.

આપણે ત્યાં નાટ્યસાહિત્યનું અધ્યયન રંગશાળાની બહાર, શાળા-મહાશાળાઓના વર્ગોમાં અને પુસ્તકાલયમાં સ્થિર અને બદ્ધ થઈ ગયું છે. આ સ્થિતિમાંથી એને મુક્ત નહિ કરાય અને નાટ્યસાહિત્યનો અભ્યાસ 'યુનિવર્સિટી થિયેટર' સમી પ્રવૃત્તિઓ મારફત નહિ કરાવાય, તો આપણી રંગભૂમિ અને નાટ્યલેખન પ્રવૃત્તિના—ભાવિ વિકાસની કોઈ આશા જણાતી નથી. એટલું જ નહિ બલ્કે આપણી રંગભૂમિ પર નાટ્યકલાનાં ખોટાં મૂલ્યોની ઓલબાલા વધી જશે. નાટ્યકલાની પ્રવૃત્તિ એ સામાજિક ઉત્થાન માટેની સાંસ્કૃતિક પ્રવૃત્તિ છે. આવી સાંસ્કૃતિક પ્રવૃત્તિનો દોર કૉલેજો અને વિશ્વવિદ્યાલયોને બદલે નાટ્યકલા સાથે અડપલાં કરનારા વર્ગના હાથમાં જશે તો આપણી રંગભૂમિ આપણા દેશની સંસ્કૃતિની પારાશીશી ન રહેતાં વિકૃતિની પારાશીશી બની જશે.

આ જાતના ભયથી ગુજરાતી રંગભૂમિને બચાવવા અને કૉલેજોનાં વાર્ષિક સંમેલનો નાટ્યકલાના સમુચિત વિકાસ માટેની પ્રયોગશાળા બની રહે તેવી સભાનતા મ. ઠા. બા. કૉલેજમાં અમારા વિદ્યાર્થીકાળ દરમ્યાન હતી. પ્રત્યેક કૉલેજ પાસે કે વિશ્વવિદ્યાલય પાસે "પ્રાયોગિક થિયેટર તથા વર્કશોપ" હોવું જોઈએ અને રંગભૂમિ દ્વારા જ નાટ્યશિક્ષણ અપાવું જોઈએ એવા હાર્વર્ડ યુનિ.ના 'યુનિવર્સિટી થિયેટર'ના જનક પ્રો. બેકરના જેવો આગ્રહ રાખનારા પ્રો. હીરાલાલ ગોદીવાલા તેમજ ડૉ. રમણભાઈ પટેલે મ. ઠા. બા. કૉલેજના વાર્ષિક સ્નેહમિલન વખતે થતા નાટ્યપ્રયોગોને નાટ્યશિક્ષણ માટેની 'વર્કશોપ' જેવું જ રૂપ આપીને ઘણા કલાકારોને નાટ્યકલા પ્રત્યે મમતા જગાડવાનું સ્તુત્ય કાર્ય કર્યું હતું. ઘણા પ્રયોગાત્મક નાટ્યપ્રયોગો અને એ પ્રયોગોને સફળ બનાવનારા કલાકારોનાં નામ સ્મૃતિમાં સળવળે છે. પણ રસના તો કટકા જ હોય. કૂંડાં નહિ; તેથી મ. ઠા. બા. કૉલેજની સાંસ્કૃતિક પ્રવૃત્તિના પ્રતીકરૂપ રંગભૂમિ કેવી હતી તેની ઝાંખી 'સાર્વજનિકન'ના અંકોના અમારા સૌના સન્માનનીય

ગુરુ અને મૂર્ધન્ય વિવેચક શ્રી. વિષ્ણુપ્રસાદ ત્રિવેદીના અગ્ર લેખોની નોંધોમાંથી જ કરીએ.

૧૯૩૬ ની જ સાલ. કનૈયાલાલ મુનશીના જ અતિથિવિશેષપદે 'કાકાની શશી'નો પ્રયોગ. ગુજરાતી ભાષાના આ અમારા પ્રાધ્યાપક આંજી નાખે તેવા અંગ્રેજીમાં નોંધ લખતા. એમણે લખ્યું કે :

The theatricals took place on the night of 23rd. Mr. Munshi's own play–કાકાની શશી–was staged. The chief roles were skilfully played. Prof. Jyotindra Dave had taken a role for which, by his figure, by his rich sense of humour, we are tempted to say almost by his looks, he was eminently fitted, and sent the audience into roars of laughter... Mr R. R. Marshall, himself having taken the chief role in a short play written by him. He has considerable wit, a rich fancy and an eye for dramatic situation. Some people, however, felt that his language was somewhat free in places ...Vulgarity is often not without but within and prudery is often implacable. The whole programme in our opinion was very successful. "

શ્રી. કુંજ મહેતા ને શ્રી. ભીમભાઈ દેસાઈના મંત્રીપદે ગુજરાતી સાહિત્ય મંડળે ૧૯૪૧ની સાલમાં તે વખતની રંગભૂમિ કેવી પ્રયોગશીલ હતી તેનો ખ્યાલ 'રસદર્શન'ની વાનગી જ આપી જાય છે. સ્વ. દ્વિજેન્દ્રનાથ રોયના 'શાહજહાં'ના કેટલાક પ્રવેશો, શ્રીમતી હંસાબેન મહેતાની 'અપાત્રે પૂજા' એ નાટિકા ઉપરાંત સાહિત્યની અદાલતમાં ગાંધીજી' (લે. શ્રી. ભીમભાઈ દેસાઈ) અને ભાઈ હસમુખ શાહ અને નવીન વ્યાસ રચિત 'સાહિત્ય–નારાયણની કથા' એ આકર્ષક પ્રયોગો આજેયે ભુલાયા નથી. આ પ્રયોગ અંગે પૂ. શ્રી. વિષ્ણુભાઈ એ લખ્યું :

"The programme of theatricals and music, in the selection and practice of which the Mandal had Prof. Godiwala's guidance, was presented on 21st Dec 1941. It revealed a fresh aesthetic approach, attempting to combine pleasure and purity of taste. It was receieved so well that our amateur friends were encouraged to present it again in Jan. 1942 for the benefit of the 'Manasi', a quarterly edited by our colleague Prof. Vijayarai Vaidya."

આમ મ. ડા. બા. રંગભૂમિ ગુજરાતી રંગભૂમિને અનન્ય પ્રદાન કરતી હતી. બલ્કે એ રંગભૂમિનાં મૂલ્યો, સમાજને અને ખાસ કરીને તો અવેતન રંગભૂમિને ચેપ લગાડતાં. પણ આજે તો 'ઊલ્ટી ગંગા' વહે છે. આ જ કૉલેજની રંગભૂમિ પર કવિ નાનાલાલનાં નાટકોના પ્રયોગો થયા છે. 'ઇન્દુકુમાર'નો પ્રવેશ ૧લો, 'પંચવટીને પુણ્યતીર્થ', 'શાહાનશાહ અકબરશાહ'નો કેટલોક ભાગ અને 'ભગવજ્જુકીયમ્'નો કેટલોક ભાગ વગેરે નાટ્યપ્રયોગો કરાવતાં કરાવતાં મારા જેવા ઘણાને નાટ્યશિક્ષણ આપવામાં પ્રો. ગોદીવાળા ને પ્રો. રમણભાઈનો નાનો-સૂનો ફાળો નથી.

આવા બધા પ્રયોગોની સફળતા જોયા પછી પૂ. વિષ્ણુભાઈ ત્રિવેદીએ લખ્યું :

From all these functions and especially from those organised by Gujarati Sahitya Mandal and the College Zoroastrian Association the inescapable fact emerged that Surat possesses great potential talent for the dramatic art. With little or no guidance our young men and women prepared pieces and garbas. For the first time in the College (in

1944) women students appeared and shone in 'mixed acting. The Gujarati Mandal proved that with proper setting and appropriate effect of colour and music, the best of Nanalal could succeed on the stage. The Parsi students demonstrated that from farce and horse-play they could rise to high comedy.

We think there should be a central organization in Surat, like one that was started a couple of years back and is defunct now, to mobilise this talent and give it proper direction. The elite of Surat have a responsibility in this matter for we feel that with growing desire in the youth of self-expression and no right conception of art or training in it, public taste is boundto deteriorate. We are convinced, for instance, the garba, for want of a clear artistic aim, has of late become cheap and vulgar commodity ..... We have repeatedly said that there is ample talent in our very midst for the future Gujarati Theatre, if we could employ it on right lines.

૧૯૪૪ની સાલમાં લખાયેલ પ્રો. વિષ્ણુપ્રસાદ ત્રિવેદીનું ઉપરોક્ત વિધાન, ૧૯૭૯ની સાલમાં જ્યારે આપણે ગુજરાતી રંગભૂમિની સવાસો વર્ષની ઉજવણી કરી રહ્યા છીએ ત્યારે પણ કેટલું બધું અર્થપૂર્ણ બની રહે છે? 'A decadent age encourages talent, exploits it and ruins it.' એ શ્રી હરિક બેન્ટલેનું વિધાન આજની આપણી રંગભૂમિને અક્ષરશઃ લાગુ પાડી શકાય તેમ છે. રંગભૂમિક્ષેત્ર નાટ્યકલાનાં સાચાં મૂલ્યોનો જ વિકાસ થાય તે જોવાનું કામ ચાલીસીમાં મ. ઠા. બા. કૉલેજની રંગભૂમિ કરતી હતી. આજે આ કાર્ય કરવાની ફરજ કૉલેજો કરતાં વિશ્વવિદ્યાલયોની વધુ છે. અમેરિકાની યુનિવર્સિટીઓની માફક 'પ્રાયોગિક થિયેટર' તથા 'વર્કશોપ' આપી દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી 'યુનિવર્સિટી થિયેટર' જેવાં આંદોલનનો પાયો નાખવા માટે પહેલ કરશે ખરી?

એમ. ટી. બી.
અને
મારા ગૌરવવંતા ગુરુઓ

— રમેશ ઓઝા

સાહિત્ય માટે જ્યારથી રુચિ કેળવાવા લાગી ત્યારથી, એટલે કે કિશોરવયથી સાહિત્યકારોના સંદર્ભમાં સૂરતનું નામ વારંવાર વાંચવા–સાંભળવા મળતું. એટલે નર્મદની, નંદશંકરની, નવલરામ–દુર્ગારામની, ચંચી, જ્યોતીન્દ્ર–ધનુભાઈની આ સૂરત નગરી પ્રત્યે મનમાં આકર્ષણ હતું. ૧૯૫૬ ના જૂનમાં એ જ નગરની અંદર આવેલી એમ. ટી. બી. કૉલેજના વિદ્યાર્થી બનવાનું પ્રાપ્ત થવું એ મારે માટે માત્ર આકસ્મિક સુયોગ જ હતો.

અહીં આવતાં પહેલાં એમ પણ સાંભળેલું કે એમ. ટી. બી. કૉલેજમાં શ્રી વિષ્ણુપ્રસાદ ર. ત્રિવેદી અને શ્રી જયન્ત પાઠક અધ્યાપકો છે. ૧૯૫૬ ના જૂનમાં કૉલેજનું સત્ર આરંભાયું તે પૂર્વે કવિ જયન્ત પાઠકનો સામાન્ય પરિચય થઇ ગયેલો. કૉલેજ આરંભાયા પછી વિષ્ણુપ્રસાદ ત્રિવેદીને જોવાની ઇચ્છા પ્રબળ હતી. પણ સ્વભાવ સંકોચશીલ, સ્થળ અજાણ્યું એટલે કોઈને પૂછવાની તો હિંમત હતી નહિ કે જતા આવતા અધ્યાપકોમાં પેલા વિવેચકવર્ય કોણ? કૉલેજભવનના જે ભાગમાં અધ્યાપકો બેસતા તે તો નવાગંતુકો માટે લગભગ નિષિદ્ધ સીમા (forbidden territory) ગણાય. તે તરફના દાદર પરથી પુરુષ વિદ્યાર્થીઓ ચડઉતર પણ ન કરી શકે તેવો ત્યારનો નિયમ અને પ્રથમ વર્ષમાં વિષ્ણુપ્રસાદ તો ભણાવે નહિ. એ કક્ષાના વિદ્યાર્થીને સાહિત્ય અંગેની એવી કોઈ જટિલ સમસ્યા તો કયાંથી હોય કે આવા મોટા વિવેચકને પૂછવા જવું પડે? અને કદાચ કંઈ સાહિત્યપ્રશ્ન હોય તો વિષ્ણુપ્રસાદના વછેરા જેવા જયન્ત પાઠક અને કુંજવિહારી મહેતા પ્રત્યક્ષ શિક્ષકો તરીકે હતા જ. ફર્સ્ટ ઈયર અને ઇન્ટર આર્ટ્સ સુધી તો આ બે અધ્યાપકો જ ગુજરાતી શીખવતા. બી. એ. માં આવતાં વિષય પસંદગીની દૃષ્ટિએ મારો માર્ગ ફંટાયો. આમ ૧૯૬૦ માં એમ. એ. માં ગૌણ વિષય તરીકે ગુજરાતી ભણવાનું પસંદ કર્યું ત્યારે નિવૃત્ત થઈને માનદ્ અધ્યાપક તરીકે કામ કરતા મુ. ત્રિવેદી સાહેબ પાસે પ્રત્યક્ષ અધ્યયનનો લાભ મળેલો.

એમ. ટી. બી.માં મારું પ્રથમ સત્ર લગભગ અજાણ્યા માણસ તરીકે વીત્યું. એ દરમ્યાન કવિ જયન્ત પાઠકનો પરિચય થોડોક વધ્યો. કુંજવિહારી મહેતા સાહેબની બીક લાગતી બંધ થઈ અને છતાં એ બેમાંથી કોઈ પણ મુરબ્બીની વધુ નજીક જવાનું સાહસ ન કેળવાયું. એમ કરવા જેટલી મારી સાહિત્યિક સજ્જતા પણ ન હતી.

એક દિવસ યાદ રહી ગયો છે. અમારો તાસ પૂરો કરીને જયન્તભાઈ વર્ગ બહાર નીકળ્યા. રૂમ નં. ૧૦ પાસેથી દાદર ચડતા હતા ત્યાં હું પણ ઝડપથી એમની પાછળ પહોંચી ગયો. દાદરની અધવચના ભાગે એમને ઊભા રાખી એક કવિતા લખેલી તે કાગળ એમના હાથમાં સરકાવી દીધો. કવિતાના ક્ષેત્રે કયાં જયન્ત પાઠક અને કયાં હું ? એટલે ગાંગા તેલી જેવો ધાંધો થતો થતો, કંઈક ગડબડિયું સમજાવીને ત્યાંથી ઝડપથી જતો રહ્યો. પણ પાઠક સાહેબ સુજ્ઞ જન. સમજી ગયા હશે કે બીજા અનેક કરે છે તેમ મેં પણ એમને પેલી કવિતા સુધારવા–મઠારવા આપી હતી. થોડાક દિવસ પછી એ કૃતિ મઠારીને પાછી આપતાં એમણે જે બે–ત્રણ પ્રશ્નો પૂછેલા તેને માટે મારી કંઈ તૈયારી હતી નહિ, છતાં જેમતેમ જવાબો આપતાં મારા પર શી વીતી હશે તે હું જ જાણું. આ ઘટનાનું પરિણામ એ આવ્યું કે તે વર્ષે બીજા સત્રમાં યોજાયેલી કાવ્ય-સ્પર્ધામાં પાઠક સાહેબે મઠારી આપેલી પેલી કૃતિ પ્રથમ પારિતોષિકને પાત્ર ઠરી. એનો યશ કોને કેટલો તે

મહત્ત્વનું નથી. પણ તે પછી મારી હિંમત થોડીક વધી એ લાભ મને થયો. થોડાક સાહિત્યપ્રેમી સહાધ્યાયી-ઓનો એ મિષે પરિચય કેળવવાનું બન્યું અને એક અજાણ્યા જણ હોવાની મારા મનની ગ્રંથિ થોડીક શિથિલ થઈ.

ટ્યૂટોરિયલ પદ્ધતિની નોબતો ત્યારે નહોતી વાગતી અને છતાં અમારા ઘણા મહેનતુ શિક્ષકો અમને સ્વાધ્યાયમાં પ્રેરવાનું ચૂકતા નહિ. મને યાદ છે ડૉ. આર. આઈ. પટેલ, મહેતા સાહેબ, વિમળાબેન નવલકર, વ્રજરાય દેસાઈ કે. એલ. દેસાઇ સાહેબ, જે. ટી. પરીખ સાહેબ, અરવિન્દભાઈ દેસાઇ, બી ટી. પરમાર સાહેબ, સી. બી. ઠાકર સાહેબ–આ બધાએ વખતોવખત અમારી પાસે ઘણો બધો સ્વાધ્યાય કરાવેલો. ત્રિવેદી સાહેબનું વ્યાખ્યાન માત્ર વ્યાખ્યાન ન રહેતાં વિદ્યાર્થી–શિક્ષક–વચ્ચેના સંવાદનું રૂપ પણ ધારણ કરે અને આમ વિદ્યાર્થી શિક્ષણની પ્રક્રિયામાં involve (અનુપ્રવિષ્ટ થાય). પ્રથમ વર્ષમાં 'કલાપિ' ભણાવતાં ભણાવતાં પ્રા. કુંજવિહારી મહેતાએ વિદ્યાર્થીઓમાં આરંભથી જ સ્વાધ્યાય પ્રવૃત્તિ વિકસે એ હેતુથી વિદ્યાર્થીઓ પાસે વિષયસંબંધી લેખો લખાવીને વર્ગ સમક્ષ વંચાવવાનો ઉપક્રમ યોજેલો. હિમતનું જે થોડુંક ભાથું બંધાયેલું તેના જોરે એ પ્રવૃત્તિમાં પણ ઝંપલાવ્યું. આને પરિણામે મહેતા સાહેબ જેવા કડક ગણાતા ને જણાતા અધ્યાપકના પેલા કુસુમાદપિ કોમલ સ્વભાવઅંશનો પરિચય પામ-વાની શરૂઆત થઈ. મારા સમકાલીનોમાં કુંજવિહારી મહેતા વિષે કડકાઈની જે છાપ હતી તેને વિષે હું એટલું સમજ્યો છું કે એ એમનું વ્યાવસાયિક કવચ હતું–આજે પણ છે. મહેતા સાહેબ સાથે ત્યાર પછી તો વિદ્યાર્થી-કાળ દરમ્યાન અને ત્યાર પછી અતૂટ અને નિકટ પરિચય રહ્યો છે. એમના ઋજુ, સહૃદય, સ્વભાવનો વધુ ને વધુ પરિચય પામવા મળ્યો છે. સહાનુભૂતિની, સમભાવની, મમતાની મને જે જે સમયે ઉત્કટ જરૂર પડી છે ત્યારે એમણે એ પૂરી પાડી છે. આજે એ આચાર્ય છે, હું એમના હાથ નીચે કર્મચારી છું. અંગત સંબંધોમાં એ મને મિત્ર તરીકે ઓળખાવે છે તે એમની મોટાઈને ઔદાર્ય, પણ મેં એમને હમેશ મારા મુરબ્બી અને મોટાભાઇ જેવા માન્યા છે. વિદ્યાર્થી તરીકેની મારી કેળવણી ઉપરાંત ઘણી ઘણી રીતે મને કેળવવામાં એમણે રસ લીધો છે અને મને કૃતજ્ઞ કર્યો છે.

જેમને પોતે ભણાવતા ન હોય તેમના વિષે પણ વિષ્ણુપ્રસાદ ત્રિવેદી જેવા મુરબ્બી જાણકારી તો રાખતા જ રહેતા હશે એમ વર્ષને અંતે જાણવા મળ્યું. ફર્સ્ટ ઇયરની પરીક્ષામાં પ્રથમ વર્ગમાં કોઈ પુરુષ વિદ્યાર્થી આવે એવી ઘટના કંઇક વર્ષો પછી મારા સંબંધે બની. મને પોતાને એવી આશા ન હતી. જાણીને આનંદ પામ્યો. એ આનંદના નશામાં જ, કદાચ, કૉલેજના ઉદ્યાનની હરિયાળી પર બેઠો હતો ત્યારે માથે સાફો, લાંબો ડગલો અને હાથમાં છત્રી ધારણ કરેલા એક મુરબ્બી 'ઓઝા તમે જ કે?' એવો પ્રશ્ન પૂછતા મારી તરફ આવ્યા. ઊભો થઈ ગયો. એમણે બીજા બેચાર પ્રશ્નો પૂછ્યા અને શાબાશી આપતા જતા રહ્યા. પાછળથી જાણ્યું કે એ જ વિષ્ણુપ્રસાદ ત્રિવેદી. એમનો પ્રથમ પરિચય આટલો મમતાભર્યો હોવો એ મારે માટે ધન્ય ક્ષણ હતી. એ લાગણીથી આજે પણ પ્લાવિત થવાનું સૌભાગ્ય મળે છે. 'મૈત્રી' નામનું આદર્શ સોસાયટીનું એ શાંત ઘર મારા જેવા ઘણાને માટે એક સાહિત્યતીર્થ બન્યું છે. ખબર તો એવી રાખે કે ઘરનાં એકેએક માણસ વિષે જ્યારે મળીએ ત્યારે પૂછે જ.

કે. એલ. દેસાઈ સાહેબ ત્યારે આચાર્ય. બી.એ. માં આવતાં એમનો શિક્ષક તરીકેનો પરિચય થયો. ફરજિયાત અંગ્રેજીના વર્ગમાં દેસાઇ સાહેબ શેક્સપિયરનું કોઈ નાટક ભણાવતા હોય ત્યારે એમના રણકતા, શુદ્ધ અને ઉચિત સ્વરભાર યુકત નાટ્યવાચનથી હું પ્રભાવિત થયો છું. નાટકને એ માત્ર ભણાવે જ નહિ, ભજવે પણ ખરા. આને કારણે નાટકનું પ્રત્યાયન અધિક અસરકારક થાય. જે શિક્ષક વિષયમાં ઓતપ્રોત ન થઈ શકે તે આમ ન કરી શકે. દેસાઇ સાહેબ શેક્સપિયરમય થઈ જઈને ભણાવે. એમાં કોઈ ટીખળી વિદ્યાર્થી વિક્ષેપ પાડે તો તે સહન ન કરી શકે. જાણે એમનો સમાધિભંગ થાય. અને સમાધિભંગ થાય તો શિવજીની માફક ત્રીજું નેત્ર વિસ્ફરિત થાય જ. એમનો એ પ્રકોપ પણ અમે જોયો છે. કોઈ વિદ્યાર્થી આવું ટીખળ કરીને

ભાગી જાય તો તેની પાછળ પણ દેસાઈ સાહેબ દોડે એવું બને. સાહિત્યમાં જ્યાં બધાનો રસ, રુચિ અને યોગ્યતા સમાન કક્ષાનાં ન હોય ત્યાં આવા વિક્ષેપો કયારેક ઉદ્‌ભવે, દેસાઈ સાહેબની સમાધિ તૂટે, અમારી રસક્ષતિ થાય અને વિષયાન્તર કરીને દેસાઈ સાહેબ આપણા સંસ્કાર જીવન વિષે આક્રોષપૂર્ણ વ્યાખ્યાન આપવા મંડી પડે ત્યારે અમે એમની વ્યથા–વેદનાની સાથે સમરસતા પણ અનુભવી છે. એંસીની ઉંમરે રોગગ્રસ્ત શરીરે પણ દેસાઈ સાહેબ અણનમ (હજી એઓ એવા જ ટટાર ચાલે છે એ અર્થમાં પણ) છે, અવાજનો ટંકાર જરાય મંદ પડયો નથી, સામાજિક સ્વાસ્થ્યની ચિંતા એવી જ તીવ્ર અને સાથે જીવન પ્રત્યેનો ઉત્સાહ પણ એવો જ સભર, સ્વસ્થ. હું એમનો વિદ્યાર્થી છું એ વાતનું મને ઘણું ગૌરવ છે.

સાહિત્યરુચિ નાનપણથી કેળવાઈ હતી એટલે કૉલેજમાં દાખલ થયો ત્યારે ગુજરાતી સાહિત્યનો સારો એવો પરિચય થઈ ગયો હતો. થોડોક સંસ્કૃત કાવ્યો નાટકોનો પણ રસ માણેલો. અને પછી કવિતા લખવાનો પણ નાદ થોડો વખત લાગ્યો એટલે બી. એ માં વિષય પસંદગી વિષે મનમાં ગુજરાતી–સંસ્કૃત નિશ્ચિત થઈ ચૂકેલા. અધ્યયનનાં પુસ્તકો, સંદર્ભગ્રંથો રજાઓ દરમ્યાન વાંચી જવાનો ક્રમ રાખેલો. તદનુસાર કૉલેજના ગ્રંથાલયમાં બેઠો વાંચતો હતો. એક બપોરે ડૉ. આર. આઈ. પટેલ સાહેબ મારી પાસે આવ્યા અને વિષય પસંદગી સંબંધે પૂછયું. મેં કહ્યું ગુજરાતી સંસ્કૃત. ગુજરાતી સાહિત્યમાં મારી થોડીક સજ્જતા હતી તે પટેલ સાહેબ જાણે. અંગ્રેજી વાંચું તો એક નવું સાહિત્ય ભણવા મળે અને ગુજરાતી સાહિત્યને સમજવા પણ એક યોગ્ય પરિપ્રેક્ષ્ય સાંપડે એ વાત એમણે મારી સાથે એકાદ કલાકની ચર્ચાને અંતે મારે ગળે ઉતારી. અંગ્રેજી સાહિત્ય તો તે પહેલાં વાંચેલું નહિ. પાંખું શબ્દભંડોળ, અધકચરું વ્યાકરણ, ઈન્ટરમાં ઓછા માર્ક અને છતાં પટેલ સાહેબના માર્ગદર્શનથી અંગ્રેજી ભણવાનો નિર્ણય કર્યો. શિક્ષકો તો સારા હતા જ. માર્ગદર્શન માટે તત્પર. હું એમને લાયક વિદ્યાર્થી બની શકું તો સારું એ જ ચિંતા પછી તો સેવી બહુ મુંઝાયો, ઘણી સમસ્યાઓ નડી, વિશ્વાસ પણ ડગી ગયો. પણ જ્યારે જરૂર પડે ત્યારે પટેલ સાહેબને સ્થળ–કાળનો વિચાર કર્યા વિના મળી શકાય. કૉલેજના મકાનની ગૅલેરી, એનો ઉદ્યાન, એના ત્યારના ધૂળિયા રસ્તાઓ. ડેપ્યુટી સદનનું પટેલ સાહેબનું ઘર – એ અમારાં extra–mrural વ્યાખ્યાનોનાં સ્થળો. આમ પટેલ સાહેબ સર્વજ્ઞાનસંગ્રહ જેવા. પણ વર્ગમાં ભણાવે ત્યારે કયારે ય વિષયાન્તર ન કરે. તાસની એક એક મિનિટ નવું શીખવવામાં જ ખર્ચે અને શીખનાર જાણે અનાયાસ બધું આત્મસાત્ કરતો જાય. શિક્ષણના શાસ્ત્ર કે કળાનો આવો વિરલ વિનયોગ વર્ગશિક્ષણમાં કરનારા શિક્ષક મેં માત્ર બે જ જોયા છે. વેલ્સ યુનિવર્સિટીમાં ભણતાં ડૉ. વિનને સાંભળતો ત્યારે પટેલ સાહેબ અચૂક યાદ આવતા. પટેલ સાહેબમાં મેં મારા પૂરતો પિતૃભાવ આરોપ્યો છે. એમની પાસે અંગ્રેજી તો શીખ્યો જ છું પણ તે ઉપરાંત જીવનને જોતાં–જીવતાં–જીરવતાં પણ શીખ્યો છું.

બી. એ. તો થયો. અંગ્રેજી સાથે બીજો વર્ગ લાવનાર કૉલેજમાં હું એકલો, પણ અંગ્રેજી બોલતાં તો આવડે નહિ. બે વરસ પછી એમ એ પણ થવાશે. અધ્યાપકનો વ્યવસાય કરવાનો મનસૂબો સેવેલો. વર્ગમાં બે વાકયો તો જેમ તેમ બોલી લેવાશે, પણ ત્રીજા વાકયે કરીશું શું? ત્યારે અને આજે પણ સૂરત જેવા શહેરમાં અંગ્રેજીમાં વાતચીત કરવાની તકો ભાગ્યે જ મળે. કોઈ પણ ભાષા બોલીએ તેમ તેમ તે બોલતાં આવડે, સાંભળીએ તેમ તે સાંભળીને સમજવાનો મહાવરો વધે એવો ભાષાશિક્ષણનો સિદ્ધાંત તો મોડો શીખ્યો. પણ મારી સમસ્યા તો ૧૯૬૦ માં મારી સામે હતી. દેસાઈ સાહેબ–પટેલ સાહેબથી સંકોચ એવો પામું કે બોટું અંગ્રેજી બોલાઈ જવાની બીકે જરા પણ અંગ્રેજી બોલવાનું સાહસ જ ન થાય. ત્યારે વિમળાબહેન નવલકર જેવાં માયાળુ, હસમુખાં અધ્યાપિકાની સાથે જેવું તેવું અંગ્રેજી બોલવામાં વાંધો નહિ એમ માનીને આરંભ કરેલો. એઓ મરાઠી એમને ગુજરાતી આવડે છે એ વાતથી ત્યારે અમે અજાણ તે સારું થયું. એમની સાથે અંગ્રેજી જ બોલવું પડે એવી અનિવાર્યતાને લીધે પણ ટેવ પડી. રૂડા પ્રતાપ એમના કે એમણે શુદ્ધ અજ્ઞાનમાંથી નીપજતી ભૂલો પ્રત્યે આંખ આડા કાન કરીને અમારો

ઉત્સાહ ટકવા દીધો. ૧૯૬૨ ના જૂનમાં, આને પરિણામે જયેન્દ્રપુરી કૉલેજના ફર્સ્ટ ઈયર–ઈન્ટરના વિદ્યાર્થીઓની નજરે હું સાવ નાલાયક ન ઠર્યો

સદા ગંભીર, નજીક જવાનું સાહસ ન થાય એવા સંસ્કૃતના પ્રોફેસર જે. ટી. પરીખે સંસ્કૃત સાહિત્ય પ્રત્યે વધુ રસ જાગે તે રીતે અમને શીખવ્યું. 'સભાપર્વ' 'વિક્રમોર્વશીયમ્' જેવી કૃતિઓ એમણે રસપૂર્વક શીખવી. એમને અમે હસતાં ભાગ્યે જ જોયા હતા. વિદૂષકને વિષે પણ વાત કરતા હોય તો પરીખ સાહેબ ગંભીર જ હોય. પુસ્તકમાં કયાંય સ્ત્રી–પુરુષ સંબંધોનો અછડતો ઉલ્લેખ પણ આવે તો એ ભાગ વાંચવાનો જતો કરે. અન્યથા વિષયની માવજત તલસ્પર્શી અને સર્વગ્રાહી. ફરજિયાત વિષય તરીકે સંસ્કૃત ભણનારા ભાષાંતર ગોખીને પાસ થવાની ખ્વાએશ રાખનારા માટે પરીખ સાહેબનો વર્ગ નીરસ નીવડે. પણ જો સંસ્કૃત સાહિત્યનો રસ હોય તો એ દરેક રીતે મદદ કરવા તત્પર.

પ્રો. વી. એમ. દેસાઈ સાહેબ ફર્સ્ટ ઈયરથી અંગ્રેજી ભણાવવા આવે. અંગ્રેજી કાવ્યોમાંની સ્મરણીય પંક્તિઓ વાતવાતમાં બોલે, પાટિયા પર લખે અને એનું રસદર્શન પણ કરાવે. એવા જ એક પ્રસંગે મનમાં અંગ્રેજી સાહિત્ય ભણવાનો મનસૂબો ઉભરાયો અને શમી ગયો એવું યાદ છે. એ ઈચ્છાને પાછળથી ડૉ. પટેલ સાહેબે સંકોરી એ જુદી વાત વી એમ. દેસાઈ ઝીણવટવાળા. અંગ્રેજી ઉપરાંત ગુજરાતી-સંસ્કૃતના પણ વિદ્વાન એટલે તુલનાત્મક અધ્યયનની તકો એમની મારફત કયારેક સાંપડે. પણ એમના ઉત્સાહને અને જ્ઞાનને એમનો અવાજ યારી ન આપે. ફરજિયાત અંગ્રેજીના વર્ગોમાં છોકરાઓ એમને જરા પણ દાદ ન દે અને છોકરાઓની પજવણીને દેસાઈ સાહેબ જરા પણ દાદ ન દે એમ ચાલ્યા કરતું. એમના ભૂતકાલીન કડપ–પ્રભાવ વિષે જે સાંભળેલું તે દંતકથા જેવું લાગતું. 'ખંડહરસે પતા ચલતા હૈ કિ ઈમારત કૈસી હોગી, એ કહેતી એમને વિષે બોટી પડતી લાગે. એમનો નિકટ પરિચય બહુ ન કેળવી શક્યો, પણ એક નખશિખ સજ્જન, ચોકસાઈવાળા બહુશ્રુત વિદ્વાન તરીકે એમની મારા મન પર છાપ પડી છે,

એમ. ટી. બી.એ મારો કાયાકલ્પ કર્યો એમાં ઘણા બધા શિક્ષકોનો પ્રત્યક્ષ–પરોક્ષ ફાળો રહ્યો જ છે. મારા જીવનનાં થોડાંક ખરાબમાં ખરાબ વર્ષો દરમ્યાન મારા તૂટતા બળને ટકાવી રાખવામાં જે જે શિક્ષકોએ પ્રત્યક્ષ યોગદાન કર્યું તેમનું ગુણસંકીર્તન કરીને એમને નમસ્કાર કરું છું.



Dr. P. C. Vaidya is a leading educationist. At present he is holding the office of the Vice- Chancellor of the Gujarat University. The views he expressed in the symosium on Accountability of Higher Education are reproduced here in fall. **(Editors)**

Accountability of Higher Education

Dr. P. C. Vaidya

1. What is the Problem ?

1. 1. A society develops the educational system it needs. This seems to be the natural way of evolution of an educational system. Whatever be the nature of the society (underdeveloped, developing or developed) one can always determine the minimal need of the society leading to, what we call in our set–up, elementary or primary education compulsory for all children of a definite age–group. One can also visualise an optimal need leading to what we have termed secondary education and special needs of the society get reflected in higher education. This appears to me to be the natural way of defining and distinguishing between primary, secondary and higher education. In the following I shall try to draw some conclusions based on the above definitions.

1. 2. In the developed countries of the west the educational system has evolved more or less in consonance with the needs of the society. As the society developed, its special cultural, economic and scientific needs increased and to meet these needs, a matching development of higher education was called for. This process continued over the years leading to an overall balance between the needs of the society and the output of higher education. As a matter of fact in this natural process a socially in-built mechanism develops whereby higher education adjusts itself to the nees of the society and vice versa. In such a situation (which prevails to a large extent in developed countries) the problem of accountability of higher education does not assume a proportion that would warrant specific discussion.

1 3. Now the above mentioned process of evolving higher education in step with the development of the society is a slow process In case of reawakened nations (in the sense of education we may not use the adjective 'developing' !) however, one cannot wait for the operation of this slow process of nature. As a matter of fact specific efforts are made (in terms of 5–year plans, for example),

to accelerate the economic development of the society. Similarly specific efforts are made to accelerate the development of higher education. Since both the processes of accelerated development are artificially simulated, the socially in-built mechanism present in natural evolution is absent and no conscious countrywide effort seems to have been made to evolve such a balancing mechanism. The result is that the society develops at one rate and the higher education seems to be developing at a different rate in a different direction. Hence this problem of accountability in higher education

1.4 Coming to the specific conditions prevailing in our country, there is an additional factor which adds to the above effect. The entire system of formal education was imposed on the society from above with a purpose which had, of course, nothing to do with its accountability to the society. Though, over the years efforts have been made to effect changes and adjust ments in the externally imposed educational structure to the needs of a reawakened nation, in case of higher education these changes have not been very marked and development of higher education essentially means increase in the number of institutions of higher learning all fitting into the pattern superimposed on the society long back! This circumstance makes the problem of accountability all the more acute.

2. How to solve it.

2.1. The superimposed pattern of higher learning is essentially the pattern of affiliating universities. Teaching is done in colleges and the students get degrees from universities. With proleferation of colleges, the effective control of the university through the process of affiliating has almost vanished! Since the students ultimately get the stamp (degree) from the university the society holds the university responsible for the standards whereas the actual teaching is done in the colleges. Thus each college does not feel itself accountable for the education it imparts. As a sense of accountability would lead to continuous effort to improve the working of an institution this lack of sense of accountability has contributed to a large extent to the noticeable fall in standards of colleges these days.

A way out would be to create a situation in which a student will be placed before the society as the end product, not only of a particular university but mainly as a student of a particular college. This would ultimately imply autonomy for colleges. A way to make colleges accountable to society would therefore lie in evolving an affiliating university

as a federation of autonomous colleges.

2.2. But mere confirmation of autonomy would not be of much help, because one can always argue our universities ars supposed to be autonomous and yet the problem of accountability is very much there! As a matter of fact a direct application of our earlier analysis would imply that the solution would lie in the autonomous university or the autonomous college giving some thought to matching of the education imparted to some specific special needs of the society.

One peculiar feature of the superimposed pattern of higher education that we have inherited is its intense conservatism. In our country educational innovations have been tried out (successfully or unsuccessfully) to a large extent in the field of primary education, to some extent in the field of secondary education, but to a negligible extent in higher education. We may have 120 or more universities in the country but most of them can be described as repetitive model of the 3 universities imposed on the society from above about 125 years ago!

In order to induce a sense of accountability in higher education, it is necessary that our autonomy is used to evolve educational innovations based on special needs of the society. An atmosphere of creativity in the field of higher education should be generated. The teachers and educationists of the universities and colleges should, for a while, step out of their ivory-tower institutions of higher learning and look upon higher education as a part of social work, as a branch of social science.

Since most 'higher education' is being imparted in colleges, the autonomy to colleges with this sense of reorientation of goals and priorities of higher education in terms of fulfilling special needs of the society would be one way of providing a solution to the problem of accountability.



'ઉચ્ચ શિક્ષણનું ઉત્તરદાયિત્વ' વિષય પર યોજાયેલા પરિસંવાદમાં ભાગ લઈ રહેલા (ડાબી બાજુએથી) કુ. પ્રિ. હેમલતાબેન કાજી, પ્રિ. કુંજવિહારી મહેતા, પ્રિ. યશવન્તભાઈ શુકલ, શ્રી વી. વી. ગાંધી, પ્રિ. એ. આર. દેસાઈ, ડૉ. પી. સી. વૈદ્ય, ડૉ. બી. એ. પરીખ, પ્રિ. પુરુષોત્તમ માવળંકર (પ્રવચન કરતા).



'શેતાનસિંહ' નાટકનું એક દૃશ્ય



'કાળરાત્રિના શ્યામ સિતારા' નાટકનાં બે ભાવવાહી દૃશ્યો.

ઊંચો રક્તદબાવ અને હૃદયરોગો

(એમ. ટી. બી. કૉલેજના હીરક મહોત્સવની ઊજવણીના અંગરૂપે તારીખ ૭મી મેને દિવસે 'ઊંચો રક્તદબાવ અને હૃદયરોગો' ઉપર યોજાયેલા પરિસંવાદનું મહત્ત્વ લોકશિક્ષણના કાર્યક્રમરૂપે ઘણું હતું. આંતરરાષ્ટ્રિય આરોગ્યસંસ્થાનું ૧૯૭૮ના વર્ષનું સૂત્ર Down with High Blood Pressure હતું. તેના અનુસંધાનમાં આ કાર્યક્રમનું વિશેષ મહત્ત્વ રહ્યું. પરિસંવાદમાં ભાગ લેનાર વક્તાઓ શહેરના નામાંકિત તબીબો ડૉ. આર. કે. દેસાઈ, ડૉ. ગિરીશ કાઝી, ડૉ. રમેશ શાહ અને ડૉ. નગીનભાઈ પટેલ હતા.) (સં.)

'ડાઉન વિથ બ્લડપ્રેશર – લોહીના ઊંચા દબાણને નાબૂદ કરો' એ સૂત્ર ૧૯૭૮ના વર્ષ માટેનું વિશ્વઆરોગ્ય સંસ્થાનું ધ્યેયસૂત્ર છે અને દુનિયાભરમાં આ રોગ વિષે લોકમાનસને જાગૃત કરવું, એનાં કારણ–નિવારણ અને ઉપચારની સમજ આપવી અને એ રીતે આપણા જમાનામાં અતિ સામાન્ય થઈ પડેલા આ વિશિષ્ટ રોગને નાથવો એવા હેતુથી પ્રેરાઈને એમ. ટી. બી. કૉલેજે પોતાના હીરક મહોત્સવના ભાગરૂપે નગરપતિ શ્રી નવીનચંદ્ર ભરતિયાના પ્રમુખપદે રવિવાર તા. ૭મીએ પરિસંવાદ યોજ્યો જેમાં શહેરના વિદ્વાન તબીબો સર્વશ્રી આર. કે. દેસાઈ, ગિરીશભાઈ કાઝી, રમેશભાઈ શાહ અને નગીનભાઈ પટેલે આ રોગનાં વિવિધ પાસાંઓ વિષે ઘણી લોકોપયોગી માહિતી લોકભોગ્ય શૈલીમાં પૂરી પાડી અને અનેક વ્યક્તિઓને મૂંઝવતા પ્રશ્નોના માર્ગદર્શક ઉત્તરો આપ્યા.

પ્રારંભે આચાર્ય કે. સી. મહેતાએ કૉલેજની હીરકજયંતી પ્રસંગે શિક્ષણ અને બહુજનસમાજ વચ્ચે વૈચારિક–બૌદ્ધિક સેતુ વધુ સારી રીતે સ્થપાય એ માટે લોકશિક્ષણના આવા કાર્યક્રમોનું ઔચિત્ય સમજાવીને સૌ નાગરિકોને આવકાર આપ્યો હતો.

પરિસંવાદના પ્રથમ વક્તા ડૉ. આર. કે. દેસાઈએ મનુષ્યના શરીરની રચનામાં હૃદયનું સ્થાન, તેનું મહત્ત્વ, એની અદ્‌ભુત કામગીરી અને આ કામગીરી વિના વિઘ્ને ચાલતી રહે તે માટે હૃદયને ખુદને રક્તપોષણ કેટલું જરૂરી છે તેની માહિતી આપતાં કહ્યું કે હૃદય બૅંકના મૅનેજર જેવું છે જે શરીર આખાની વધતીઓછી લોહીની જરૂરિયાતને સતત કાર્યશીલ રહીને પૂરી પાડે છે. પરંતુ જેમ બૅંકનો મૅનેજર બૅંકનાં બધાં નાણાંનો માલિક નથી પણ માત્ર પોતાના પગાર પર જ નિર્ભર હોય છે તેમ હૃદય પણ જે ગેલનબંધી લોહીનું પરિભ્રમણ ચાલુ રાખે છે તેનો પોતા માટે ઉપયોગ કરવાને અધિકારી નથી. એને તો કૉરોનરી આર્ટરી મારફતે મળતા રક્તની માત્રા પર જ આધાર રાખવાનો હોય છે. આ આર્ટરીઓમાં વહેતું લોહી કોઈ પણ કારણે ઓછું થાય તો હૃદયની પ્રક્રિયા પોતે જ થંભી જાય અને મૃત્યુ નીપજે. હૃદયને પોષણ પહોંચાડતી આ આર્ટરીનું ઉંમર વધવાથી, લોહીમાં ચરબી વધી જવાથી કે અન્ય કોઈ પણ કારણે સંકોચન થઈ જાય તો માણસ લોહીના ઊંચા દબાણનો ભોગ બને છે અને પછી એની આડપેદાશોરૂપે લકવો, કિડનીના રોગો, હૃદયરોગ કે એવા બીજા રોગો પણ માણસના ઉપર ત્રાટકતા હોય છે. આર્ટરીનું સંકોચન ખાનપાન, સ્વભાવગત લક્ષણો કે વારસાગત લક્ષણોથી પણ પ્રભાવિત થાય અને જ્યારે ઊંચું દબાણ વારસાગત હોય ત્યારે તો માણસ લગભગ એનો ભોગ બનવાનો જ એવું નિશ્ચિત હોય છે. પરંતુ એના નિવારણ માટેના ઉપાયો લેવામાં આવે તો બચવાના **મૂંઝોગો** ઊજળા હોય છે.

ડૉ. નગીનભાઈ પટેલે ઊંચા દબાણનાં કારણો અને લક્ષણોની સમજ આપતાં કહ્યું કે આ રોગ શરીરમાં છૂપી રીતે લાંબો વખત સુધી સ્થાન કરીને રહી શકે છે કારણ કે એનાં પ્રાથમિક ચિહ્નો જેવાં કે માથું દુખવું, ચક્કર આવવાં, હાંફ ચડવી વગેરેને રોગી બહુ ગંભીરતાપૂર્વક લક્ષમાં લેતો નથી. એમણે સામાન્ય રીતે પરિચિત નહિ એવાં અનેક લક્ષણો ઊંચા દબાણનાં નિર્દેશક હોઈ શકે એમ કહીને ડૉકટર નિદાન કરતી વખતે કઈ કઈ જાતનાં ચિહ્નોને આ રોગના નિર્દેશકો ગણે તેની વિશદ અને વિદ્વત્તાપૂર્વક છણાવટ કરી હતી. તેમજ કેટલાક રોગો જેવા કે દમ, સંધિવા માટે લેવાની દવાઓ, સંતતિનિયમનની ગોળીઓ, નાકમાં મૂકવાનાં ટીપાં વગેરે દબાણમાં કારણભૂત બની શકે તેમ જણાવ્યું હતું અને એની ચિકિત્સા યોગ્ય રીતે અને વખતે કરવા પર ભાર મૂકયો હતો.

ડૉ. રમેશ શાહે પોતાના પ્રવચનમાં બ્લડપ્રેશર અને તેમાંથી ઘણી વાર જન્મતા હૃદયરોગ જેવા રોગને કેમ પારખી શકાય તે વિષય પર વૈજ્ઞાનિક પણ લોકભોગ્ય માહિતી આપતાં જણાવ્યું કે ઊંચું દબાણ એ ઘણી વાર પોતે રોગ ન હોઈ રોગનું લક્ષણ જ હોય છે, તો ઘણી વાર એ પોતે જ રોગ હોય છે. આવું લક્ષણ ધરાવનાર વ્યક્તિને હૃદયરોગની શકયતા હોઈ શકે એમ જણાવી એમણે એ વાત પર પણ ભાર મૂકયો કે અમુક લક્ષણથી અમુક રોગ થઈ જ જશે એમ વિચારીને માણસે બોટો ગભરાટ પણ ન કરવો જોઈએ. ઘણી વાર ગભરાટ–ચિન્તા–અજંપો એ બધાં જ ઊંચું દબાણ જન્માવતાં હોય છે. હૃદયરોગની જુદી જુદી ચેતવણીસૂચક સંજ્ઞાઓનો નિર્દેશ આપી એમણે એ રોગની તીવ્રતા પ્રમાણે ભેદો પાડીને જણાવ્યું કે આ બધાં લક્ષણો પરથી સમયસર યોગ્ય નિદાન કરવા માટે દરેક જણે સારા, સમજદાર, સમભાવી તબીબની સેવા મેળવી જ લેવી જોઈએ.

ડૉ. ગિરીશભાઈ કાઝીએ રોગ અને તેના ઉપચાર પૂર્વે એ થાય નહિ એ માટે નિવારણમૂલક પગલાં શું લેવાં જોઈએ એ વિષયની સમજ આપતાં જણાવ્યું કે આપણા ખાનપાનની કેટલીક ટેવો જ એવી છે કે ઊંચા દબાણ માટે કારણભૂત હોઈ શકે, અથવા તો એવી પ્રકૃતિવાળામાં એ રોગને વહેલો પ્રકટ કરે. વધુ પડતા ચરબીવાળા, ખાંડવાળા પદાર્થો, વધુ પડતું મીઠું ખાવું વગેરે વસ્તુઓ તો તરત નિવારી શકાય. તદ્દન મીઠું ન ખાવું એ એક આત્યંતિક સ્થિતિ છે અને એમ કરવું ઠીક નહિ પણ તળેલાં, મસાલેદાર ફરસાણો તજી શકાય. ઓછું કોલસ્ટોરલ ધરાવતાં તેલ વાપરી શકાય. શાકમાં ઓછું તેલ–મીઠું નાખી શકાય. બીજું આજકાલ ફેશનના નામે માવો નામે ઓળખાતી સુગંધી તમાકુ ખાવાની ટેવ યુવકસમાજમાં વ્યાપક બની છે તે બાબત ઘેરી ચિંતાની લાગણી વ્યક્ત કરીને વડીલોએ, યુવાનોએ આ બદીથી ચેતવા જેવું છે એમ એમણે કહ્યું. બેઠાડુ જીવન, હરફર ઓછી કરવી અને એમ મેદવૃદ્ધિ થવા દેવી એટલે ઊંચું દબાણ નોતરવા જેવું છે. આવા માણસોને એમણે ચાલવાની, ટેનિસ જેવી રમતની, તરવાની અને કંઈ નહિ તો અઠવાડિયે ત્રણ દિવસ ઘરના દાદર ઝડપથી દસેક વાર ચડઊતર કરવાની સલાહ આપી. આજના ઝડપી અને સ્પર્ધામય જીવનમાં અતિ મહત્ત્વાકાંક્ષી, અસંતોષી, ચીડિયા જીવને પણ ઊંચું દબાણ જલદી થઈ શકે એમ કહીને એમણે આપણા જીવનની તરેહ અને એની ઝડપ ઘટાડવા પર ભાર મૂકયો હતો.

સભાને અંતે શ્રોતાઓના પ્રશ્નોના દરેક તબીબે સરળ રોચક શૈલીમાં ઉત્તરો આપ્યા હતા.

મેયર શ્રી ભરતિયાએ આવા પ્રકારના કાર્યક્રમો વધુ અને વારંવાર યોજાય તો લોકો સ્વાસ્થ્યના વિષય પરત્વે વધુ જાગ્રત બને એવી લાગણી પોતાના પ્રવચન દરમ્યાન વ્યક્ત કરી હતી.

સભાને અંતે ડૉ. બી. એ. પરીખે આભારવિધિ કર્યો હતો અને મેયરશ્રીના હસ્તે વક્તાઓને પુષ્પોપહાર થયો હતો.

(લોકશિક્ષણાત્મક પરિસંવાદોની શૃંખલામાં તા. ૧૮ મી જુન ૧૯૭૮ ના દિને **દક્ષિણ ગુજરાતમાં રોજગારીની તકો** એ વિષય પર ડૉ. આર. આઈ પટેલના પ્રમુખપદે પરિસંવાદ યોજવામાં આવ્યો. આમાં શ્રી. અરુણ જરીવાળા, ડૉ. ગોડબોલે, ડૉ. રજનીકાંત ગાંધી તેમ જ શ્રી. પરીખ જેવા વિવિધ રોજગારીક્ષેત્રના નિષ્ણાતોએ જે માહિતીપ્રદ વક્તવ્યો રજૂ કર્યાં તેનો સારાંશ અત્રેઆપ્યો છે.—સં.)

એમ. ટી. બી. કૉલેજ હીરક મહોત્સવ નિમિત્તે લોકશિક્ષણ માટે યોજાનારા પરિસંવાદોની શ્રેણીમાં બીજો પરિસંવાદ રવિવાર તારીખ ૧૮મી જૂને **દક્ષિણ ગુજરાતમાં રોજગારીની તકોના** વિષય ઉપર યોજવામાં આવ્યો હતો.

ઔદ્યોગિક ક્ષેત્રે હરણફાળ ભરતા દક્ષિણ ગુજરાતના આ પ્રદેશમાં એક બાજુ શિક્ષિત બેકારોની સંખ્યા વધતી જાય છે, જ્યારે બીજી તરફ વિવિધ ઉદ્યોગોમાં જરૂરી વિશિષ્ટ તાલીમી અને કૌશલ્યયુક્ત માણસોની ભારે અછત વરતાય છે.

આપણા શૈક્ષણિક આયોજનમાં અને આપણા ઔદ્યોગિક વિકાસમાં આ ભારે વિસંવાદ ટાળવા માટે શૈક્ષણિક ક્ષેત્રના નિષ્ણાતોએ શૈક્ષણિક આયોજનનો અભિગમ બદલવો જોઇએ એવો સૂર એમ.ટી.બી. કૉલેજે તા. ૧૮-૬-૭૮ ના દિવસે એની સ્થાપનાનાં સાઠ વર્ષ પૂરાં થવાના નિમિતે યોજેલા પરિસંવાદમાં વિવિધ ઔદ્યોગિક અને શૈક્ષણિક નિષ્ણાતોએ વ્યકત કર્યો હતો.

પ્રારંભમાં પ્રા. રમેશ ઓઝાએ શ્રોતાઓ અને વકતાઓનું સ્વાગત કરીને શૈક્ષણિક જગતના પ્રવાહો પરત્વે સમાજની ઉદાસીનતા પ્રત્યે ખેદ વ્યકત કર્યો હતો. ત્યાર બાદ કુલપતિ શ્રી. એ. આર. દેસાઈના સંદેશાવાચન બાદ સભાના પ્રમુખ ડૉ આર. આઈ. પટેલે પરિસંવાદની ઉપયોગિતા સમજાવતાં કહ્યું કે આપણે ત્યાં આયોજન જેવું કંઇ છે જ નહીં. જે કંઇ આયોજન કરીએ છીએ તે દૃષ્ટિ વગરનું અને શ્રદ્ધા વગરનું હોય છે. આ વાત જેટલી શૈક્ષણિક આયોજન માટે સાચી છે તેટલી જ નગર-આયોજન કે ઔદ્યોગિક આયોજન માટે પણ સાચી છે.

પરિસંવાદના પ્રથમ વકતા ડૉ. ગોડબોલેએ પેરા-મેડિકલ ક્ષેત્રે ઉપલબ્ધ અનેકવિધ અભ્યાસક્રમો, તેને લગતી તાલીમી સુવિધાઓ અને એમાંથી ઊભી થતી રોજગારીની અનેકવિધ તકો વિશે માહિતી-સભર વ્યાખ્યાન આપતાં કહ્યું કે આજે તબીબી વિજ્ઞાનમાં ડૉકટર સિવાય પણ અનેક ક્ષેત્રોમાં વિશિષ્ટ જાણકારી ધરાવનારાઓની જરૂર છે. એમણે ફાર્મસી, ન્યૂટ્રીશન, ફેમિલી પ્લાનિંગ, ફિઝિયોથેરેપી, હોસ્પિટલવ્યવસ્થા, રેડિયોલોજી, દંતવિદ્યાનાં-નેત્રવિદ્યાનાં આનુષંગિક ક્ષેત્રો જેવાં કે દાંતના ચોકઠાં બનાવવાં, ચશ્માને માટે રીફ્રેકશનીસ્ટ, પ્રિવેન્ટિવ અને સોશિયલ મેડિસિન. બાયો-એન્જિનિયરીંગ, બી. એસસી. એમ. એસસી. મેડિસિન, અને મેડિકલ રેપ્રેઝન્ટેટીવ વગેરે સંખ્યાબંધ ક્ષેત્રોમાં વિજ્ઞાન વિદ્યાશાખાની અનેકવિધ વિશિષ્ટ તાલીમનાં ક્ષેત્રો વિદ્યાર્થીઓને માટે ખુલ્લાં હોવાની માહિતી આપી.

શહેરના જાણીતા ઉદ્યોગપતિ અને ચેમ્બર ઓફ કોમર્સના ભૂતપૂર્વ પ્રમુખ શ્રી અરુણભાઈ જરીવાળાએ પોતાના વકતવ્યમાં સૂરત અને દક્ષિણ ગુજરાતમાં વિકસેલા ટેક્ષટાઇલ ઉદ્યોગના તથા અન્ય અનેક ઉદ્યોગનાં ક્ષેત્રોમાં ઊભી થયેલી વિશાળ તકો અને શકયતાઓનું પ્રભાવક ચિત્ર ઉપસાવતાં કહ્યું કે સૂરતમાં આજે એક લાખ જેટલી પાવર લૂમો ચાલે છે, જે દોઢ લાખ માણસોને રોજી આપે છે, અને સાડાત્રણસો કરોડ રૂપિયાની કિંમતનું વાર્ષિક ઉત્પાદન કરે છે. હીરાના ઉદ્યોગમાં પણ એક

લાખ માણસો રોકાયેલા છે. ત્રીજો ઉદ્યોગ જરીનો ત્રીસ હજારને રોજી આપે છે. એન્જિનિયરીંગ અને હેવી એન્જિનિયરીંગ ઉદ્યોગો ટેક્ષટાઇલ ઉદ્યોગોનાં આનુષંગિક સાહસો તરીકે વિકસ્યાં છે અને એમાં પણ પુષ્કળ માણસોને રોજીની તકો છે. કેમિકલ્સનો ઉદ્યોગ આર્ટ સિલ્ક ઉદ્યોગના અનુસંધાનમાં ખીલ્યો છે. એ ઉદ્યોગોનું ઉત્પાદન લગભગ એકસો વીસ કરોડનું થવા જાય છે. બિલીમોરાની આજુબાજુના પ્રદેશમાં ખીલેલો ઈન્ડસ્ટ્રીયલ વૂડનો ઉદ્યોગ દેશની આ પ્રકારની જરૂરિયાતના લગભગ પાંત્રીસ ટકાનું ઉત્પાદન આપે છે. આ ઉપરાંત સૂરતથી વલસાડના પ્રદેશોમાં ફળોની વાડીઓને કારણે એગ્રો-ફુડઝ કેનિંગના ઉદ્યોગની શકયતાઓ ઘણી છે. વિશાળ સાગરકાંઠાને કારણે સમુદ્ર સાથે સંકળાયેલા તથા મત્સ્ય ઉદ્યોગોનો વિકાસ પણ ઘણો થઇ શકે. હજીરા શીપયાર્ડ અને નર્મદા વેલી ફર્ટિલાઇઝર વગેરેને કારણે પણ અનેકવિધ રોજગારીની તકો અંગે આ પ્રદેશનું ભાવિ ઉજ્જવળ છે. પરંતુ એમણે ખેદ વ્યકત કર્યો કે આપણાં શૈક્ષણિક આયોજનમાં રોજબરોજ દૃષ્ટિ વગરના એવા અખતરાઓ થઇ રહ્યા છે કે દૃષ્ટિસંપન્ન માણસોને એમાંથી શ્રદ્ધા ઊઠી જાય. શૈક્ષણિક આયોજનમાં પણ ઉદ્યોગના દૃષ્ટિસંપન્ન માણસોએ વારંવાર સક્રિય સૂચનો અને બીજી અનેક પ્રકારની સહાય માટે હાથ લંબાવ્યા છતાં શૈક્ષણિક વર્તુળોની ઉદાસીનતા અને સરકારની દૃષ્ટિ વિનાની જડ વિલંબનીતિને કારણે કશું સમાન્તરપયોગી ફળ એમાંથી પ્રાપ્ત થઇ શકયું નથી.

ત્યાર પછી સાસ્માના ડાયરેકટર અને જાણીતા ઔદ્યોગિક સલાહકાર ડો. રજનીકાંત ગાંધીએ પોતાના પ્રવચનમાં જણાવ્યું કે મુંબઇ-અમદાવાદ જેવાં બે ઉદ્યોગકેન્દ્રોની વચ્ચે આવેલા સૂરતમાં મુખ્યત્વે માનવસર્જિત રેષાના વસ્ત્રનો ઉદ્યોગ ઘણો વિકસ્યો છે. આખા દેશની ૪૮ ટકા વણાટશાળ અને નેવું જેટલાં ડાઈંગ પ્રિન્ટિંગ પ્રોસેસનાં કારખાનાં માત્ર સૂરતમાં છે. છેલ્લાં ત્રીસ વર્ષમાં લૂમો છ હજારથી નેવું હજારની સંખ્યાએ પહોંચી છે. જે વાર્ષિક સાઠ કરોડ મીટર માનવસર્જિત રેષાનું કાપડ ઉત્પન્ન કરે છે. — દેશનું ઉત્પાદન બસો કરોડ મીટરનું છે. — એ માટે એને રોજનું દોઢસો ટન યાર્ન જોઇએ છે. આ ઉદ્યોગ સૂરત મ્યુનિસિપલ કોર્પોરેશનને વાર્ષિક રૂપિયા દોઢ કરોડની આવક આપે છે અને પાંચ કરોડના કાપડની નિકાસ કરે છે. આ આખો ઉદ્યોગ માનવશ્રમ ઉપર આધારિત છે, એમાં યંત્રીકરણ ઘણું ઓછું છે એટલે એમાં રોજગારીની તકો અમર્યાદિત છે. આમ છતાં આ ઉદ્યોગમાં માલની ગુણવત્તા વિશે જોઈએ તેટલી સભાનતા કેળવાઇ નથી. આવી ઉદાસીનતા લાંબો સમય નભાવી શકાય નહીં. એટલે શૈક્ષણિક આયોજનમાં માનવસર્જિત રેષાના કાપડ માટે સંશોધન અને ટેકનોલોજિકલ વિષયોની સગવડ અંગે આયોજન ઘણું તાકીદનું છે.

ઈન્ડિયન ડાયમંડ ઈન્સ્ટીટયૂટના ડાયરેકટર શ્રી પરીખે જણાવ્યું કે ઉદ્યોગોનું વિકેન્દ્રીકરણ એ આજના યુગની તાતી જરૂરિયાત છે. સરકાર પછાત ગણાતા તાલુકાઓમાં ઉદ્યોગોની સ્થાપનાને સબસીડી દ્વારા વિશેષ પ્રોત્સાહન આપે છે. એમણે ઉદ્યોગોના વિકાસની તરેહ સમજાવતાં કહ્યું કે ગુજરાતમાં ઉદ્યોગો રેલ્વે અને હાઈવેની આસપાસ જ વિકસ્યા છે, તે અંતરિયાળ જવા જોઈએ. સૂરતને માટે તો વિવિધ દિશાઓમાંથી પ્રવેશના એટલા બધા માર્ગો છે કે આવું વિકેન્દ્રીકરણ ઘણી સરળતાથી થઈ શકે અને શહેરના પ્રશ્નોની દૃષ્ટિએ એ ઘણું ઉપકારક નીવડે. હીરા ઉદ્યોગને વ્યવસ્થિત કરવા માટે અને એની તાલીમના આયોજન માટે સૂરતમાં સ્થપાયેલ ઈન્ડીયન ડાયમંડ ઇન્સ્ટીટયૂટ એ પ્રકારની દેશની એકમાત્ર સંસ્થા છે. તેમાં છ અને બાર મહિનાના પ્રાથમિક અને નિષ્ણાત અભ્યાસક્રમો તૈયાર થયેલા છે, અને તે સૌને પોસાય એવી ફીથી શીખવવામાં આવશે. ભવિષ્યમાં આ સંસ્થા દેશભરમાં બીજાં આવાં તાલીમકેન્દ્રો શરૂ કરીને જોડાણ આપશે અને એમ રોજગારીની તકો ઊભી કરશે.

અંતમાં ઉપાચાર્ય ડો. બી. એ. પરીખે આભાર વ્યકત કર્યો અને પ્રમુખશ્રીના હસ્તે પુષ્પગુચ્છો અર્પણ કરાયા હતા.

(એમ. ટી. બી. કૉલેજની હીરક જયંતીની ઉજવણીના એક ભાગરૂપે ગુરુવાર તા. ૧૧-૧-૭૯ ના દિવસે બપોરે ૩-૩૦ વાગ્યે પી. ટી. સાયન્સ કૉલેજના મધ્યભવનમાં એક શૈક્ષણિક પરિસંવાદ યોજવામાં આવ્યો હતો. પરિસંવાદનો વિષય હતો : ઉચ્ચ શિક્ષણનું ઉત્તરદાયિત્વ–Accountability of Higher Education. પરિસંવાદમાં પ્રમુખસ્થાને દ. ગુ. યુ. ના કુલપતિ શ્રી એ. આર. દેસાઇ હતા, તથા ભાગ લેનાર વક્તાઓ હતા ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ શ્રી પી. સી. વૈદ્ય, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના નિવૃત્ત કુલપતિ તથા જાણીતા શિક્ષણકાર ચિંતક આચાર્યશ્રી યશવંત શુકલ, તેમ જ લોકસભાના સભ્ય અને કેળવણીકાર આચાર્યશ્રી પુરુષોત્તમ ગણેશ માવળંકર.–સં)

એમ. ટી. બી. આર્ટ્સ કૉલેજના આચાર્યશ્રી કુંજવિહારી મહેતાએ પરિસંવાદના આરંભે વક્તાઓનો પરિચય કરાવતાં કહ્યું કે ત્રણે વક્તાઓ કૉલેજ સાથે કોઈક ને કોઈક રીતે સંકળાયેલા છે અને શિક્ષણના ક્ષેત્રમાં એમનું પ્રદાન જાણીતું છે તથા આ પરિસંવાદના વિષય પર બોલવાના ત્રણે અધિકારી છે. એમ. ટી. બી. કૉલેજના ઉજ્જવળ ભૂતકાળનો નિર્દેશ કરીને પરિસંવાદની ભૂમિકા બાંધતાં તેમણે કહ્યું કે આજે સૌથી વધારે અસ્થિરતા ઉચ્ચ શિક્ષણના ક્ષેત્રમાં છે. સરકારની એના પરની પકડ અને દખલ વધતી જાય છે. સમાજ શિક્ષણ પાછળ જે ખર્ચ કરે છે તથા જેઓ શિક્ષણ મેળવે છે તેમને આ શિક્ષણનું વળતર શું મળે છે? સમાજ પ્રત્યે આ શિક્ષણ–વ્યવસ્થાની કોઈ જવાબદારી ખરી? આજે સામાજિક જરૂરિયાતો અને ઉચ્ચ–શિક્ષણની વ્યવસ્થા વચ્ચે કશો મેળ રહ્યો નથી. તો સમાજનો છેદ ઉડાડતી આવી શિક્ષણવ્યવસ્થાનો કોઈ ઉપયોગ ખરો? ઉચ્ચ શિક્ષણ આજે નિર્જીવ બન્યું છે, અસારવાદી બન્યું છે. અશ્રદ્ધાના પાયા પર ઊભેલી આ ઈમારત કયાં સુધી ટકશે?

પરિસંવાદના પ્રથમ વક્તા હતા શ્રી પી. સી. વૈદ્ય. તેમણે વિષયની વ્યવસ્થિત રજૂઆત કરીને સમજાવ્યું કે ઉચ્ચ શિક્ષણનું ઉત્તરદાયિત્વ તે સમાજ પ્રત્યેનું જ સમજવાનું છે. સ્વાભાવિક રીતે જ સમાજની મૂળભૂત નિશ્ચિત જરૂરિયાતો સંતોષવા માટે શિક્ષણ-વ્યવસ્થા ઊભી કરવામાં આવે છે. જરૂરિયાતોને ત્રણ પ્રકારે વહેંચી શકાય. કેટલીક જરૂરિયાતો વિશ્વના તમામ દેશોને લાગુ પડે તેવી હોવાની. તેને લક્ષમાં રાખીને રચાતી શિક્ષણ–વ્યવસ્થા પ્રાથમિક કક્ષાએ; Optimum–તે દેશના સર્વસાધારણને માટે જરૂરી ગણાય તેવી બાબતોના શિક્ષણની વ્યવસ્થા માધ્યમિક કક્ષાએ અને તે તે દેશ–સમાજની વિશિષ્ટ જરૂરિયાતોને સંતોષવા માટેના શિક્ષણની વ્યવસ્થા ઉચ્ચ કક્ષાએ કરવી જોઇએ.

વિશ્વના વિકસિત દેશોમાં સમાજની સાંસ્કૃતિક, વૈજ્ઞાનિક, અર્થકારણી જરૂરિયાતો જેમ જેમ ઉપસ્થિત થતી ગઈ તેમ તેમ તેની શિક્ષણ–વ્યવસ્થા ગોઠવાતી ગઈ. આ નૈસર્ગિક પ્રક્રિયાને ધીમે ધીમે વિકસવા માટે સમયગાળો પૂરતો મળી રહ્યો એટલે જરૂરિયાતો અને તેની શિક્ષણ-પ્રક્રિયાની વચ્ચેનો સંબંધ જળવાતો રહ્યો; તેથી ઉત્તરદાયિત્વનો પ્રશ્ન તેમાં ઊભો ન થાય તે સ્વાભાવિક હતું.

પ્રશ્ન ઊભો થયો વિકસમાન દેશોમાં–શિક્ષણના સંદર્ભમાં કહીએ તો Re-awakened દેશોમાં. જરૂરત ઊભી થાય અને તે પ્રમાણે શિક્ષણક્રમ ગોઠવાય એટલી રાહ જોવાનું એ દેશો માટે પોષાય તેમ નહોતું, કેમકે એમણે ઝપાટાબંધ વિકાસ કરવાનો હતો. આપણે ત્યાં વેગથી વિકસતા સમાજ

અને તેને જરૂરી શિક્ષણક્રમ વચ્ચે મેળ રહી શકયો નથી. ૧૯૬૦ પછીના ગાળામાં ઉચ્ચ શિક્ષણમાં વિકાસ ઝપાટાબંધ થયો છે, પણ સમાજની આવશ્યકતા સાથેનો સુમેળ સાચવી શકાયો નથી. સમાજના અને ઉચ્ચશિક્ષણના વિકાસની દિશાઓ ભિન્ન છે તેથી જરૂરત પ્રમાણેના શિક્ષણવિકાસનું in-built mechanism જળવાયું નથી. સમાજની જરૂરતો સાથે કોઇ સંબંધ રાખ્યા વગર જ formal educationનું માળખું સમાજ ઉપર ઠોકી દેવામાં આવ્યું છે. અને સ્વતંત્રતા મળ્યા પછી તો હવે એ શિક્ષણનું કોઈ ઉત્તરદાયિત્વ છે કે કેમ, અને જો છે તો કોના પ્રત્યે તેની જ ખબર નથી. એમાં સુધારો કરવાના જે ઉપાયો થયા છે, તે ઉપરચોટિયા છે, વ્યવસ્થાના મૂળભૂત structureમાં ફેર કરનારા નથી.

આ પરિસ્થિતિના ઉકેલ માટે એમણે બે સૂચનો કર્યાં. અત્યારે યુનિવર્સિટી માત્ર સંલગ્નતા જ આપે છે. પ્રત્યક્ષ શિક્ષણકાર્યમાં યુનિવર્સિટીનો કશો સીધો ફાળો હોતો નથી; છતાં પરીક્ષા પણ યુનિવર્સિટી જ લે છે અને પ્રમાણપત્ર પણ યુનિવર્સિટીની જ છાપવાળું અપાય છે. આથી સમાજ પ્રત્યેનું ઉત્તરદાયિત્વ યુનિવર્સિટીનું બની રહે છે. ગુણવત્તા-પોતાની છાપની પ્રમાણભૂતતા-જાળવી રાખવાની જવાબદારી યુનિવર્સિટીની બની જાય છે. એને બદલે કોલેજોને જ સમાજ પ્રત્યે ઉત્તરદાયિત્વવાળી બનાવવી જોઈએ. યુનિવર્સિટીના પ્રમાણપત્રમાં કોલેજોનો પણ ઉલ્લેખ કરવો જોઈએ, અને કોલેજોને પોતાની શિક્ષણવ્યવસ્થા ગોઠવવાની સ્વતંત્રતા આપવી જોઈએ.

જો કે કોલેજોને સ્વાયત્ત બનાવવાથી જ પ્રશ્ન ઉકલી જશે એવું નથી. યુનિવર્સિટીઓને આપણે સ્વાયત્ત બનાવી જ છે છતાં પરિણામ કયાં જોઈએ તેવું આવ્યું છે ? શિક્ષણના ક્ષેત્રે, ખાસ કરીને ઉચ્ચ શિક્ષણના ક્ષેત્રે innovations આપણે ત્યાં ભાગ્યે જ થયાં છે. કશુંક નવું કરવાના વિચારો તો કોલેજોમાં જ ઉદ્ભવે છે, એની ચર્ચા પછી યુનિવર્સિટીઓમાં થાય છે. તેથી ઉચ્ચ શિક્ષણના ક્ષેત્રે સમાજની વિશિષ્ટ જરૂરિયાતોના સંદર્ભમાં વિચારોનું એક વિશિષ્ટ વાતાવરણ સર્જવાની જરૂર છે.

પરિસંવાદના બીજા વક્તા હતા આચાર્ય શ્રી યશવન્ત શુકલ. વિષયનો ઉત્તરદાયિત્વને છેડેથી વિચાર કરતાં તેમણે કહ્યું : ઉત્તર માગનારું કોઈક હોય તો ઉત્તરદાયિત્વનો પ્રશ્ન આવે. આપણે ત્યાં ઉત્તર માગનારી કોઈ વ્યવસ્થા જ નથી. વળી ઉત્તરદાયિત્વ કોનું ? સંસ્થાનું ? કે કાર્યકરોનું ? આપણે ઉત્તરદાયિત્વને બનતાં સુધી ટાળવાનો પ્રયત્ન કર્યો છે. રાજ્યમાં કે સમાજમાં ઉત્તર માગનારી વ્યવસ્થા નથી, એટલે ઉત્તરદાયિત્વ માત્ર એક ધૂંધળી અપેક્ષા બની રહે છે. આપણી જરૂરિયાતો અવ્યાકૃત છે, વળી વિદ્યાર્થીઓની રુચિનો પ્રશ્ન પણ આવે જ. વિનયનનું શિક્ષણ આજે મોટે ભાગે બહેનો જ લે છે. તેમાં ગુજરાત યુનિવર્સિટીમાં તો મોટા ભાગની બહેનો મનોવિજ્ઞાનનો વિષય પસંદ કરે છે, તે કોઈ સામાજિક જરૂરિયાતની પૂર્તિ માટે કરે છે ? ગણિત-વિજ્ઞાનની ગુજરાતમાં ઉપેક્ષા થઈ છે, વધારે રળાવી આપનાર તબીબી કે ઈજનેરી વિદ્યાશાખા તરફ દોટ મુકાય છે, પણ ધંધો કે રળતર એ મારી જરૂરિયાત છે, સમાજની નહીં. ગુજરાતમાં કોઈએ કદી જ્ઞાનની અનેકવિધ નવી ઊઘડતી જતી શાખાઓના અભ્યાસની વ્યવસ્થાની ચિંતા કરી છે ખરી ? સરકાર કેવળ ખર્ચ ઓછો કરવાની દૃષ્ટિએ વિચાર કરે છે, સમાજની જરૂરિયાતોને આધારે સમતોલ આયોજન કદી કર્યું છે ખરું ? મુશ્કેલી ખંડશઃ વિચારપદ્ધતિની પણ છે. કોઈ પણ તબક્કે આપણે ત્યાં સમગ્રપણે જવાબદારીપૂર્વક વિચાર કે પ્રબંધ કે પરિણામનિરીક્ષણ થયું નથી. યુનિવર્સિટીઓ પણ દેખાદેખી ઊભી થાય છે, વિષયો પણ દેખાદેખી લેવાય છે. આ દેખાદેખીની પડાપડીમાં ઉચ્ચ શિક્ષણની પહેલી પ્રતિજ્ઞા જે excellenceની તેની સરિયામ ઉપેક્ષા થતી જોવા મળે છે. વળી આપણી શિક્ષણવ્યવસ્થામાં ઘણો દુર્વ્યય

થાય છે એ પણ પ્રશ્ન છે. આપણી આખી શિક્ષણવ્યવસ્થા આ દેશના ૭૫% અભણપણાને આધારે ટકેલી છે. એ એશિયાળા ૭૫% આપણી સંસ્કૃતિએ શીખવેલી ધીરજ ધરીને બેસી રહ્યા છે, તેને આધારે આ બધું ટકી રહ્યું છે. આપણા વિદ્યાર્થીઓ કામે વળગે છે ત્યારે કામ કરવા માટે ઘાટમાં ગોઠવાઈ શકે એટલું અક્ષરજ્ઞાન માત્ર એમણે મેળવ્યું હોય છે. આ બધાનો જવાબ માગનાર કોઈ નથી. આપણી જરૂરિયાતો પણ અવ્યાકૃત છે ને છતાં દેશની ૧૨૫ યુનિવર્સિટીઓ, ૪૦૦૦ કૉલેજો, લાખેક શિક્ષકો અને ૨૪ લાખ જેટલા વિદ્યાર્થીઓનું તંત્ર — ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓનું આખું માળખું ચાલ્યા કરે છે એ ભારે મોટું આશ્ચર્ય નથી? પણ સહિષ્ણુ ૭૫% ની ધીરજ ખૂટે અને આપણે બધાં મૂળસોતાં ઊખડી જઈએ તે પહેલાં ત્રેવડવાળી સંસ્થાઓએ જાગીને, આ ૭૫% ઉપર નજર ઠેરવીને થઈ શકે તેટલી પ્રવૃત્તિઓ કરવા માંડવી જોઈશે, નહીં તો પછી બહુ મોડું થઈ ગયું હશે. સમાજના વિકાસમાં વ્યક્તિઓનું excellence નિમિત્ત બનતું હોય છે, અને વ્યક્તિઓ અનેક ઠેકાણે આ વ્યવસ્થાના અંધેર સામે બળાપો વ્યક્ત કરે જ છે. આવા બાનગી પ્રતિભાવોને આકારબદ્ધ કરીને એને સંગઠનનું બળ આપીને જાહેરમાં મૂકે એવી ઉત્તરદાયિત્વનું નિર્માણ કરનારી તંત્રવ્યવસ્થાની આજે ખાસ જરૂર છે; એ જ આપણી શિક્ષણવ્યવસ્થાની ખૂટતી કડી છે.

ત્રીજા વક્તા હતા સંસદસભ્ય આચાર્યશ્રી પુરુષોત્તમ ગણેશ માવળંકર. કૉલેજની વાતથી આરંભ કરતાં એમણે કહ્યું કે ૧૯૧૮ માં ૪૦૦ કિલોમીટરના વિસ્તારમાં સરકારી સિવાયની કૉલેજો જ નહોતી ત્યારે સમાજે આ કૉલેજ શરૂ કરી એ પણ ઉત્તરદાયિત્વના ભાનનું સૂચક નથી? એ વખતે સરકાર આપણી નહોતી ત્યારે ઉત્તરદાયિત્વ હતું, આજે સરકાર આપણી છે ત્યારે ઉત્તરદાયિત્વ ઘટ્યું છે, સરકાર પ્રત્યે પરાધીનતા વધી છે. સરકાર જાતજાતનાં બહાનાં શિક્ષણક્ષેત્રે નાણાં ફાળવવા બાબતમાં કાઢે છે તે પ્રત્યે રોષ વ્યક્ત કરતાં તેમણે કહ્યું કે સમાજના પૈસા સમાજને જ પાછા આપવાના છે, તેમાં એ લોકો શાના જવાબ માગે છે? ધનવાનોએ ધન આપીને ન કરી એટલી દખલ આ સરકારી નોકરો કરે છે. તેમણે કહ્યું કે ગુલામીમાં-પહેલાં ત્રીસ વર્ષોમાં-ગુણવત્તાને જે વેગ મળ્યો હતો, તે ગુલામી પછી મળ્યો કેમ જણાતો નથી? આ કૉલેજની સ્વતંત્રતા પહેલાંની અને પછીની સિદ્ધિઓનું તુલનાત્મક સર્વેક્ષણ ઘણી રસપ્રદ બાબતો બતાવશે એમ મને લાગે છે. સ્વતંત્રતા પહેલાં શિક્ષણ આપવાના નિમિત્તો આપણે રાજકીય પુનરુત્થાનનું કાર્ય પણ કરતા હતા. આજે આપણે સમાનતા-at its maximum level-સિદ્ધ કરવા તાકીએ છીએ ત્યારે લાખો વિદ્યાર્થીઓ વિદ્યાકીય પ્રાંગણમાં પ્રવેશે છે, પણ વિદ્યાકીય પ્રકાશમાં પ્રવેશતા નથી; આપણે માત્ર વિસ્તાર સાધ્યો છે, તે સાથે ઉચ્ચ શિક્ષણમાં જે ઊંડાણ, જે ઉત્કૃષ્ટતા જોઈએ તે મેળવી શકયા નથી; તેનો કોઈએ હિસાબ પણ માગ્યો નથી. આગલી પેઢી કરતાં આપણી નવી પેઢી ચોક્કસ જ વધારે talented, અને કેળવાયેલી છે; જરૂર છે ઉચ્ચ શિક્ષણમાં વૈચારિક આબોહવા સર્જવાની. એમાં મુશ્કેલી સંખ્યાની છે-સંખ્યા અને ગુણવત્તા આપણે ત્યાં ટકરાય છે, સંખ્યા વધે ત્યારે ગુણવત્તા બને તેટલી સાચવવી રહી, નહીં તો વિદ્યાર્થીઓ જવાબ માગશે ત્યારે મુશ્કેલી ઊભી થશે.

ઉત્તરદાયિત્વ શી રીતે સિદ્ધ થઈ શકે? એક તો એ માટે સંસ્થાકીય જોગવાઈ કરી શકાય, માનુષી તંત્ર પણ હોઈ શકે, સરકારી કે અન્ય સંસ્થાઓ પણ હોય, પણ શ્રેષ્ઠ પરિસ્થિતિ તો એ છે કે માણસ નિજાનંદ માટે જ કાર્ય કરતો હોય એનું ઉત્તરદાયિત્વ એની પોતાની જાત પ્રત્યે હોય. ત્યારે જ શિક્ષણમાં સંવેદનશીલતા, સક્રિયતા, સચ્ચાઈ પ્રવેશે; ત્યારે જ વિદ્યાર્થીના માનસિક વલણના **વિકાસનું મહત્ત્વ સચવાય.**

અંતે પરિસંવાદનું સમાપન કરતાં પરિસંવાદના પ્રમુખ અને દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ શ્રી એ. આર. દેસાઈએ આગલા વક્તાઓના વિચારોને સ્પષ્ટ કરતાં ઉમેર્યું કે સ્વાતંત્ર્ય પૂર્વે આપણાં dimensions of life મર્યાદિત હતાં તથા સંસ્થાઓમાં દેશદાઝવાળા માણસો હતા, એમની પાસે સ્થિર લક્ષ્યભાન અને sense of purpose હતાં, એ વખતે ગરીબી તો હતી છતાં ધનની પાછળ આજે દેખાય છે તેવી આંધળી દોટ મૂકવાનું વલણ નહોતું. એ પરિસ્થિતિમાં જે સંસ્થાઓ કામચાઉ નીવડી તે જૂની સંસ્થાઓ આજે બદલાયેલી પરિસ્થિતિમાં multi-dimensional lifeને માટે કંઈ ન કરી શકે તે સ્વાભાવિક લાગે છે. આજે આપણે દિશાસૂઝ વગર અથડાઈએ છીએ. રાજ્યને આજે સૌથી વધુ મતો મેળવવામાં-maximization of votesમાં-રસ છે. એટલે ભાવિ ધૂંધળું લાગે છે. વળી રાજ્ય એટલી બધી દખલ કરે છે કે ઉત્તરદાયિત્વનો પ્રશ્ન જ ઉદ્‌ભવી શકે નહીં. ગ્રાન્ટ-ઈન-એઈડ જડ છે, એના જડ ચોકઠામાં સૌએ ગોઠવાવાનું છે. યુનિવર્સિટીની સ્વાયત્તતા પણ મુશ્કેલીમાં મુકાવા માંડી છે, ખાનગી સાહસો પાસેથી નાણાં આવતાં નથી કેમકે એ લોકોને પણ નાણાં ક્યાંથી આવ્યાં એમ રાજ્ય પૂછે, એટલે એમની મદદ બહુ શકય નથી. પરિણામે ગ્રાન્ટ-ઈન-એઈડનું આર્થિક પારતંત્ર્ય સ્વીકાર્યા વિના છૂટકો નથી. આ પરિસ્થિતિમાં કોઈક એવી સ્વાયત્ત વ્યવસ્થા વિચારવી જોઈએ કે કૉલેજો સામાજિક જરૂરિયાતો પ્રમાણે જ શિક્ષણ આપે એવી પરિસ્થિતિ કોઈક રીતે નિર્માણ થાય. પછી તો બજાર જ માલને નક્કી કરી લેશે.

અંતે કૉલેજના સંચાલકોને ધન્યવાદ આપતાં તેમણે કહ્યું કે આ કૉલેજે એના શિક્ષકો દ્વારા, વિદ્યાર્થીઓ દ્વારા જે પ્રદાન કર્યું છે એ સાચે જ ઘણું નોંધપાત્ર છે. હીરકમહોત્સવની ઉજવણી નિમિત્તે એમણે stock-taking જેવી આ ચર્ચા આમંત્રી અને છીછરાપણામાં સરી ન પડે એવી ગંભીર રીતે ઉજવણી કરી તે માટે આ મહોત્સવના યોજકોને ધન્યવાદ ઘટે છે.

છેવટે કૉલેજના ઉપાચાર્ય ડૉ. બી. એ. પરીખે આભારવિધિ કર્યો હતો, અને શ્રી વીરેન્દ્ર ગાંધીએ આમંત્રિતોને પુષ્પગુચ્છથી સત્કાર્યા હતા.

એમ. ટી. બી. કૉલેજ
હીરક મહોત્સવ



વર્ષભરની પ્રવૃત્તિઓનું વિહંગાવલોકન

એમ. ટી. બી. કૉલેજનો હીરક મહોત્સવ

વર્ષભરની પ્રવૃત્તિઓનું વિહંગાવલોકન

૧૯૧૮ થી ૧૯૬૮ અને ૧૯૬૮ થી ૧૯૭૮ એમ પચાસ અને દસ સાઠ વરસો દરમિયાન તાપી નદીમાં ઘણાં પાણી વહી ગયાં. સૂરતની સાર્વજનિક એડયુકેશન સોસાયટીના નેજા હેઠળ ૧૯૧૮ માં સ્થપાયેલી મગનલાલ ઠાકોરદાસ બાલમુકુંદદાસ (એમ. ટી. બી.) કૉલેજની ૧૯૬૮ માં સુવર્ણ જયંતી ઊજવવામાં આવી હતી. ત્યાર પછી દશ વર્ષે ૧૯૭૮ માં આ કૉલેજે તેની ઉજ્જવળ કારકિર્દીનાં ૬૦ વર્ષ પૂરાં કર્યાં તે નિમિત્તે ડિસેમ્બર ૧૯૭૭ થી ડિસેમ્બર ૧૯૭૮ સુધી આખું વર્ષ હીરક મહોત્સવ તરીકે ઊજવવામાં આવ્યું હતું. આ ઊજવણીના કાર્યક્રમમાં હજુ તેનો પૂર્ણાહુતિ સમારંભ ઊજવવાનો બાકી છે. તે જૂન-૧૭, ૧૯૭૯ (આ કૉલેજના સ્થાપના દિનની પૂર્વસંધ્યા)ને દિવસે યોજવામાં આવ્યો છે.

એમ. ટી. બી. કૉલેજ, જે ૧૯૬૦ પછી એમ. ટી. બી. આર્ટ્સ અને પી. ટી. સાર્વજનિક કૉલેજ ઑફ સાયન્સ તરીકે બે સ્વતંત્ર સંસ્થાઓમાં વહેંચાઈ ગઈ છે તેનો સુવર્ણ જયંતી મહોત્સવ આર્ટ્સ એન્ડ સાયન્સ, બંને કૉલેજોએ સંયુકત રીતે ૧૯૬૮-૬૯ માં ઊજવ્યો હતો. અને બહુ ઉચિત રીતે જ આ હીરક મહોત્સવ પણ બંને કૉલેજોએ સંયુકત રીતે ઊજવવાનું નક્કી કર્યું હતું.

આ કૉલેજના ૬૦ વરસની ઉજ્જવળ કારકિર્દીના ગાળામાં એમ. ટી. બી. આર્ટ્સ અને સાયન્સ કૉલેજે મુખ્યત્વે દક્ષિણ ગુજરાતના વિસ્તારની અને સામાન્યતઃ ગુજરાતની તેમજ સમગ્ર રાષ્ટ્રની અમૂલ્ય સેવા બજાવી છે. એમ. ટી. બી. પ્રત્યેનું માતૃસંસ્થા તરીકેનું ઋણ તેના ભૂતકાળના વિદ્યાર્થીઓને કેટલું ગદ્‌ગદિત કરી મૂકે છે તેનો આછો ખ્યાલ તો આ હીરક જયંતી પ્રસંગે કેટલાક ભૂતપૂર્વ વિદ્યાર્થીઓના આવેલા પત્રોમાંથી મળે છે.

૧૯૧૮ પહેલાં વડોદરા અને મુંબઈ વચ્ચે ઉચ્ચ શિક્ષણ માટેની કોઈ સુવિધા ન હતી. તે સમયે જનસમાજને ઓછા ખર્ચે શિક્ષણ ઉપલબ્ધ કરવા સૂરતના કેટલાક શિક્ષણપ્રેમીઓએ કૉલેજ શરૂ કરવાનો મનસૂબો કર્યો અને તેને ચરિતાર્થ કરવાના પુરુષાર્થના પરિણામ સ્વરૂપે ૧૯૧૮ માં શરૂ થયેલી કૉલેજ ઉચ્ચ કેળવણીના ઇતિહાસમાં અમૂલ્ય, ચિરંજીવી સીમાસ્તંભ સમાન બની છે.

હીરક જયંતી મહોત્સવની ઊજવણી તરીકે સાંસ્કૃતિક, શૈક્ષણિક, લોકકેળવણી, તેમજ નાણાંકીય ભંડોળ એકત્ર કરવું એવા વિવિધ પ્રકારના કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. બંને કૉલેજના આચાર્યો, અધ્યાપકો, તેમજ વિદ્યાર્થીઓએ સંપૂર્ણ એકરાગિતાથી તમામ કાર્યક્રમોમાં ભાગ લીધો છે. તેનું આયોજન કરવામાં તન, મન અને ધનનો ફાળો આપ્યો છે. આ ઊજવણીના કાર્યક્રમોમાં સાર્વજનિક એજ્યુકેશન સોસાયટીના સંચાલકોનો ફાળો અને પ્રોત્સાહન હોય તે સ્વાભાવિક છે.

હીરક જયંતી મહોત્સવના સાંસ્કૃતિક કાર્યક્રમોના એક ભાગ રૂપે સર્વ પ્રથમ ૧૩, ૧૪, માર્ચ ૧૯૭૮ ના દિવસે આ જ કોલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થી અને જાણીતા નટ, દિગ્દર્શક શ્રી જશવંત ઠાકરનાં બે નાટકો 'શર્વિલક' અને 'નટસમ્રાટ' રંગ ઉપવનમાં વિશાળ જનમેદની સમક્ષ રજૂ કરવામાં આવ્યાં હતાં. આ કાર્યક્રમોમાં સૂરતના કલારસિક તેમજ એમ. ટી. બી. ના શુભેચ્છકો એવા નાગરિકોએ ખૂબ જ સહકાર આપ્યો હતો. શ્રી જશવંત ઠાકરે કોલેજના એક ભૂતપૂર્વ વિદ્યાર્થી તરીકે માત્ર ખર્ચ પેટે જ રકમ લઇ તેમનાં નાટકો રજૂ કર્યાં હતાં. આ નાટકોની આવકમાંથી રૂા. ૬૦ હજાર કરતાં વધારે રકમ હીરક જયંતી ફાળામાં જમા કરવામાં આવી છે.

મે ૫, ૧૯૭૮ ના દિવસે એમ. ટી. બી. કૉલેજના સેન્ટ્રલ હૉલમાં 'તનાવ અને હૃદય રોગ' (Hypertension and cardiac diseases) વિષે એક પરિસંવાદ રાખવામાં આવ્યો હતો. તેમાં સાર્વજનિક એજ્યુકેશન સોસાયટીના અધ્યક્ષ ડૉ. આર. કે. દેસાઈ, ડૉ. ગિરીશ કાઝી, ડૉ. આર. એચ. શાહ, ડૉ. એન. એમ. પટેલ વગેરેએ આ પ્રશ્નનાં વિવિધ પાસાંઓ વિષે માહિતીપૂર્ણ અને વૈજ્ઞાનિક રજૂઆત કરી હતી. વર્તમાન સમયમાં તનાવ અને હૃદય રોગની સમસ્યા દરેકને ચિંતા ઉપજાવે તેવી છે, તેથી આ પરિસંવાદને બહુ સારો આવકાર મળ્યો હતો.

જૂન ૧૮, ૧૯૭૮ ના દિવસે 'દક્ષિણ ગુજરાતમાં વ્યાવસાયિક તકો' ઉપર એક પરિસંવાદ રાખવામાં આવ્યો હતો. તેમાં ગવર્નમેન્ટ મેડિકલ કૉલેજના અધ્યાપક ડૉ. ગોડબોલેએ પેરામેડિકલ સેવાઓ વિષે માહિતી આપી હતી. યુવાન ઉદ્યોગપતિ શ્રી અરુણચંદ્ર જરીવાળા તેમજ શ્રી રજનીકાન્ત ગાંધીએ ટેક્ષટાઇલ અને આર્ટ સિલ્કના ઉદ્યોગોમાં નોકરી-વ્યવસાયની તકો વિષે માહિતી આપી હતી. ગુજરાત રાજ્યના ઉદ્યોગખાતાના અધિકારી શ્રી બિપિનચંદ્ર પરીખે ઉદ્યોગોનો વિકાસ કરવામાં કઈ કઈ બાબતો ધ્યાનમાં રાખવી જોઈએ તે વિષે રજૂઆત કરી હતી.

૧૯૭૮ નું વર્ષ ગુજરાતના ભક્ત કવિ દયારામનું શતાબ્દી વર્ષ પણ હતું. આ નિમિત્તે મુંબઈની સંગીત ભવન ટ્રસ્ટ...સંસ્થાના આશ્રયે શ્રી અજિત શેઠ અને શ્રીમતી નિરુપમા શેઠે ભક્તકવિના જીવન અને કાર્ય ઉપર તૈયાર કરેલો દૃશ્ય અને શ્રાવ્ય કાર્યક્રમ 'બંસીબોલ' હીરક જયંતી મહોત્સવના એક ભાગ રૂપે તા. ૧૮-૯-'૭૮ના દિવસે ટેક્ષટાઇલ ઑડિટોરિઅમમાં રજૂ કરવામાં આવ્યો હતો. વડોદરાની મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીના અંગ્રેજી વિભાગના અધ્યાપકો અને વિદ્યાર્થીઓએ તૈયાર કરેલાં બે અંગ્રેજી નાટકો 'ધી વેસ્ટ લેન્ડ' અને 'ધી લેસન' ટેક્ષટાઇલ ઑડિટોરિઅમમાં બહુ જ પસંદ કરેલા પ્રેક્ષકો સમક્ષ રજૂ કરવામાં આવ્યાં હતાં. બહુ મર્યાદિત સંખ્યાના પ્રેક્ષકો આ નાટકમાં હતા પરંતુ નાટ્યકલાના નમૂના તરીકે આ નાટકોની રજૂઆત બહુ ઉત્તમ કોટિની હતી. શૈક્ષણિક સંસ્થાઓએ કેવળ આર્થિક વળતર ન જોતાં લોકની કલારુચિને વિકસાવે તેવા કાર્યક્રમો પણ આપવા જોઇએ એ શિક્ષણના કાર્યક્રમનો એક ભાગ છે.

૧૯૭૮-૭૯ના કૉલેજના વાર્ષિક સાંસ્કૃતિક કાર્યક્રમો, આર્ટ્સ એન્ડ સાયન્સ, બંને કૉલેજોએ સંયુક્તપણે ઊજવવા તેવું નક્કી કરવામાં આવ્યું હતું. તેમજ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ અને અધ્યાપકોએ પોતાના અલગ મનોરંજન કાર્યક્રમો આપવાનું નક્કી કર્યું હતું. તા. ૯, જાન્યુ. ૧૯૭૯ ના દિવસે બંને કૉલેજના અધ્યાપકોએ ગીત-સંગીતનો તેમજ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ ગરબા અને 'તાનારીરી' નૃત્ય નાટિકાનો કાર્યક્રમ રજૂ કર્યો હતો. તા. ૧૦, જૂનના દિવસે આ જ કૉલેજના કેટલાક ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ જેઓ સૂરતની કળાસંસ્થા 'કલાક્ષેત્ર' સાથે સંકળાયેલા છે તેમણે તેમના અનેક પારિતોષિક વિજેતા નાટક 'પેરેલિસિસ' નો બહુ સફળ પ્રયોગ રજૂ કર્યો હતો. તા. ૧૧-૧૨, જાન્યુઆરીના દિવસે બંને કૉલેજના વિદ્યાર્થીઓએ સંયુક્તપણે ગીત, એકપાત્રી અભિનય રાસ-ગરબા, નાટક, નૃત્યનો વૈવિધ્યપૂર્ણ મનોરંજન કાર્યક્રમ રજૂ કર્યો હતો.

તા. ૧૦, જાન્યુઆરી, ૧૯૭૬ ના દિવસે 'ઉચ્ચ શિક્ષણનું ઉત્તરદાયિત્વ' એ ઉપર દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ શ્રી એ. આર. દેસાઈના અધ્યક્ષપદે પરિસંવાદ યોજવામાં આવ્યો હતો. તેમાં એમ. ટી. બી. કૉલેજના ભૂતપૂર્વ અધ્યાપક અને ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ શ્રી ડૉ. પી. સી. વૈદ્ય, એમ. ટી બી. કૉલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થી નિવૃત્ત આચાર્ય અને કેળવણીકાર શ્રી યશવંત શુકલ તેમ જ એલ. ડી. આર્ટ્સ કૉલેજના ભૂતપૂર્વ આચાર્ય અને સંસદસભ્ય શ્રી પી. જી. માવળંકર વગેરેએ ઉચ્ચ શિક્ષણની જવાબદારી વિષે પોતાનાં મંતવ્યો રજૂ કર્યાં હતાં.

હીરક મહોત્સવની ઉજવણીનું પ્રોત્સાહક અને ઊજળું પાસું એ છે કે તેમાં કૉલેજના અધ્યાપકો અને વિદ્યાર્થીઓએ સક્રિયપણે ભાગ લીધો હતો. કેટલાક વિદ્યાર્થીઓ અને અધ્યાપકોએ હીરક મહોત્સવ નિમિત્તે સમગ્ર જનસમાજને આવરી લે એવી 'એક રૂપિયા દાન' મેળવવાની પ્રવૃત્તિને બહુ હોંશપૂર્વક ઉપાડી લીધી હતી. શ્રી એન્જી, ગૌતમ મહેતા, શેખ, નૈષધ દેસાઈ, શ્રી ચોખાવાલા, શ્રી મહાદેવ રાવળ જેવા અનેક વિદ્યાર્થીઓ તેમજ શ્રી સદાઢ્ય, શ્રી મેઘાણી, હિમાંશીબેન શેલત તેમજ બીજા ઘણા અધ્યાપકોએ સૂરત શહેરની સંસ્થાઓ, સોસાયટીઓ, લત્તાઓમાં ફરી ઘેર ઘેર તેમનો વ્યક્તિગત સંપર્ક સાધી રૂ. ૫૦ હજાર જેટલી રકમ આ ઓછામાં ઓછા એક રૂપિયાના દાન દ્વારા મેળવી છે. આ પ્રવૃત્તિઓમાં બીજા અનેક અધ્યાપકો અને વિદ્યાર્થીઓએ ફાળો આપ્યો છે તે દરેકના નામોલ્લેખ વગર નોંધ લઈએ છીએ.

હીરક જયંતી મહોત્સવનો પૂર્ણાહુતિ સમારંભ યથોચિત રીતે જ નામાંકિત ભૂતપૂર્વ વિદ્યાર્થીઓની ઉપસ્થિતિમાં ગુજરાત રાજ્યનાં રાજ્યપાલ શ્રીમતી શારદા મુકરજીના અધ્યક્ષપદ હેઠળ જાન્યુઆરી, ૧૯, ૧૯૭૬ ના દિવસે ઊજવવાનું નક્કી કર્યું હતું. પરંતુ કમનસીબે આ દિવસે અમદાવાદમાં અશાંતિ હોવાથી છેલ્લી ઘડીએ રાજ્યપાલશ્રી આવી શકયા ન હતા. તેથી પૂર્ણાહુતિ સમારંભ હાલ પૂરતો મુલતવી રાખી જૂન, ૧૮, ૧૯૭૬ કૉલેજ સ્થાપના દિનની પૂર્વસંધ્યાએ ઊજવવાનું નક્કી કર્યું છે.

હીરક જયંતી નિમિત્તે આ 'સુવનિયર' બહાર પાડવામાં આવ્યું છે તેમાં ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ અને અધ્યાપકોએ સંસ્મરણો અને લેખો રજૂ કર્યા છે અને સૂરત શહેરના ઉદ્યોગપતિઓ, કારખાનેદારો અને વેપારીઓએ જાહેરાતો આપી આ ઉજવણીમાં પોતાનો નક્ર ફાળો આપ્યો છે.

હીરક જયંતી મહોત્સવના તમામ કાર્યક્રમોને સફળ બનાવવા માટે પ્રત્યક્ષ તેમજ પરોક્ષ રીતે ફાળો આપનાર તમામ અધ્યાપકો, વિદ્યાર્થીઓ, નાગરિકો, સાર્વજનિક એજ્યુકેશન સોસાયટીના હોદ્દેદારો અને સરકારી અમલદારોનો આભાર માનીએ છીએ.

—બી. એ. પરીખ

(૧૯ જૂન, ૧૯૧૮ના દિવસે એમ. ટી. બી. કૉલેજનું ઉદ્‌ઘાટન થયું એ તે જમાનાના સૂરતને માટે એક મોટી ઐતિહાસિક ઘટના હતી. આજનું આ શહેરનું લોકપ્રિય દૈનિક વર્તમાનપત્ર 'ગુજરાતમિત્ર' ત્યારે દૈનિક ન હતું. એ એક સાપ્તાહિક પત્ર હતું. એટલે ૧૯મી જૂન, ૧૯૧૮ની એ ઘટનાની દસ્તાવેજી નોંધ ૨૩ જૂન, ૧૯૧૮ના 'ગુજરાતમિત્ર' સાપ્તાહિકના પાને પ્રસિદ્ધ થઈ તે અહીં ('ગુજરાતમિત્ર'ના સૌજન્યથી) અક્ષરશઃ ઉદ્ધૃત કરીએ છીએ. ૬૦ વર્ષ પહેલાનું સૂરત, ૬૦ વર્ષ પહેલાં ઉચ્ચ કેળવણી પ્રત્યે પ્રજાનો અભિગમ, વર્તમાનપત્રોનું વલણ અને એ બધાંનું બયાન ૬૦ વર્ષ પૂર્વે વર્તમાનપત્રોમાં લખાતી ગુજરાતી ભાષા દ્વારા થયેલું તેમાં ત્યારની ગુજરાતી ભાષાનું સ્વરૂપ એમ અનેક રીતે આ નોંધ રસપ્રદ અને મહત્ત્વની છે.)

(સંપાદકો)

તા. ૨૩ મી જૂન, ૧૯૧૮—ગુજરાતમિત્ર

સૂરત સાર્વજનિક કૉલેજ

ગયા બુધવારનો દિવસ આ ઐતિહાસિક શહેરની તવારીખમાં, ખાસ કરી ઊંચી કેળવણીની પ્રગતિ માટે હંમેશ યાદ રહી જશે. અંગ્રેજી માધ્યમિક કેળવણી માટે આ શહેરમાં જોઈએ તેવી સગવડ નહિ હોવાથી ખાનગી ગૃહસ્થો તરફથી આજથી ત્રણ દાયકા ઉપર આ શહેરમાં ખાનગી સાહસથી અંગ્રેજી કેળવણી આપવાનું બીડું ઝડપવામાં આવ્યું હતું અને તેના કાર્યવાહકો ઘણી મુશ્કેલી છતાં ઘણી જહેમત અને સ્વાર્થ ભોગ આપીને શરૂઆતની મીડલ હાઈસ્કૂલમાં ફેરવવા નસીબવાન થયા હતા; કે જેને શેઠ ત્રિભોવનદાસ માળવી સોલીસીટર તરફથી ઉદાર આશ્રય મળ્યો હતો. એ હાઈસ્કૂલના ઇનામના મેળાવડામાં આનરેબલ પ્રિન્સિપાલ પ્રાંજપેએ આ શહેરમાં કૉલેજની જરૂરિયાત વિશે ઈશારો કર્યો હતો તે વખતે તેમને અને મેળાવડામાં હાજર રહેલાઓને ખ્યાલ પણ નહિ હશે કે પ્રિન્સિપાલ પ્રાંજપેની આશા થોડા વખતમાં ફળીભૂત થયેલી જોવાને તેઓ ભાગ્યશાળી થશે. મુંબઈ ઇલાકામાં કેળવણીના વધતા જતા ફેલાવાના સબબે મધ્યમ કેળવણી લેતા વિદ્યાર્થીઓની સંખ્યા વધવા લાગી પણ ઊંચી કેળવણી માટે આ ઇલાકામાં કૉલેજોની સંખ્યા હદમાં હોવાથી અને કૉલેજોમાં મુકરર કરેલી સંખ્યાના વિદ્યાર્થીઓને દાખલ કરવામાં આવતા હોવાથી કેટલાક વિદ્યાર્થીઓ દાખલ થઈ શકતા નથી એવી સામાન્ય ફરિયાદ ઊઠતી રહી હતી. સને ૧૯૧૨માં આ શહેરમાં સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સ્થાપન થઈ હતી. જેના સ્થાપકોને આર્ટસ કૉલેજની જરૂરિયાત પૂરી પાડવાની મોટી ખાએશ હતી પણ હાઈસ્કૂલને મજબૂત પાયા ઉપર મૂકતાં સુધી નવો સાહસ ઉઠાવવાને થોભવામાં આવ્યું હતું. દરમ્યાન સને ૧૯૧૫ના નવેમ્બરમાં કતારગામના વતની અને બરહામપુર કૉલેજના એક પ્રોફેસર મી. કુંવરજી જી. નાયકને આ શહેરમાં કૉલેજ સ્થાપવાનો વિચાર ઉદ્‌ભવ્યો હતો. અને તે પછી એ હિલચાલ આગળ વધી. સાર્વજનિક સોસાયટી હસ્તક એ કાર્યની શરૂઆતની ગોઠવણ કરી તે માટે જોઈતું ફંડ ભેગું કરાવવાની કોશેશ થઈ જેમાં સુરત અને મુંબઈના રહીશો ઉપરાંત ધરમપુર અને વડોદરાના મહારાજા ગાયકવાડ તરફથી કૉલેજને ફેતેહમંદ બનાવવા માટે સારો આશ્રય મળી મુંબઈ યુનિવર્સિટીની સેનેટે પોતાની સઘળી શરતો મુજબ કૉલેજના કાર્યવાહકો તરફથી સન્તોષ મળવાથી પાંચ વર્ષ સુધી સેકન્ડ ગ્રેડ આર્ટસ કૉલેજ તરીકે જોડવાની બહાલી આપી અને નામદાર સરકારે પણ તે મંજૂર રાખી છે.

જેથી એ કૉલેજ ગઈ તા. ૨૦ મીથી શરૂ થઈ છે. કૉલેજ માટે લેવાયેલી જમીન ઉપર નવું મકાન બંધાય તે દરમ્યાન સાર્વજનિક હાઇસ્કૂલના મકાનમાં કૉલેજની શરૂઆતની ક્રીયા ગયા બુધવારે સાંજે યુનિવર્સિટીના વાઇસ ચાનસેલર મિ. ચીમનલાલ હરીલાલ સેટલવડને હાથે થઈ હતી કે જેઓએ પ્રાથમીક કેળવણીના શિક્ષકોના કંગાળ પગાર માટે ધારાસભામાં ચલાવેલી લડત અને તે પછી કેળવણી સંબંધી પ્રશ્નોમાં જે ઉલટથી ભાગ લેતા રહ્યા હતા તે જોતાં કેળવણીના નેતાને હાથે કૉલેજની થયેલી શરૂઆતથી ભવીષ્યમાં એ કૉલેજ પહેલા ગ્રેડમાં ફેરવાઈ ગયેલી જોવાની આશા રાખીશું. નામદાર ગવરનર અને યુનીવરસીટીના ચાનસેલર લાર્ડ વીલીંગડને મી. સેટલવડ મારફત સંદેશો મોકલી કૉલેજને ફતેહ ઈચ્છીને એક મોટા કેળવણી ખાતામાં ફેરવાઈ જઈ સુરત અને તેની આજુબાજુના જીલ્લાઓની જરૂરીયાત પુરી પાડે એવી આશા બતાવી છે.

કૉલેજની જરૂરીયાત કેટલી બધી છે તે કૉલેજમાં દાખલ થવા માટે ઉમેદવારોની ઠરાવેલી હદ કરતાં વધુ સંખ્યામાં આવેલી અરજીઓથી સાબેત થાય છે. અને તેથી જેઓ આ શહેરમાં કૉલેજની જરૂરીયાત નથી એમ કહે છે તેઓ પણ હવે તેની જરૂરીઆત જોઈ શકશે. આ શહેરમાં કૉલેજ થવાથી આ શહેરના તથા સુરત જીલ્લાના નવસારી, ગણદેવી, બીલીમોરા, વલસાડ, ધરમપુર, વાંસદા ઉપરાંત ભરૂચ જિલ્લાના અને નાંદોદના વિદ્યાર્થીઓને ઘણી સગવડ થઈ શકશે કેમ કે મુંબઈ, અમદાવાદ અને વડોદરાની કૉલેજોમાં જગા હોતી નથી અને જગા મળે છે તો ત્યાંનો ખરચ વિદ્યાર્થીઓને ઘણો ભારે આવે છે. જ્યારે આ શહેરમાં તેટલી મોંઘવારી નડશે નહીં એ ચોક્કસ છે. છેવટે આ કૉલેજ સ્થાપન થવામાં સોસાયટીની મેનેજીંગ કમીટીને અને ખાસ કરી શરૂઆતથી આખર સુધી તન અને મનથી ખંતીલી રીતે કાર્ય કરનારા મી. ચુનીલાલ ઘેલાભાઈ શાહ અને તેમના ઉત્સાહી ગોઠયા મી. ચુનીલાલ માણેકલાલ ગાંધીને અમે ધન્યવાદ આપી કૉલેજની તેના પ્રીન્સીપાલ મી. શાવકશાહ પી. દસ્તુર જેઓને કોલ્હાપુરની કૉલેજના વાઇસ પ્રીન્સીપાલનો મોટો અનુભવ છે તેમની આગેવાની હેઠળ ફતેહ ઈચ્છીશું.



ટીપે ટીપે સરોવર : વિદ્યાર્થીઓ, શિક્ષકોની 'રૂપી કૂપન' ઝુંબેશ

અદનામાં અદના માનવીનું ઓછામાં ઓછું પ્રદાન પણ પ્રજાકીય સંસ્થાઓના ઉત્કર્ષ-પોષણ માટેનું મૂલ્ય ધરાવે છે એ વિચારની પુષ્ટિ અર્થે કૉલેજના વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ શેરીએ શેરીએ, ઘેરે ઘેરે ફરીને ઓછામાં ઓછો એક રૂપિયો ફાળો આપવાની કરેલી અપીલના જવાબમાં નાનામાં નાના માનવીએ પણ પોતાનું અર્પણ કરીને અમને રૂા. ૫૧૦૦૦=૦૦ (એકાવન હજાર) જેટલું દાન આપ્યું એ એક ધન્ય અનુભવ હતો. તસ્વીરમાં કૉલેજની ગર્લ્સ હોસ્ટેલનાં પટાવાળાં બહેન કીકીબહેન શ્રી નૈષધ દેસાઈને એક રૂપિયાનું દાન આપતાં નજરે પડે છે. ચિત્રમાં અન્ય જે નજરે પડે છે તે સર્વશ્રી મહાદેવ રાવળ, શ્રી પ્રકાશ ચોખાવાળા, શ્રી હકીમ શેખ, પ્રા. ઘનશ્યામ સનાઢ્ય, પ્રા. મોહન મેઘાણી, પ્રા. કુ. હિમાંશી શેલત, શ્રી બેન્જી મેથ્યુ, પ્રા. બી. આર. ભટ્ટ, અને પટાવાળા શ્રી મણિભાઈ.



ચાલુ શૈક્ષણિક વર્ષ દરમિયાન યોજાયેલા દ. ગુ. યુનિવર્સિટી યુવકમહોત્સવમાં નાટ્યસ્પર્ધામાં પ્રથમ વિજેતા નિવડેલી નાટ્યકૃતિ "**કાળરાત્રિના શ્યામ સિતારા**" માં ભાગ લેનાર એમ. ટી. બી. આર્ટ્સ કૉલેજનાં વિદ્યાર્થીઓ

COLLEGE MAGAZINE SECTION

SARVAJANIKAM

VOLUME 95

DIAMOND JUBILEE NUMBER

1979

મેગેઝીન વિભાગ

સાદર નિકમ્

૧.	પ્રેમ (કાવ્ય)	ડૉ. જયન્ત પાઠક
૨.	ગઝલ (કાવ્ય)	શ્રી રવીન્દ્ર પારેખ
૩.	હવા (કાવ્ય)	કૉરિતસ પાપાકૅંગૉસ/વિજય શાસ્ત્રી
૪.	આંસુઓનું નગર (કાવ્ય)	કુ. ભારતી પટેલ
૫.	કેળવણી અને જીવનવિકાસ (લેખ)	શ્રી આર. એમ. દેસાઈ
૬.	જનતા સરકારની આર્થિક નીતિ-સંભવિત પરિણામો (લેખ)	શ્રી લક્ષ્મણ અવૈયા
૭.	ચાર રૂપિયા (વાર્તા)	શ્રી આર. કે. નારાયણ/સુધીર પટેલ
૮.	આંચકા (વાર્તા)	શ્રી કમલેશ વ્યાસ
૯.	વિદ્યાર્થી પ્રવૃત્તિઓનો હેવાલ	—
૧૦.	In Retrospect (excerpts from the back numbers of the magazine)	

પ્રેમ

આનંદ અને વેદનાના
તાણેવાણે વણાયેલું આ પ્રેમનું વસ્ત્ર
પ્રિય, તું ધારણ કરી લે;
એની સુંવાળપથી તને રોમાંચ થશે,
ને એની બરછટતા તને મીઠું મીઠું ખૂંચશે,
તારાં બધાં વસ્ત્રોની નીચે
પ્રિય, તું એને ધારણ કરજે
જેથી એ તને સતત અડયા કરે–
બળદને ગળે જેમ ઘૂંસરી અડયા કરે એમ,
ભક્તને ગળે જેમ માળા અડયા કરે એમ–
કારણ કે પ્રેમ તો,
સંસારની બોજિલ વાસના પણ છે
ને ઈશ્વરની ઊર્મિલ પ્રાર્થના પણ.

—જયંત પાઠક



☐ ગઝલ

આમ તો સૂર્ય જેવો સતત એકલો ને છતાં એકલાની ભીડાભીડ છે,
જીવતો હું દટાયેો છું મારી ભીતર નામ એથી જ મારું પિરામીડ છે.

કાચ જેવો બરડ સાવ તકલાદી ખાલીપો પથ્થરિયા નગરીમાં વસતો રહ્યો,
તોય અકબંધ એવો ને એવો રહ્યો એ જ વાતે મને તો ચડી ચીડ છે.

કેટલી તરબતર લીલી ઇચ્છા ઊગાડી હતી શ્વાસમાં, એ ય વેરાન છે–
ચાડિયા સંગ ખેતર લણીને જૂએા એક આકાશ ભરતાં લીલાં તીડ છે.

ચાંચથી ચાંચમાં ચણ મૂકીને અહીં રોજ કલશોર કરતાં હતાં સોણલાં,
આજ તો ત્યાં ઊડે છે સળી ઘાસની સાવ તૂટી પડેલું પણે નીડ છે.

શોધતાં શોધતાં હું જ સંતાઈ બેઠો હતો સાવ સૂકા કોઈ ઘાસિયે,
શ્વાસ ભડકાવવાની કરામત થતાં હૂડ હૂડ હૂડ ભડકતું પૂરું ખીડ છે.

આંગળીના વધે જેમ નખ એમ મારી ભીતર રોજ અંધાર વધતો રહે,
-ને હવે એ સ્થિતિ છે—ભીતર, બ્હાર સઘળે જ અંધાર તાજે અડાબીડ છે.

☐ રવીન્દ્ર પારેખ
એમ. એ.–૨



હવા

કોસ્તિસ પાપાકોંગોસ □ અનુ. : **વિજય શાસ્ત્રી**

પણછની જેમ કમ્પે છે
પકવ ફળો પરથી લસરે છે.

સુપ્ત નગરીને
નક્ષત્રો પર બેસાડી આવે છે
સૂત્રોચ્ચારો, પોસ્ટરો અને રક્તકૂલોનો કોલાહલ
ભરતીમાં વહી જાય છે

અને સમય આવ્યે
હવાને જ કારણે
માનવી ગરદન મારેી જાય છે.

(ગ્રીક કવિતા)

આંસુઓનું નગર

મને
આંસુઓનું નગર ગમે છે.
હું એમાં રહું છું.
પેલી....રૂપાળી દુનિયાના લોકોનો
અહીં ભાસ થશે નહિ.
અહીં તો—
જિગરના ખાલી જામ,
ચુરચુર થયેલાં હૈયાં
જોવા મળશે.
દર્દીલાં ગીતોનો અહેસાસ
અહીં થશે.
અહીં–
મહેફિલ નહીં હોય,
સ્મિતની આપ-લે નહિ.
સઘળું શાંત અને ઉદાસ
માત્ર વેદના જ અહીં રહે છે.
કારણ કે,
આ આંસુઓનું નગર છે.

કુ. ભારતી એફ. પટેલ
એસ. વાય. બી.એ.

કેળવણી અને જીવનવિકાસ

દેસાઈ આર. એમ.
એફ. વાય. બી.એ.

કેળવણી એ જીવનનૌકાનું એક અગત્યનું અંગ છે. કેળવણી વિનાનું જીવન એ સુકાન વિનાની નાવ જેવું છે. પરંતુ કેળવણીપ્રાપ્તિ માટે ફક્ત વિદ્યાશાખાઓનો જ આશરો લેવો પડે એ માન્યતા ભૂલભરેલી છે. કેળવણી તો જીવનની શરૂઆતથી પ્રાપ્ત થાય છે. બાળક જન્મે છે ત્યારથી એનામાં ભેટ મળેલ જન્મજાત વૃત્તિઓ હોય તેનો વિકાસ થતાં ઈંદ્રિયો દ્વારા એને સીધી કે આડકતરી રીતે કેળવણી મળતી જ રહે છે. ઉપરાંત બાળકના ઉછેર સાથે એ જે જે સંસ્થાઓ કે સમાજમાંથી જીવન પસાર કરી રહ્યો હોય છે તેનાથી પણ એનું જીવન ઘડાય છે. જીવવાના સંજોગ અને સ્થળના અનુભવો પણ એને કેળવે છે. ટૂંકમાં જીવન આખું જ બાળક માટે કેળવણીક્ષેત્ર બને છે.

બાળક પ્રાથમિક કેળવણી મેળવી માધ્યમિક શિક્ષણક્ષેત્રમાં પ્રવેશ કરે છે ત્યારે એના જીવનની સર્વાંગી શરૂઆત થાય છે. એને જે વિચાર, કલ્પના અને સંસ્કારનું ભાથું મળ્યું હોય છે તે માધ્યમિક ક્ષેત્રમાં પરિપકવ બનવા પામે છે. આ ક્ષેત્રમાં બાળકે ઘણું ખરું એનું જીવનધ્યેય કઇ દિશામાં લઈ જવાનું હોય છે તે નક્કી કરવાનું હોય છે. માધ્યમિક ક્ષેત્ર બાળક માટે ભાવિદિશાસૂચક હોય છે. અહિં બાળકની વિદ્યાશાખાની લાયકાતનો ખ્યાલ મળી શકે છે. બાળક વિજ્ઞાન કે વિનયન ક્ષેત્રમાં વિકાસ સાધી શકે એમ છે કે કેમ તેનું ચિત્ર આકાર લેતું બને છે. આ ક્ષેત્રથી બાળકે પોતે પણ તેના ભાવિને કઈ દિશામાં વાળવાનું છે તે નક્કી કરવાનું હોય છે. ઉપરાંત વાલીઓ આશ્રિતને એની રુચિ જાણી તેના કેળવણીવિકાસને યોગ્ય વળતું કરે છે. અહિં બાળક કરતાં વાલીએ વધુ સજાગ રહેવું જરૂરી છે. કારણ કે તેઓ અંગ્રેજી, ગણિત, વિજ્ઞાન વગેરે વિષયો લેવા માગતા હોય જેથી એસ. એસ. સી.માં ભારે પડતા વિષયો છોડવાની છૂટને કારણે તેવા વિષયો પ્રત્યે બેદરકાર બને છે. કારણ કે બાળકને જીવનને યોગ્ય વિષયોની પસંદગી કરવાનું ભાન ઓછું હોય છે. વાલી પણ અભણપણું કે બીજા કારણે એ પ્રત્યે લક્ષ આપતા નથી. અને અંતે કૉલેજમાં પ્રવેશ મેળવવાનો પ્રશ્ન આવે છે ત્યારે બન્ને પક્ષોને તેમની ભૂલ સમજાય છે. આથી બાળકનો થવો જોઇતો વિકાસ થઈ શકતો નથી.

બીજું માધ્યમિક શિક્ષણ પૂરું કર્યા બાદ બાળકના જીવન પર આજની અર્થપ્રધાન સંસ્કૃતિની અસર પણ થાય છે. વિદ્યાર્થી તથા વાલીએ જીવનમાં પૈસાને જ વધુ મહત્ત્વ આપ્યું હોય છે. આજે તો પૈસો જીવનમાં પ્રધાન અંગનું સ્થાન ધરાવે છે. જાણે કે જીવન જીવવા માટે નહિ પણ પૈસો મેળવવાને જ હોય એવી હવા દેખાય છે. આથી બાળક માધ્યમિક કેળવણી પૂરી કરીને પૈસો કમાવી આવતી હોય તેવી વિદ્યાશાખામાં જ પ્રવેશ કરે છે. પરંતુ જીવનમાં વિચાર કર્યા વિનાનો અખતરો કેવાં ખતરાભર્યાં પરિણામો સર્જે છે તેનો અનુભવ તો તે ફળ ચાખ્યાં હોય તે જ જાણે. બાળક અને વાલી એવી શાખાઓમાં દાખલ કરવાની યોગ્યતા જાણ્યા વિના અજમાયશ કરે છે. અને અંતે બાળકના જીવન વિકાસમાં નિરાશાનાં વાદળાં છવાય છે અને તેનું જીવન ભગ્ન સ્વપ્નની નાવ બની જાય છે. આથી જીવન-વિકાસના પ્રથમ પ્રયાસમાં પ્રથમ ગ્રાસે મક્ષિકાનો અનુભવ થવાથી તેને જીવન નિરાશાવાદી, દુઃખદ અને ભારરૂપ લાગે છે. આથી વિદ્યાર્થી અવસ્થાથી જ આપણે શું બનવું છે તે માટેની લાયકાતની ખાતરી કર્યા બાદ જ આગળ પગલું ભરવું. દરેક માનવીને દરેક શક્તિઓ મર્યાદિત પ્રમાણમાં જ પ્રાપ્ત થઈ હોય છે જેથી તેની ચકાસણી કર્યા બાદ જ વિદ્યાર્થીએ આગળ પગલું ભરવું અને એ બાબતથી વાલીએ પણ સજાગ રહેવું.

પરંતુ આ તો કેળવણીની વાત થઈ. કયા પ્રકારની કેળવણી લેવી એ જ કેળવણીનો જીવન સાથેનો માત્ર સંબંધ નથી. કેળવણી એ જીવનનિભાવનું એક સાધન છે. કેળવણી પ્રાપ્ત કરી એટલે જીવન સિદ્ધ થઈ જતું નથી. કેળવણીનો જીવન સાથે સંબંધ ન હોય તેવી કેળવણી જીવનમાં કઈ રીતે સાર્થક બને? ગમે તેટલા પ્રમાણમાં કેળવણી લીધી હોય પરંતુ "ભણ્યા પણ ગણ્યા નહિ" એ જ કહેવતને સાર્થક કરીએ તો એ કેળવણીનો કંઈ અર્થ નથી. જીવનના જે જે પાસાને કેળવણી પ્રાપ્ત થઈ હોય તે તે પાસામાં વિનમ્રતા અને સુઘડતા આવે છે. જે તે કેળવણી, કેળવણી પ્રાપ્ત કરનાર વ્યક્તિ અને સમાજ બન્નેને માટે આશીર્વાદરૂપ બનવી જોઈએ. કેળવણીની પ્રાપ્તિમાં આપણું જીવન પણ નિર્ભર છે. કેળવણીથી જીવન નિભાવનું સાધન જરૂર બનાવવું પણ તેને એટલું સંકુચિત ન બનાવવું કે જેથી આપણી કેળવણીને લાંછન લાગે કેળવણી ટીકાને પાત્ર બને છે. દા. ત. ડૉકસ એ સમાજસેવાનું એક અગત્યનું અંગ છે. એ ધારે તો પોતાનો સ્વાર્થ સાધીને પણ ઉત્તમ માનવ-સેવા કરી શકે છે. દરેક ધંધાર્થીઓએ મેળવેલી કેળ-વણીનો વેપાર ન કરવો જોઇએ. કયુરી દંપતિએ રેડિયમની શોધ કરી હતી જે માંદા અને કેન્સરથી પિડાતા માનવીને જીવતદાન આપવાને અક્ષિસરૂપ બની. એમણે ધાર્યું હોત તો એ શોધને વેચી લખલૂટ પૈસો કર્યો હોત પણ તેઓની જીવનદષ્ટિથી એ વિરુદ્ધ હોવાથી તેમ ન કર્યું.

જીવન એ તો એક બાગ છે, એને કેળવણી અને સંસ્કારસિંચનથી સભર કરવાનું છે. પરંતુ આજે લીધેલી કેળવણીનો સારાંશ જોઈએ તો દેખાશે કે અમુક કેળવણી લીધા બાદ વ્યકિતના વ્યકિતત્વમાં જે આનંદ અને પ્રગલ્લભતાનાં દર્શન થવાં જોઈએ અને સમાજમાં જેને કેળવણી લીધાથી વ્યકિતના વ્યકિતત્વનું ઓજસ તેજોમય બનવું જોઈએ તેને બદલે જે તેના વિષયજ્ઞાનમાં છિછરાપણું દેખાય છે એ ખરેખર બાળકના જીવનની અને કેળવણીની કરુણતા છે.

આજે વિદ્યાર્થી અગિયાર વર્ષની કેળવણી પ્રાપ્ત કરે છે અને માધ્યમિક ક્ષેત્ર પસાર કરી જાય છે છતાં પણ તે સ્વતંત્ર જીવન જીવવા માટે પાંગળો રહે છે. આટલેથી એને જીવનભાથું પ્રાપ્ત થતું નથી. જીવનની આ કરુણતા માટે આપણા દેશની કેળવણીપ્રથા જવાબદાર છે. હજુ સુધી પ્રશ્નોમાં ફેરફાર એટલે કે પરીક્ષા–પદ્ધતિમાં ફેરફાર કરી નવી બાટલીમાં જૂનો દારૂ ભરવા સિવાય કશું દેખાતું નથી. બાળકના સર્વાંગી વિકાસની કેળવણી આપવા બાબતમાં આપણી સરકારે–અઢાર વર્ષને અંતે બનેલી લોકશાહી સરકારે નિષ્ફળતાભર્યા સફળ પ્રયાસ કર્યા છે. આ ભાષા અને પરીક્ષાપદ્ધતિના પ્રયોગો જેવા આ ભારતની સરકાર ખતરાભર્યા અખતરા કર્યા કરે છે. આપણા પગભર થતા દેશને કેવા પ્રકારના શિક્ષણની જરૂર છે તે વિચારવાને બદલે શિક્ષણ કેવી રીતે આપવું તે પર જ ચર્ચાવિચારણા થયા કરે છે. આજે છાશવારે વિવિધ આકાર પ્રાપ્ત કરતી કેળવણી પ્રથાથી વિદ્યાર્થીને તો જરૂરી ભાથું મળતું નથી. પણ સમજુ વાલીઓ તથા શિક્ષણધંધામાં પડેલા બધાને ગૂંચવાડો અને મૂંઝવણ પેદા થયા કરે છે. કોઈક એસ. એસ. સી માં ટેકનિકલ વિષયોની દલીલથી બચાવ કરવા પ્રેરાશે પરંતુ વિચાર કરો કે કેટલી સંસ્થાઓ આવી ટેકનિકલ કેળવણી આપે છે? દરેક શાળાને એવી સગવડ આપવા માટે સરકારે કયારે કયારે ગંભીરપણે વિચાર્યું છે? આ રીતે બાળકને રુચિ પ્રમાણે કેળવણી આપવા સરકારે વિચાર્યું છે? આજે પ્રાથમિક કેળવણી પાછળ પણ સરકાર શું ધ્યાન આપે છે? નિયત કરેલા સમય પ્રમાણે હંમેશા ગંભીરપણે શિક્ષણ અપાતું રહે છે? એની ખાત્રી માટે સરકારે શાં પગલાં લીધાં છે? દરેક પ્રાથમિક શાળામાં ભણતા વિદ્યાર્થીઓનો મકાનમાં સમાવેશ થઇ શકે છે?

દરેક બાળકને માનસિક ઉંમરને આધારે શિક્ષણ પ્રાપ્ત થાય તેને બદલે દરેક વર્ગમાં ઘેટાં ગોંધ્યાં હોય તેટલી સંખ્યામાં વિદ્યાર્થીઓનો સમાવેશ કરવામાં આવે છે. આ ભાવિ નાગરિક તૈયાર કરવાની પ્રથા?

અરે, આજે કૉલેજમાં વિદ્યાર્થીને કઈ ભાષામાં શિક્ષણ આપવું તે પણ ચર્ચાની ઐરણ પર ચઢેલો પ્રશ્ન છે. દરેક વિદ્યાપીઠે જુદું જુદું ધોરણ રાખ્યું છે. ગુજરાતી માધ્યમવાળી કૉલેજમાં ભણતા વિદ્યાર્થીને સંજોગાવશાત મુંબઈ રહેવાની ફરજ પડે તો એણે

અંગ્રેજી માધ્યમને કારણે અભ્યાસ છોડી દેવો પડે. બીજું ગુજરાતી માધ્યમવાળી વ્યક્તિને બંગાળ કે મદ્રાસ જઈ જીવન જીવવું પડે તો એ લીધેલી કેળવણી એને શું કામ આવે? જો દરેક વિદ્યાપીઠ માધ્યમ માટે એક ધોરણ સ્વીકારે તો કોઇ મુશ્કેલી જ ન આવે અને ભાષાના ભૂતથી એકબીજાથી અળગા રહીએ છીએ તેમાં પણ એકતાનો પ્રાણ પૂરી શકાય. અને તો પંજાબી સૂબો કે મહારાષ્ટ્ર જેવા સરકારને માથે માથાભારે પ્રશ્નો ઉપસ્થિત પણ ન થાય.

આથી પાયાની કેળવણીમાં કેટલો પાયો છે તે પ્રશ્નોથી સમજાય આજે કેળવણીના પાયાથી જ બાળકને કેળવણીનો રોગ લાગુ પડે છે. પણ કહેવત છે કે જોડા કેવા ડંખે છે તે તેનો પહેરનારો જાણે છે. ભોગવે તે જાણે. આ કેળવણીથી બાળકનું વ્યક્તિતત્વ કેટલું કુંઠિત થાય છે અને તે કેટલો પાંગળો બને છે તે બાળકને જ ખબર હોય છે. એનાં પરિણામોની ગંભીરતા નથી વાલી સમજી શકતા કે નથી શિક્ષણશાસ્ત્રીઓ સમજવા પ્રયાસ કરતા. આ અવસ્થામાં તો બાળકે શિક્ષણની ભાષાના ભાનની ભાગ્યે જ પરિપકવતા પ્રાપ્ત કરી હોય છે. આપણે જોઈએ છીએ કે વહીવટના બીજા ક્ષેત્રમાં કરેલા ફેરફારો તાત્કાલિક પ્રત્યાઘાતરૂપે સમાજમાં અનેક પ્રશ્નો ઊભા કરે છે જેથી એમાં સરકારે વટતા ફેરફાર કરવા પડે છે. પણ આ ક્ષેત્રમાં અમલમાં મુકાએલા તુક્કાઓનો વિરોધ કોણ કરે? એના પરિણામની બાળકના જીવનવિકાસ પર પડતા પ્રત્યાઘાતની થોડા દિવસો પર એક અમેરિકન શિક્ષણશાસ્ત્રીએ ટીકા કરી છે કે ગુજરાતના વિદ્યાર્થીઓ અંગ્રેજીમાં રહેલી નબળાઇને કારણે ધ્યેય સિદ્ધ કરવામાં ઘણા જ પાછળ પડે છે. માજી શિક્ષણપ્રધાન શ્રી ચાગલાએ પણ એ વાતનુ સમર્થન કર્યું છે. ઉપરાંત વાલીઓ, શિક્ષણશાસ્ત્રીઓ અને શિક્ષણસંસ્થાઓએ પણ સરકારની આ નીતિની આકરી ટીકા કરીને પાંચમાંથી અંગ્રેજી શીખવવા પર ભાર મૂકયો છે. અંગ્રેજી તો આંતરરાષ્ટ્રિય ભાષા બની છે. ઉપરાંત એ ભાષામાં દરેક પ્રકારના સાહિત્યનાં અજોડ પુસ્તકો પડેલાં છે. શું આપણે આપણા જ આપણા દેશમાં રહીને જીવન વિકસાવવાનું છે? પરદેશની વિદ્યાપીઠોમાંથી શિક્ષણ મેળવવું હોય તો શું? ત્યાંનાં લોકોના સંપર્કમાં આવવું હોય તો આપણી શી દશા થાય! શું આપણી કેળવણી સંકુચિતતાને માર્ગે નથી લઈ જતી? અંગ્રેજોને અહિંથી દરિયાપાર કર્યા તેથી અંગ્રેજીને પણ દેશવટો આપવો? કોણ કહે છે કે આ ભાષા અપનાવવાથી માનસ ગુલામ બને છે? એ ભાષા વિના ચાલતું નથી એ અર્થઘટન પણ ખોટું છે. આપણને એ ભાષા જાણવી જરૂરી છે તેથી એ શીખવી જોઈએ. સો વર્ષની ગુલામી ભોગવેલ પ્રજા હજુ ગુલામ જ છે એમ કહીએ તો ખોટું નથી કારણ કે બાળકે શું શીખવાનું છે, અને તેને કેવી કેળવણી આપવાની છે તે વાલીએ નક્કી કરવાનું છે, સરકારે નહિ, કેળવણી રાષ્ટ્રવિઘાતક ન હોવી જોઇએ એટલું જ સરકારે જોવાનું છે. ભાષામાં સ્વાવલંબી થવા કરતાં, અન્ન, ગરીબી, બેકારી, ટેકનોલોજી જે દેશને માટે પ્રાણપ્રશ્નો છે તેમાં સ્વાવલંબી બનવાનું વિચારીએ તો તે ડહાપણભર્યું છે. પરંતુ આજે લોકશાહીતંત્ર કહેવાય છે. પરંતુ લોકોના અવાજને કોણ સાંભળે છે? આપણા પ્રતિનિધિઓને પણ પાંચ વર્ષનો પરવાનો મળ્યા બાદ કયાં પ્રશ્નોને સમજવા મતદાર વિભાગમાં આવવાની ફુરસદ મળે છે? પરંતુ તે તો અભણના મતદાન પર નભતી સરકાર છે. આટલા શિક્ષણના ચારેક ધોરણ પર મર્યાદિત હોવું જરૂરી છે. જેથી મતદારને કેળવણી લેવાની ભૂખ પણ જાગે અને એટલી કેળવણી લીધા બાદ તેને રસ પડવાથી વધુ અભ્યાસ પ્રતિ આગળ વધે. અને ચારેક ધોરણના અભ્યાસથી મતદારમાં વર્તમાનપત્ર વગેરે વાંચવાથી કે જીવનમાં કંઈક સમજ આવવાથી મત આપવામાં સભાન રહે અને આખરે એ પ્રથા એના જીવનને તો ધન્ય કરે પણ એથી એક નમૂનેદાર, સુઘડ અને કેળવાએલી લોકશાહી પણ સ્થાપિત થાય. આમ કરવાથી આજે ફરજિયાત કેળવણીમાં જે બાહ્ય દબાણ દેખાય છે તે પણ ન રહે. આજનું ફરજિયાત કેળવણીનું માળખું સાચા અર્થમાં તપાસવું હોય તો ગોવાળિયા, અને હોટેલબોય અને કારખાનાઓમાં કામ કરતાં બાળકોની સંખ્યાથી ખબર પડે.

આ રીતે કેળવણી જીવન, રાષ્ટ્ર અને વિશ્વ સાથે નિકટપણે સંકળાયેલી છે. જો કેળવણીને સંકુચિત દૃષ્ટિથી ન જોતાં એની વ્યાપક અસરથી જીવન તથા દેહને સભર બનાવીએ તો આપણે માટે તો આશીર્વાદરૂપ છે જ પરંતુ જે ભૂમિને ખોળે આપણે જન્મ ધારણ કર્યો છે તેને પણ ગૌરવ લેવાનું થાય.

જનતા સરકારની આર્થિક નીતિ – સંભવિત પરિણામો

લક્ષ્મણ ડી. અવૈયા
ટી. વાય. બી. એ.

જનતા પક્ષ ૧૯૭૭માં સત્તા પર આવ્યો એ બનાવ અનેક દૃષ્ટિએ ભારતના રાજકીય ઇતિહાસમાં અજોડ ગણાય તેવો છે. આ સરકારે સત્તાખોરી માનસ પ્રત્યેનો અણગમો અને લોકશાહી તેમજ સમાજવાદ પ્રત્યેની ઊંડી નિષ્ઠાનું કર્શન કરાવ્યું છે. નવી સરકારના પ્રથમ ૧૮ માસ દરમ્યાનની અર્થકારણની કામગીરીનું મૂલ્યાંકન કરવામાં એ હકીકતની નોંધ લેવી જોઈએ કે હજી તમામ અસરો માપવાનું ઘણું વહેલું ગણાય.

૧૯૭૭–૭૮ની શરૂઆતમાં અર્થકારણ સમક્ષ જંગી કુગાવાની સંભવિતતાની શકયતા ઉદ્‌ભવી હતી જેનું પ્રતિબિંબ ભાવોના અનવરોધ વધારામાં પરિણમવાની ભીતિ હતી. જનતાપક્ષની સરકારે પૂરી ખંત અને પ્રમાણિકતાપૂર્વક જંગી પ્રશ્નો હલ કરવાનો નિર્ધાર કર્યો. કટોકટીના કાળા દિવસોમાં ધાક અને અસલામતીનું જે વાતાવરણ હતું તે રાતોરાત અદૃશ્ય થઈ ગયું અને નવી સરકારે વીજળી ઝડપે લોકશાહી તથા અન્ય અધિકારોની પૂર્વવત સ્થાપના કરી દીધી. ૧૯૭૮–૮૩ની સૂચિત યોજના જ નવા દૃષ્ટિબિંદુથી ઘડવામાં આવી છે. ૧૦ વર્ષના ગાળા દરમ્યાન પૂર્ણ રોજગારીનું ધ્યેય સિદ્ધ કરાશે.

સુગ્રથિત ગ્રામવિકાસના નવા કાર્યક્રમ હેઠળ સઘન વિકાસ માટે જ્યાં નાના ખેડૂતોને દુષ્કાળના વિસ્તારોમાં મુશ્કેલી વેઠવી પડે છે તે માટેનો ખાસ કાર્યક્રમ અમલમાં મૂકવામાં આવ્યો છે. એવા વિસ્તારોમાં ૩૦૦૦ બ્લોકસમાંથી વિકાસ માટે ૨૦૦૦ બ્લોકસને પસંદ કરી દેવામાં આવ્યા છે. નાના ઉદ્યોગો માટે જ લગભગ ૮૦૦ બાબતોને અનામત રખાઈ છે. કુટિરઉદ્યોગોને જોઇતી તમામ સવલતો અને ટેકો એક જ સ્થળેથી મળી રહે તે હેતુથી પ્રત્યેક જિલ્લામાં જિલ્લાઉદ્યોગકેન્દ્રો ઊભાં થઈ રહ્યાં છે. દરેક સામૂહિક ધટકમાં વ્યાપારી બેન્કની ઓછામાં ઓછી એક શાખા મળે એ જોવાનું પણ જણાવાયું છે આ લક્ષ્યાંક પણ હાંસલ થઇ રહેશે એવું જનતા સરકારની આર્થિક નીતિને તપાસતાં લાગે છે. આગામી ત્રણ વર્ષમાં ઓછી બેન્કો ધરાવતા વિસ્તારમાં વ્યાપારી બેન્કોની ૪૫૦૦ નવી શાખાઓ ખોલવામાં આવશે. આ ઉપરાંત વ્યાજના રાહત દરોની યોજના સમગ્ર દેશને લાગૂ કરવામાં આવી છે. જેને પરિણામે નાના ખેડૂતો, ખેતમજૂરો અને કારીગરો તથા દુકાનદારો આ યોજનાનો લાભ સારી રીતે લઈ શકશે.

ભાવને સ્થિર રાખવામાં જનતા સરકારને નેત્રદીપક સફળતા મળી છે. રાજકીય લોકશાહીના માળખામાં સરકારે માગના સંચાલનની નીતિ ઘડી છે. ૧૯૭૭–૭૮માં આશરે ૧૨૦ લાખ ટન અનાજનું આ યોજના હેઠળ વિતરણ થયું છે જે ૧૯૭૬–૭૭ કરતાં ઘણું વધારે છે.

અનાજના વેચાણના ક્ષેત્રે મહત્ત્વનું પગલું એ લેવાયું છે કે ઘઉં, ડાંગર અને ચોખાની આંતરરાજ્ય હેરફેર પરનાં નિયમનો હટાવી લેવાયાં છે. ખાંડ પરનો અંકુશ દૂર કરાયો છે. પરિણામે ભાવો નીચા ગયા છે. ઉપરાંત લોકોને કતારોમાં ઊભાં રહીને ચીજવસ્તુઓ નહિ મેળવવી પડે. ૧૯૭૭–૭૮ દરમ્યાન ૨૮ લાખ હેકટર જેટલી વધારાની જમીનને સિંચાઈ હેઠળ લાવવામાં આવી છે. સ્વતંત્રતા બાદ માત્ર એક જ વર્ષમાં કોઈપણ કાળે આવી સિદ્ધિ હાંસલ થઈ નથી. આ યોજનાથી રાસાયણિક ખાતરો, બિયારણોના વપરાશ પર અનુકૂળ અસર એ પડશે કે ખાતર તથા આધુનિક બિયારણોનો વપરાશ વધશે. પરિણામે રાસાયણિક ખાતરનાં કારખાનાંઓનો મોટા પાયા પર વિકાસ થશે. ઔદ્યોગિક ક્ષેત્રની કામગીરી સાધારણ રહેવા પામી છે. ૧૯૭૮–૭૯ના વર્ષ દરમ્યાન ઔદ્યોગિક વિકાસનો દર વધીને ૭ થી ૮ ટકા જેટલો ઊંચો જવાની અપેક્ષા

છે. જનતાસરકારે દોઢ વર્ષમાં એ દર્શાવી આપ્યું છે કે નાગરિકસ્વાતંત્ર્ય જાળવીને પણ ભાવને સ્થિર રાખી શકે તેમ છે.

આયાતનીતિનાં અગાઉનાં વર્ષો કરતાં હવેની નીતિ ઉદાર બનાવવામાં આવી છે. નિકાસવૃદ્ધિનો દર ઘટવા છતાં છેલ્લા અઢાર માસમાં લેવડદેવડની તુલાની પરિસ્થિતિમાં ઘણો સુધારો નોંધાયો છે અને હવે પછી આ સુધારો વધારે પ્રગતિશીલ રીતે નોંધાશે એવો સંભવ છે. સરકારે જાહેર કરેલી નવી કાપડનીતિમાં ઘણા આવકારદાયક પ્રબંધો છે એટલે કાપડઉદ્યોગ સાથે સંબંધ ધરાવતાં વિવિધ હિતોનાં પરસ્પરવિરોધી વલણો તથા માગણીઓ અને આવશ્યકતાઓ વચ્ચે સમતુલા જળવાશે એ જનતા સરકારની નીતિનું સંભવિત પરિણામ છે એમાં કોઈ શંકાને સ્થાન નથી

રોજગારીની વિપુલ તકો સર્જવા માટે આયોજનપંચે છઠ્ઠી યોજનામાં રોજગારલક્ષી રોકાણ કાર્યક્રમોને અગ્રિમ મહત્ત્વ આપ્યું છે. ખેતીવાડી પશુપાલન, નાની અને મધ્યમ કદની સિંચાઈ યોજનાઓ, ગૃહઉદ્યોગો, નાના ઉદ્યોગો, માર્ગવ્યવહાર અને મહત્તમ જરૂરિયાતના કાર્યક્રમ માટે વધુ નાણાં ફાળવીને સમગ્ર આયોજનને રોજગારલક્ષી ઓપ આપવામાં આવ્યો છે. બેકારી ઘટવા સાથે જ છઠ્ઠી યોજનાને અંતે બેકારી નાબૂદ થવાની નથી એટલે સાતમી યોજનામાં પણ તેનો ઉકેલ તો શોધવાનો રહેશે જ તે જનતા સરકારે ન ભૂલવું જોઈએ.

નવી આર્થિક અને ઔદ્યોગિક નીતિમાં જણાવવામાં આવ્યું છે કે વિકાસનું ક્ષેત્ર ગામડામાં ખસેડવું. શહેરોમાં નવા ઉદ્યોગો ઊભા ન થવા દેવા. બીજું એ કે ઉત્પાદનનો ઝોક નાના અને રોજગારલક્ષી ઉદ્યોગો તરફ રાખવો, ત્રીજું, શક્ય હોય ત્યાં સુધી યંત્રને સ્થાને માનવશક્તિનો ઉપયોગ કરવો. આનાં સંભવિત પરિણામો એ આવશે કે ગ્રામોદ્યોગોનો વિકાસ શક્ય બનશે, ગામડાનો બેકાર માનવપુરવઠો આ વિકાસકાર્યમાં લાગી પડશે જેથી તેની આર્થિક સ્થિતિમાં સુધારો થશે એટલે દેશની સમૃદ્ધિ વધશે. પરંતુ આ નવા વળાંકમાં જે ફેરફારો થવા જોઈએ તે હજી સુધી થયા નથી. હાથશાળ ઉદ્યોગમાં ૧૯૭૭-'૭૮માં ૫૭ લાખ માણસો રોકાયેલાં હતાં તે સામે ૧૯૮૨-'૮૩ સુધીમાં ૯૨ લાખ લોકોને તેમાં રોજી મળશે પરિણામે બેકારીની સમસ્યા હળવી બનશે.

કાપડનું ઉત્પાદન વિકેન્દ્રિત ક્ષેત્રમાં વધુ લેવાના ભાર સાથે જાહેર થયેલી સરકારની કાપડનીતિ સાચી દિશામાંનું પગલું છે. આમ છતાંય આ આશા કેટલી ફળશે તે એક પ્રશ્ન છે. છઠ્ઠી પંચવર્ષીય યોજનામાં કાપડની જરૂરિયાત ૧૨ ૦ કરોડ મીટર અંદાજાઈ છે અને એમ મનાય છે કે મિલ બનાવટના કાપડ માટે બજારની તકો ઊજળી રહેશે અંકુશિત કાપડ યોજનામાં થયેલા ફેરફારથી મિલો ભારે ખોટમાંથી બચી જવા પામી છે. ભાવછાપની નીતિનું સંભવિત પરિણામ એ આવશે કે ભાવો સ્થિર રહેશે.

કેન્દ્રમાં જનતાપક્ષ સત્તારૂઢ થયા બાદ સરકારની આર્થિક નીતિમાં ઘણા મહત્ત્વના ફેરફારો થયા છે. તેમાં ચા અંગેની નીતિ વિશેષરૂપે તરી આવે છે. સરકારે તા. ૭-૬-૭૮ના રોજ ચા હુકમ (Tea order)માં ફેરફાર કર્યો અને નિકાસ જકાત ઘટાડવામાં આવી, પરિણામે ભારતની ચાની નિકાસ પર ઘણી માઠી અસર થઈ હતી છતાં પણ આ નીતિનાં પરિણામો સારાં આવશે અને પરિસ્થિતિ થાળે પડશે.

આર્થિક સ્વાતંત્ર્ય વિનાનું રાજકીય સ્વાતંત્ર્ય સૂરજ વગરના દિવસ જેવું નિરર્થક ગણાય એટલે જ જનતા સરકારની આર્થિક નીતિએ વિકાસ આડે અવરોધરૂપ બનેલી વિવિધ શૃંખલાઓમાંથી અર્થતંત્રને મુક્ત કરી આર્થિક સ્વાતંત્ર્યનું ધ્યેય સિદ્ધ કરવાની દિશામાં સ્થિર પણ નિશ્ચિત ગતિએ આગેકદમ માંડ્યાં છે. શેરબજારે તો સરકારની નીતિમાં અપ્રતિમ વિશ્વાસ પ્રદર્શિત કર્યો હોય એમ નવા ઊંચા ભાવાંક દર્શાવ્યા છે. રૂપિયાની સદ્ધરતા આંતરિક તેમ જ બાહ્ય રીતે વધી છે કારણ કે અર્થતંત્રના ભાવિમાં વિશ્વાસ છે.

છે. ખેડૂતોની તેમ જ ખેતમજૂરોની ઉત્પાદનશક્તિ વધારવાની દિશામાં આ એક નિશ્ચાયાત્મક પગલું છે. ખેતીમાં નવી ટેકનોલોજી, સંશોધન, આંતરમાળખીય સગવડોનું વિસ્તરણ કરવામાં આવી રહ્યું છે જે સંભવિત પરિણામો સારાં આપશે.

ઘણાં વર્ષોની અનાજની તંગી અંકુશો, નિયંત્રણો અને કઠિનાઈઓ ભોગવ્યા પછી આજે દેશ ઉત્પાદન તથા પુરવઠા સબંધે સુખદ પરિસ્થિતિનો અનુભવ કરી રહ્યો છે અને ભવિષ્યમાં પણ કરી શકશે. કૂંડિયામણની અનામતોના ઉપયોગ દ્વારા સોનું આયાત કરીને પણ જનતાને વેચી ફરતું નાણું ખેંચી કુગાવો ઓછો કરવા માટે સરકારે જાહેર લીલામની યોજના મૂકી. છેલ્લા દિવસોમાં તેજીના તોફાને ચોંકી ઊઠેલી સરકારે છેવટે આ યોજના સમેટી લીધી છે છતાં સરકારની અંદાજપત્રીય ખાધ હળવી કરવામાં સહાય થશે.

વધુ ચિંતાજનક બાબત એ છે કે આંતરિક ક્ષેત્રે અરાજકતા પ્રવેશવા માંડી છે. સંખ્યાબંધ ચીજોમાં પુનઃ કાળાંબજાર વધ્યાં છે, અમલદારશાહી વકરી છે, લાંચરુશવતનું પ્રમાણ વધી રહ્યું છે. આ સ્થિતિ રાજકીય નહિ પણ આર્થિક અજંપો ઊપજાવી રહી છે. સરકાર દ્વારા અપનાવાયેલી વિવિધલક્ષી જાહેર નીતિઓને કારણે વીતેલા વર્ષ દરમ્યાન ભારતીય અર્થતંત્ર ઘણું જ બળવાન બન્યું છે, તેમ જ જીવન માટે આવશ્યક અને અન્ય ચીજવસ્તુઓના ઉત્પાદનમાં નોંધપાત્ર વધારો થયો છે જે સરકારની આર્થિક નીતિનું સમર્થન કરે છે.

૧૯૭૭-'૭૮માં ૧૨.૫૬ કરોડ ટન જેટલા અનાજનું વિક્રમ ઉત્પાદન થયું છે જે જનતાસરકારની આર્થિક નીતિની મહાન સિદ્ધિ છે. અન્નની આંતરિક પુરવઠાની સ્થિતિ હળવી બનશે ઉપરાંત રશિયા પાસેથી જે ૧૦ લાખ મેટ્રિક ટન ઘઉંનું ધીરાણ મળેલું તે પાછું વાળી રહ્યા છીએ. આપણા મિત્રદેશોને આપણે ઘઉંનો કેટલોક જથ્થો લોન તરીકે આપ્યો છે, અને તે બાબતમાં ભવિષ્યમાં આગેકૂચ કરી શકીશું. લાંબા તારના રૂના ઉત્પાદનમાં દેશ સ્વાવલંબી બન્યો છે. મધ્ય તારના રૂના ઉત્પાદનને વધારવા માટે ગુજરાતમાં ૧૦ લાખ હેક્ટર જમીનને આવરી લેતો એક સુસંકલિત કાર્યક્રમ હાથ ધરાયો છે. આ ઉપરાંત ૩૦૦૦૦ હેક્ટર જમીનના

અત્યાર સુધી આપણી ખેતી મહદ્ અંશે વરસાદ પર આધારિત રહી છે. પરંતુ જનતાસરકારે કૃષિ અને સિંચાઈને ઉચ્ચ અગ્રતા આપી છે. તેથી ખેતીક્ષેત્રની ઉત્પાદનવૃદ્ધિ વેગીલી બની છે જે ઘણું આવકારદાયક વિસ્તારમાં રૂના ઘર રોપવાનો પ્રાયોગિક કાર્યક્રમ હાથ ધરાયો છે. આના પરિણામરૂપે આપણે સારી જાતનું રૂ પ્રાપ્ત કરી શકીશું અને તેની નિકાસ પણ શક્ય બનશે. સુતરાઉ કાપડના ઉદ્યોગ માટે પૂરતા પ્રમાણમાં કાચો માલ પૂરો પાડી શકીશું.

૧૯૭૭-'૭૮નું વર્ષ એવી આશા સાથે પૂરું થયું છે કે સરકારે લીધેલાં પગલાંથી ભાવસ્થિરતા આવી છે અને ગણનાપાત્ર અનામત જથ્થો ઊભો કરી શકાયો છે જેની અસર હવે પછી કૃષિઉત્પાદનને સ્થિર કરવામાં થશે. સરકારની નીતિના ચોકઠામાં રહીને બાળખાને વિસ્તૃત કરવાને કારણે આગામી દાયકાઓમાં ગ્રામવિકાસ દ્વારા વધુ રોજગારીનું નિર્માણ થશે.

સરકારની આર્થિક નીતિમાં કરવેરા અંગેની નીતિ ઔદ્યોગિક વિકાસની આડે આવતું મુખ્ય બળ છે. તાજેતરનાં વર્ષોમાં કંપનીઓ પરના વેરાના દરમાં તીવ્ર વધારો થયો છે પરિણામે આજે ભારત એ જગતમાંના સૌથી વધુ કરવેરાવાળા દેશમાંનો એક બની ગયો છે. તેલની શોધને કારણે ભારતના અર્થકારણને એક નવું બળ હાલમાં પ્રાપ્ત થયું છે. આપણે તેલની બાબતમાં ૫૦% સ્વાવલંબી બન્યા એ વિકાસની દિશામાં એક નોંધપાત્ર સિદ્ધિ છે. પરિણામે ભારતનું અર્થકારણ ઉડ્ડયન Take off)ને તબક્કે અત્યારે પહોંચ્યું હોવાનું કહી શકાય.

કુટુંબનિયોજનના કાર્યક્રમને ફરીથી વેગ આપવામાં આવે તેવાં ચિહ્નો જોવામાં આવી રહ્યાં છે. રાજકીય ક્ષેત્રે તોફાનનું સ્થાન શાંતિએ લીધું છે. આથી પડોશી દેશો સાથે વધુ સારી સમજદારી અને ગાઢ સંબંધો સ્થપાઈ રહ્યા છે અને ભવિષ્યમાં વધુ સારા સંબંધો સ્થાપી શકાશે.

આમ ઉપરોકત જનતા સરકારની આર્થિક નીતિની રજૂઆતથી આપણે તેનાં સંભવિત પરિણામો સારી રીતે સમજી શકીશું. અમુક પરિણામોને બાદ કરતાં જનતા સરકારની નીતિનાં પરિણામો ઘણાં સારાં આવ્યાં છે. તેમજ તે પ્રશંસાપાત્ર અને આવકારદાયક બન્યાં છે તેમાં શંકાને જરા પણ સ્થાન નથી. અને આર્થિક પરિબળો યથાવત રહે તો આથી યે વધારે સારાં પરિણામો ભારતનું અર્થકારણ પ્રાપ્ત કરી શકશે અને દેશ વિકાસની ટોચે પહોંચી શકશે.

ચાર રૂપિયા

લેખક : આર. કે. નારાયણ
અનુ. : સુધીર એન. પટેલ
એસ. વાય. બી. એ.

એક કાર્ય કર્યા પછી બીજું કાર્ય કયું કરવું તે વિષે રંગાને કદીયે ચોક્કસ ખ્યાલ ન હતો. કબીર શેરીમાં આવેલી તેની નાની ઝૂંપડીમાંથી તે બહાર નીકળતો અને બજાર નજીક આવેલા ઝાડ પાસે વળતો ત્યારે તેને હમેશાં કાંઈક ને કાંઈક સારું–નરસું કામ મળી જતું.

બજારમાં આવેલા કુવારા પાસે તે આજે બેઠો હતો ત્યારે તેને એક વિચિત્ર કામ મળ્યું. શહેરબહાર આવેલા એક બંગલાનો નોકર તાકી તાકીને જોતો કોઈ માણસની શોધમાં આગળ વધતો હતો. તેણે રંગાને જોયો. તેણે રંગાને કહ્યું, "અમારો પિત્તળનો ઘડો કૂવામાં પડી ગયો છે. તું કોઈ એવા માણસને બતાવી શકે જે કૂવામાં ઊતરી એ ઘડાને બહાર કાઢી શકે ?"

"આ કામ માટે તેઓ શું આપશે ?"

"તું શું લેશે ?"

"મારે પહેલાં કૂવો જોવો પડશે અને એ રૂપિયાથી ઓછું લેવાનું હું વિચારી પણ ન શકું "

"ભલે ચાલ" નોકર બોલ્યો.

રંગાને આશ્ચર્ય થયું કારણ એની માગણી સ્વીકારાશે એવો તેને સ્વપ્નેય ખ્યાલ ન હતો. કંઈક બહાનું શોધીને તેણે છટકવાનો પ્રયત્ન કર્યો. પરંતુ પેલો નોકર તેને આમ છટકવા દે તેમ ન હતો. રંગાનું કાંડું પોતાના હાથ વડે પકડી તે નોકરે એને લગભગ ખેંચવા જ માંડ્યો. રંગાએ વિરોધ કર્યો.

"મને કૂવા વિષે કશો ખ્યાલ નથી."

"પેલા નોકરે કહ્યું, "આવું બધુ બોલવાની કંઈ જરૂર નથી. પહેલાં કૂવો તો જો ! છેલ્લા ચાર દિવસથી બંગલાના માલિકે મને સુખે બેસવા દીધો નથી. અને જો આજે હું તેમને માટે કાંઈ ન કરી શકયો તો તેઓ જરૂર મને નોકરીમાંથી પાણીચું આપી દે."

"પણ મેં કહ્યુંને કે હું કૂવા વિષે કશું જાણતો નથી." રંગા બોલ્યો.

"ચૂપ ! બહાનાં નહીં ચાલે" હસતાં હસતાં નોકરે ઉમેર્યું. "જોઈએ તો એક બે આના વધારે લેજે પણ તારી ચાલાકીઓ અજમાવીશ નહી."

પણ પણ...લથડાતી જીભે રંગાએ બોલવાનો પ્રયત્ન કર્યો પરંતુ નોકરે તેને એક બીડી આપી ચૂપ કરી દીધો.

પોતાનું ભાવિ નસીબ ઉપર છોડી દઈ રંગા તે નોકર સાથે જવા લાગ્યો. બંગલાને દરવાજે શેઠ અને શેઠાણી ઊભાં હતાં. નોકરને જોતાં જ શેઠ બોલ્યા, "કેમ તને કોઈ માણસ મળ્યો કે નહીં ?"

રંગા તરફ આંગળી ચીંધતાં તે બોલ્યો, "શેઠ, આ રહ્યો તે માણસ."

રંગો ધ્રૂજી ઊઠયો અને લાચારીથી આમ તેમ જોવા લાગ્યો.

શેઠ બોલ્યા, "અલ્યા, આ કૂવામાં એક પિત્તળનો ઘડો પડી ગયો છે. તારે તે કાઢી આપવાનો છે."

શેઠ, "હું શી રીતે કાઢી આપું ?" રંગાએ કહ્યું. આ તબકકે વાતચીતમાં સામેલ થતાં નોકર બોલ્યો, 'શેઠ, આ કામ મારા પર છોડી દો, આ માણસ તમારું કામ જરૂર કરશે."

શેઠને લાગ્યું કે આ નોકર કંઈક ઊંડી રમત પોતાની સાથે રમી રહ્યો છે, તેથી તેઓ માત્ર એટલું જ બોલ્યા, "ભલે ભલે પહેલાં કૂવો જોઈ લે." તેઓ રંગાને કૂવા પાસે લઈ ગયા.

શેઠ અને તેમનાં અન્ય કુટુંબીજનો રંગા તરફ એવો તો સારો વર્તાવ કરવા લાગ્યાં કે રંગાને ધીરે ધીરે પોતાની અગત્ય સમજાવા લાગી. બધાં માણસો તેને વીંટાઈ વળ્યાં અને ઘડો કૂવામાં શી રીતે પડી ગયો તે સમજાવવા લાગ્યાં.

રંગાએ ગંભીરતાપૂર્વક બધુ સાંભળ્યું. તે બોલ્યો, "તમારું દોરડું ઘસાઈ ગયેલું હોવું જોઈએ." તેની ટીકા સાથે સર્વ માણસો તરત જ સંમત થયાં અને રંગાને લાગ્યું કે એણે કોઈક ખૂબ જ અગત્યની વાત કરી દીધી હતી. પછી શ્રોતાઓએ રંગાને ઘડાનો ઇતિહાસ કહ્યો.

પછી કરડાકીપૂર્વક પેલા નોકર તરફ જોઈને શેઠ બોલ્યા, "આ ગધેડાને અમે કેટલીવાર કહ્યું હતું કે તું ઘડાને ન અડ પણ..."

એક નિષ્ણાતની અદાથી રંગો બોલ્યો, "કૂવામાંથી પાણી ખેંચવા માટે એલ્યુમિનિયમનો ઘડો વાપરવો જોઈએ."

ચારેકોરથી સંમતિસૂચક અવાજ સંભળાયો. રંગાને પ્રતીતિ થઈ કે હવે દુનિયા તેને કૂવાની બાબતોનો નિષ્ણાત ગણશે.

જેવું શેઠે કૂવાનું ઢાંકણ ખસેડયું અને રંગાએ અંદર જોયું કે તરત રંગાને ઉબકો પડયો. અંધકારમય કૂવામાં તળિયે પાણી દેખાયું તે બોલ્યો, "કૂવો ખૂબ ઊંડો દેખાય છે"

"માત્ર ૬૦ ફૂટ" શેઠ બોલ્યા,

રંગાએ ધીમા સ્વરે કહ્યું. "અમે સામાન્ય રીતે ચાલીસ ફૂટથી વધારે ઊંડે જતા નથી."

શેઠ બોલ્યા "તું આઠ બાર આના વધારે માગશે તો હું કાંઈ બબડવાનો નથી."

"તમારે મને ચાર રૂપિયા આપવા પડશે નહીં તો હું આવું જોખમ ઉઠાવું નહીં."

થોડીક રકઝક કર્યા બાદ તેઓ સંમત થયા. આ પરિસ્થિતિમાંથી છટકવાની છેલ્લી તક પણ સરકી ગઈ હોય તેમ રંગાને લાગ્યું. આ પહેલાં એક સાથે કદી તેણે ચાર રૂપિયા મેળવ્યા ન હતા.

હવે પછીના ત્રણ દિવસ તે કશું પણ કામ ન કરે તો પણ તેની પત્ની કે સાસુ તેને કાંઈ કહેવાનાં ન હતાં. આ રકમ તેને ખૂબ મોટી લાગી.

પરંતુ ફરીથી કૂવામાં જોતાં જ આવી મોટી રકમ મેળવવાની આશાથી ઉત્પન્ન થયેલો આનંદ લુપ્ત થઈ ગયો. તેને નાસી છૂટવાનું મન થયું.

કૂવા પાસેથી સહેજ દૂર ખસીને તે બોલ્યો, "મને મંજૂર છે." હું સાંજના આવીશ અત્યારે તો મારે ઘેરે જવાનું છે."

"શા માટે?" શેઠ બોલ્યા.

તે યોગ્ય ખુલાસો ન કરી શકયો. મહામુશ્કેલીએ તે કહી શકયો, હું હજી જમ્યો નથી."

આ શબ્દો પૂરા થતાં પહેલાં જ તેને શેઠ અને તેનો નોકર બંગલાના રસોડામાં ઘસડી ગયા અને તેની સામે કેળનું પાન પાથરી જમવાનું પીરસ્યું. રંગાએ પેટ ભરી ખાધું તેની આજુબાજુ ઊભેલા માણસો તેને આગ્રહપૂર્વક પીરસતા હતા. ભોજન બાદ તેને પાન-સોપારી આપવામાં આવ્યાં. રંગાના હોઠ હવે ચણોઠી જેવા લાલ થઈ ગયા. તેને લાગ્યું કે પોતે આ બંગલાનો મોંઘેરો મહેમાન છે. પરંતુ આ હર્ષની લાગણી તેને સોંપવામાં આવેલા કામની યાદ આવતાં ભૂલાઈ ગઈ.

ભોજન પછી તેણે અડધો કલાકનો આરામ આપવામાં આવ્યો અને ત્યાર બાદ તેને કૂવા પાસે લઈ જવામાં આવ્યો.

ફાંસીની સજા થયેલ માણસને જે લાગણી થાય એવી લાગણીઓનો તેને અનુભવ થયો. થોડીવાર કૂવાના તળિયા તરફ તાકીને ત્યાં જ ઊભો રહ્યો. આ પરિસ્થિતિ-માંથી મુક્ત થવા માટે પ્રયત્ન કરતાં તે બોલ્યો, "હું ઊતરી શકું નહીં. મને ઊતરતાં આવડતું નથી."

"આમ ન બોલ" તેઓ બોલ્યા.

રંગાને મૂંઝવણ એ વાતની હતી આ બધાં માણસોને તેને ડૂબાડી દેવામાં શો રસ હશે? તેઓ બધાં તેની આજુબાજુ વીંટળાયેલાં હોવાથી ભાગી છૂટવું અશકય હતું.

તેણે તેનું ફાટેલું ખમીસ ઉતાર્યું અને કછોટો વાળ્યો. તેણે એક દોરડું મગાવ્યું અને તેનો છેડો ગરગડી પાસે આવેલા આડા સળિયા સાથે બાંધ્યો અને દોરડાનો બીજો છેડો પાણીમાં ઉતાર્યો. દોરડાની મદદથી રંગા ધીરે ધીરે નીચે પોતાના પગ કૂવાની બાજુમાં આવેલ ગોખલામાં ટેકવતો સરકવા લાગ્યો. જેમ જેમ તે નીચે જતો તેમ તેમ હવા તેને વધુ ગરમ લાગવા માંડી.

અંધારું વધતું જતું હોય તેમ લાગ્યું. તેણે ઉપર જોયું તો આકાશ એક નાના વર્તુળ જેવું દેખાયું. કૂવાની દીવાલમાંથી એક પીપળાનો છોડ ફૂટી નીકળ્યો હતો. કૂવાની ટોચ પરથી નીચે જોતાં માણસોના ચહેરા ઝાંખા દેખાતા હતા.

"કાળજી રાખજે" એક અવાજ સંભળાયો.

"કેમ ખચકાય છે?" બીજો અવાજ સંભળાયો.

"હું તો બહાર નીકળી આવું છું મારાથી નીચે હવે નહીં ઊતરાય." રંગો બોલ્યો.

'તું અડધે રસ્તે તો પહોંચી ગયો છે.'

"જો હું બહાર ન નીકળું તો મારી બૈરીને કહેજો કે.."

તેઓ બધાં આ સાંભળી હસી પડ્યાં. રંગાએ પોતાની જાતને ઉદ્દેશી કહ્યું, "હવે બહાર નીકળવાનો કોઈ રસ્તો જ નથી. મારે મરવું જ પડશે."

તે વધુ નીચે ઊતર્યો. અંધકાર વધુ ગાઢ બન્યો. તેના કાન તેને ભારે લાગવા માંડ્યા. તેની છાતી બેસી જતી હોય એવું તેને લાગ્યું. તેની આંખે અંધારાં આવ્યાં. જ્યારે છેલ્લા ગોખલે પગ મૂક્યો ત્યારે તો બેબાકળો બની ગયો તેના કાનમાં માત્ર એક જ અવાજ સંભળાતો હતો. ચાર રૂપિયા, ચાર રૂપિયા...

બરફ જેવું ઠંડું પાણી તેના પગના તળિયાને અડ્યું. તે વાંકો વળ્યો અને એક હાથ વડે થોડું પાણી પીવા લાગ્યો. ત્યાર બાદ કૂવામાં તેણે ડૂબકી મારી અને એના હાથમાં પેલા ઘડા સાથે બાંધેલું દોરડું આવ્યું. તેણે ઘડો ખેંચી લીધો. પરંતુ હવે તેના માટે ઉપર ચઢવું એ પણ એક સાહસ હતું.

પેલા માણસોએ તેને ઉપર ખેંચી લીધો. બહાર નીકળતાંવેંત જમીન પર તે સૂઈ ગયો અને લગભગ કલાક ત્યાં પડી રહ્યો. જ્યારે તે જાગ્યો ત્યારે તેને શેઠના શબ્દો સંભળાયા.

"તું સારો માણસ છે. હવે ફરીથી કૂવામાં કોઈ વસ્તુ પડી જશે ત્યારે અમે તને બોલાવીશું. તું ક્યાં રહે છે?" શેઠના પ્રશ્નનો જવાબ આપ્યા વિના રંગો બોલ્યો, "મને ચાર રૂપિયા આપો અને જવા દો."

અને શેઠે તેને સવાચાર રૂપિયા આપ્યા. હાથમાં રહેલ રકમ તરફ જોતાં રંગાએ દલીલ કરી કે શેઠ તમે તો મને ચાર રૂપિયા ને બાર આના આપવા કહ્યું હતું. આ સાંભળતાં શેઠ ગુસ્સે થઈ બોલ્યા, "તારા લોભને કાંઈ થોભ છે? અમે તને જમાડ્યો, હવે આઠ-લાથી સંતોષ માન અને ઘેર જા!"

"કૂવામાં ડૂબકી મારનારને તમે કદી સંતોષી શકો નહીં." કોઈકે તેમાં સૂર પૂરાવ્યો.

જ્યારે રંગા ઘેર ગયો ત્યારે તેણે તેની પત્ની અને સાસુને હમેશ મુજબ બારણા પાસે ઊભેલાં જોયાં, તેને જોતાં જ તેની પત્ની ઘૂરકી, "સાત વાગી ગયા હવે હું બજાર જાઉં ક્યારે અને રાંધું ક્યારે? તને એમ જ લાગે છે કે હું તારી ગુલામી કરવા જન્મી છું. આજે રાત્રે તને ભૂખ્યો જ રાખવો જોઈએ...તો જ તને ભાન થાય."

રંગાએ સવાચાર રૂપિયા તેને બતાવ્યા. તે બોલી, "ચાર રૂપિયા! ચોરી તો નથી કરીને?"

છોલાઈ ગયેલાં કોણી અને ઘૂંટણ દર્શાવતાં રંગાએ સાચી પરિસ્થિતિ જણાવી ત્યારે તેઓ તેની તરફ જોઈ જોઈ હસતાં હસતાં કહેવા લાગ્યાં, "તું કદી કૂવા પાસે ગયો હોય એવું આજ સુધી સાંભળ્યું નથી.

એ બનવાજોગ છે તું કોઈ ખાડીમાં ઊતર્યો હોય અથવા કોઈનું ખીસું કાપ્યું હોય,"

આંચકા

કમલેશકુમાર એસ. વ્યાસ

આજે કોણ જાણે બસડ્રાઇવરને શું થઈ ગયું છે? બ્રેક મારીને બસને વારંવાર આંચકા મારે છે. બસ તો લગભગ ખાલી જ હતી પરંતુ આજે આંચકા કેમ લાગે છે? મને એકલાને જ લાગે છે કે બધાંને જ આંચકા લાગે છે? લાવ સામેના ભાઈને પૂછી જોઉં. "હું ભાઈ, આજે બસ આંચકા કેમ મારે છે? તે જવાબ આપવાને બદલે હસવા લાગ્યો. તેમણે ફક્ત એટલું જ કહ્યું કે, "તમને લાગે એવું." મારાં મન તથા શરીરને એમ લાગે છે કે આજે બસ આંચકા મારે છે, જેમ મારા દિલમાં અત્યાર સુધી પડી રહેલી કરચલીઓ કંપે છે. હું વિચાર કરવા માગતો નથી છતાં પણ કંઈક વિચાર કરતો હોઉં એવું મને લાગે છે. આજે મને કોઈ બોલાવી રહ્યું હોય તેવો ભાસ થાય છે. અરે બસ તો ઊભી રહી. ધીમે ધીમે તેનું મશીન બંધ થતું જાય છે. તેનો અવાજ તો સાંભળો કંઈક જુદો જ લાગે છે. અને તે પણ આંચકા ખાય છે. મારી મહારાજ જેવી જગ્યા પરથી હું ઊભો થયો. મારા પગે એક સાહસ કર્યું. મેં પગ ઘબ્બ દઈને આગળ મૂક્યો. મને આ પગલું મૂકતાં કેટલો સમય લાગ્યો તે ખબર નથી પરંતુ વિચાર જરૂર કર્યો. પગ ઝડપથી આગળ વધવા માંડ્યા. છેવટે બસનો છેલ્લો ભાગ આવ્યો મને જાણે પ્રથમ વાર ધરતી પર પગ મૂકતો હોવું તેવું લાગ્યું. જેવો પગ મૂક્યો તેવો જ ઠંડા પવનનો હુમલો થયો. વાતાવરણ તો સવારથી જ ઠંડું હતું સૂર્ય સવારથી જ આયારામ ગયારામ કર્યા કરતો હતો. મેં ધરતી પર પગ મૂક્યો અને એની અસર સૂર્યને થઈ એવું મને લાગ્યું. એકદમ તે વાદળ પાછળ છૂપાઈ ગયો. આ બધાંની અસર મારા થઈ નથી કારણ કે આજે તો મન અને દિલમાં ભયંકર હુમલો થયો છે. તેને મંદ પાડવાના વિચારમાં જ હતો. પગ તો રાબેતા મુજબ પોતાનું કાર્ય કરતા હતા પરંતું મગજને આજે બધું નવું નવું લાગતું હતું. આજે હું કોઈ રાજમહારાજાના મહેલમાં જતો હોઉં એવું લાગતું. આગળ મોટી કમાનવાળો દરવાજો હતો. તેના પર શું લખ્યું હતું તે વાંચવાની ઇચ્છા નહીં હોવાથી હું આગળ વધ્યો. લાંબો સીધો રસ્તો જાય છે. બન્ને બાજુ આવનારના સ્વાગત માટે મોટાં મોટાં ઝાડ ઊભાં રહ્યાં છે. બંને બાજુ નાના નાના છોડની હારમાળા કરી છે. અને મારી સામે સૂચનાનું બોર્ડ આવતાં અકસ્માત જ વંચાઈ ગયું, "વાહન અંદર લઈ જવા મનાઈ છે." વાહન મૂકવા માટે રસ્તાની બંને બાજુએ સ્ટેન્ડ છે. ત્યારે મને ખ્યાલ આવ્યો કે મારી પાસે કોઈ વાહન તો નથીને? હોય તો લાવ મૂકી આવું. પરંતુ મારી પાસે તો પગ જ વાહન તરીકે હતા. પણ કેટલી સાવચેતી? વાહન ન લઈ જાય તે માટે લાંબો દરવાજે કોઈ ખાસ જરૂર પડે તો અંદર વાહન દાખલ થઈ શકે તેની પણ સગવડ. હું દરવાજાની એક બાજુથી ઓટલા પર ચઢ્યો અને આગળ વધ્યો. બધાં લોકો આવી રીતે અંદર આવતાં અને બહાર જતાં. તેમ કરવામાં મને વાંધો ન આવ્યો. હવે તો થોભવું જ પડશે. આ ત્રણ રસ્તા જાય છે. એક પી ટી. સાયન્સ કૉલેજ તરફ, બીજો કે. પી. કૉમર્સ તરફ અને સીધો રસ્તો એમ ટી. બી. આર્ટ્સ કૉલેજ તરફ. જિંદગીમાં પણ ત્રણ રસ્તા આવે છે. અહીં તો પસંદગીનો સવાલ છે. સાયન્સમાં જવું હોય તો આ છાતીનાં પાટિયા મજબૂત જોઈએ. હિંમત અને બુદ્ધિ આગળ પડતી હોય તો તરત દોડી જવાય કૉમર્સના રસ્તાનો સવાલ. દરેક વ્યક્તિ જિંદગીમાં પાછલા દરવાજેથી કૉમર્સમાં દાખલ થાય છે એટલે કે સંસાર ચલાવવાનો હિસાબ રાખવો પડે છે. અને હા આ સીધો રસ્તો એમ. ટી બી. આર્ટ્સ કૉલેજમાં લઈ જાય છે. લાવ હું પણ સીધા રસ્તે જાઉં. આ રસ્તો સારો પડે છે. બધી વ્યકિતઓને શાંતિથી જીવન જીવવાની લાલચ તો થાય છે જ.

મને તો પાછો પેલો વિચાર આવે છે દૂધના ઊભરા જેવો એકદમ વિચારનો ઊભરો આવ્યો. હું સીધો ચાલતો હતો ત્યાં મારા માથા પર ઝાડના કોમળ

પાનોનો વરસાદ થયો. કોઈ દિવસ નહીંને આજે મારા પર પ્રેમ થયો. હું હાથ વડે માથું સાફ કરતો હતો તેવામાં મારા પગ સાથે કંઈ વસ્તુ અથડાઈ મારા પગ ધ્રૂજવા લાગ્યા. નજર કરી તો કોઈનો આઈડેન્ટિટી કાર્ડ મારા પગને લીધે ઊંધો થઈ ગયો હતો. કાર્ડ લેવા વાંકો વળ્યો. અને હાથમાં કાર્ડ લીધો, અને હું એકદમ ચમકયો. એક વર્ષથી કૉલેજ છોડી જનારનો કાર્ડ આમ રસ્તે? તે પણ મારા પગે અથડાયો? "મંજૂલા ત્રીકમ બક્ષી" નામ તો વંચાઈ ગયું. પણ મારા મોંને લગામ દેવાનું ભૂલી ગયો. "મારી એમ. ટી. બી. તું કયાં છે? આ છોકરીને પ્રેમથી એમ. ટી. બી. કહેતો. મેં તો મારું કોરા કાગળ જેવું દિલ આપ્યું હતું. તેનામાં પચાવવાની શકિત કયાં હતી? લાવ જોવા તો દે કેટલા કેટલા દિવસથી તેનું મોઢું જોયું નથી. કેવું સુંદર મુખ છે? છૂટા વાળ અને પહેલી જ વખતથી જોવાથી પ્રેમ થઈ જાય. આ કાર્ડમાં આખો ફોટો હોત તો કેવું સારું. મુખ તો પૂનમના ચાંદ જેવું છે. તેનું રૂપ તો હું જાણતો હતો. આ તો ફરીથી પુનરાવર્તન કર્યું. હું કોને પૂછું? આ કાર્ડ કોનાથી પડી ગયો? તેની બહેનપણી જ સામેથી આવે છે. લાવ પૂછી જોઉં. "સ્મિતા, એમ. ટી. બી. આજે કૉલેજ આવી છે? "આવી તો હતી ઝડપથી જતી રહી." આ પત્ર તારા માટે આપી છે. અને ગુડબાય કહ્યું છે. મેં હાથ લંબાવી પત્ર લીધો પરંતુ મારા કાનમાં સ્મિતાના છેલ્લા શબ્દો હજુ ગુંજતા હતા. પત્ર વાંચવાનું મન થયું નહીં પત્ર અને આઈડેન્ટિકટી કાર્ડનું મિલન પણ વિચિત્ર હતું. બંને વસ્તુ અને મારો પરસેવાવાળો હાથ એક થઈ ગયાં. તેને છૂટા પાડવાની હિંમત થઈ નહીં. બન્ને ધ્રુજતા હાથે મેં મારા પાકિટમાં મૂકી ને મારા પગને ચાલવાનો હુકમ કર્યો. વિચાર તો કર્યો આ મારી એમ. ટી. બી. અને આ એમ. ટી. બી. નામ એક સરખાં જ છે. પણ એમ. ટી. બી. કેટલી વિશાળ છે? તેનું દિલ કેટલું મોટુ છે? તેનું કેટલું બધું માન છે? કે તેને મળવા આવનાર લોકો રાજાનો મહેલ જ ધારી લે છે આ એમ. ટી. બી. કૉલેજના પ્રથમ ભાગમાં કેટલો સુંદર બાગ છે? નાનાં કોમળ ફુલ બાગની સુંદરતામાં વધારો કરે છે. તે તો આંખેથી જોઈને જ નક્કી કરી શકાય છે. એમ. ટી. બી. ને જરૂરિયાતનાં ફૂલ અહીંથી જ મળી રહેતાં હશે. લાલ રંગની ઇમારત ખરેખર જોઈ રાજાના મહેલની યાદ નથી આવતી? એમ. ટી. બી. એ લાખો યુવાનોનો જિંદગી સુધારી હશે તેની પાસે કેટલું જ્ઞાન હશે? કે યુવાન છોકરાછોકરીઓને કંઇક બનવા માટે માર્ગદર્શન આપે છે તેનું જ્ઞાન હમેશાં ગંગાનાં પાણીની માફક વહેતું જાય છે. જેમનામાં જેટલું જ્ઞાન પીવાની શકિત છે તેટલું પીને જતા રહે છે. તેને કોઈ પણ જાતની આંચ આવતી નથી અને પેલું મોટું મેદાન દેખાય છે. ત્યાં ગુજરાતના કેટલાક સાહસિક યુવાનો રમી ગયા હશે. આ એમ. ટી. બી. ના પાલવમાં લાખો યુવાનો છુપાઇને બેઠા છે. અને મારી એમ. ટી. બી. ની વાત કરું એટલે કે મારી પ્રિયતમાની શી વાત કરું? મારી એમ. ટી. બી. માં મને છુપાવવા ની શકિત નથી. જેવી ભાગ્યદેવીની કૃપા જેવાં કર્મનાં ફળ. મને એક એમ. ટી. બી. એ પાલવમાં ન છુપાવ્યો તો કાંઈ નહીં પણ એમ. ટી. બી. કૉલેજનું દિલ વિશાળ છે મને ચોક્કસ અપનાવી લેશે. એમ વિચારતો હું એમ. ટી. બી. કૉલેજના પાણીના કુલર પાસે ગયો. થોડું પાણી પી શાંત થયો. મારા મગજના હુમલાનું જોર ઓછું થયું. હું સ્વસ્થ થયો. અને એમ ટી. બી. કૉલેજના પાલવમાં છુપાઈ ગયો.

રમતગમતના ક્ષેત્રે અમારી સિદ્ધિઓ

કુ. એમ. ટી. નરેન્દ્રા



દ. ગુ. યુનિ. વૉલિબૉલ પ્લેઅર

કુ. અન્ના એન. ગામિત



દ.ગુ.યુનિ.૨૦૦ મીટર દોડ ચૅમ્પિયન
,, ૪ × ૧૦૦ મી. ટૂંપા-દોડ ચૅમ્પિયન.

કુ. કે. જી. જોષી



દ. ગુ. યુનિ. ૪ × ૧૦૦ મી. ટૂંપા દોડ ચૅમ્પિયન ટીમનાં સભ્ય.
૧૦૦ મી. દોડમાં તૃતીય.

એન. એસ. એસ. પ્રવૃત્તિ





ઇચ્છાપોર ગામે યોજાયેલા શિબિરમાં શ્રમકાર્ય કરતા એમ. ટી. બી. આર્ટ્સ કૉલેજના વિદ્યાર્થીઓ



રમતવીર સ્વ. ડેનિયલ સૉલ

જેમની ઉજ્જ્વળ કારકિર્દી કૉલેજના રમતવીરો માટે
પ્રેરણાદાયી બની રહેશે

સ્વાધ્યાય સંચેતના

કુ. એફ. પી. ડીમેલો



એફ. વાય. બી. એ. પ્રથમ વર્ગ

કુ. એસ. આઈ. સૈયદ



એફ. વાય. બી. એ. પ્રથમ વર્ગ

કુ. સોનલ જે. વૈદ્ય



એફ. વાય. બી. એ. પ્રથમ વર્ગ
લીલા લજપત મોનો – એક્ટીંગ
સ્પર્ધામાં પ્રથમ

શ્રી વાય. એ. અંગલી



એફ. વાય. બી. એ. પ્રથમ વર્ગ

કુ. આર. આઈ. ભામ



પ્રિ. યુનિ. આર્ટ્સ પ્રથમ વર્ગ

કુ. હર્ષા કે. ગાંધી



પ્રિ. યુનિ. આર્ટ્સ પ્રથમ વર્ગ

શ્રી એન. બી. નાહટા



પ્રિ. યુનિ. આર્ટ્સ પ્રથમ વર્ગ

શ્રી વી. આર. પટેલ



પ્રિ. યુનિ. આર્ટ્સ પ્રથમ વર્ગ

શ્રી વાય. એ. શેખ



પ્રિ. યુનિ. આર્ટસ પ્રથમ વર્ગ

કુ. નયના આર. ખજા



એસ. વાય. બી. એ. (અર્થશાસ્ત્ર)
પ્રથમ વર્ગ

કુ. ડીના પરમાર

કુ. પ્રેરણા એન જરીવાલા



એસ. વાય બી. એ. (અંગ્રેજી)
પ્રથમ વર્ગ

કુ. પ્રજ્ઞા એ. પટેલ



એસ. વાય. બી એ. (ઇતિહાસ)
પ્રથમ વર્ગ

કુ. ઇન્દુબેન બી. પટેલ



એસ. વાય. બી. એ. (અર્થશાસ્ત્ર)
પ્રથમ વર્ગ

કુ. સુષમા વી. શુકલ

સ્વાધ્યાય

સંચેતના



ટી. વાય. બી. એ. (સંસ્કૃત)
પ્રથમ વર્ગ

શ્રી શૈલેષ સી. ભટ્ટ



એફ. વાય. બી. એ. પ્રથમ વર્ગ



કુ. પ્રતિમા કે. શાહ

એસ. વાય. બી. એ (માનસશાસ્ત્ર)
પ્રથમ વર્ગ



એસ. વાય. બી. એ. (સંસ્કૃત)
પ્રથમ વર્ગ



પ્રા. ડી. જી. દાસ
માનસશાસ્ત્રના વિષયમાં
એમ. ફિલ. થયા.



પ્રા. જે. એન. દેસાઈ
અર્થશાસ્ત્ર વિષયમાં એમ. ફિલ. થયા



પ્રા. હંસાબેન પરિયાવાલા
સંસ્કૃત વિષયમાં
એમ. ફિલ. થયાં.



શ્રી અશ્વિન જોખાકર
ટી. વાય. બી. એ. (ઇતિહાસ)
પ્રથમ વર્ગ

*

સ્વાધ્યાય સંચેતના

*



શ્રીમતી રૂમા ગાંધી
ગુજરાતી વિષયમાં એમ. ફિલ થયાં



કુ. મધુબેન આર. પટેલ
ટી. વાય. બી. એ. (સંસ્કૃત)
પ્રથમ વર્ગ



કુ. દીપિકા પી. શાહ
ટી. વાય. બી. એ. (ઇતિહાસ)
પ્રથમ વર્ગ



કુ. ઉમા ડી. છાયા
ટી. વાય. બી. એ. (ઇતિહાસ)
પ્રથમ વર્ગ

In Retrospect

A good educational institution aims at developing the all-round personality of the young men and women who come under its portals to receive training. Mere class-room activities are neither sufficient nor desirable for the fulfilment of this higher educational objectives.

There are scores of extra-mural and co-curricular activities that are pursued simultaneously with class-room teaching in a good institution.

One important feature of the co-curricular activities the encouragement of creative and critical self-expression among students. The college magazine is an important instrument through which students as well as teachers seek to give expression to their scholarly instinct

The M. T. B, College Magazine at present entitled SARVAJANIKAM (formerly entitled SARVAJANIKAN) has over the years provided opportunities to the students and teachers for scholarly pursuits.

Thr editorial articles consisting of reviews of activities done during a particular year comments on current social, political, cultural scenes etc. published in the MTB College Magazine have been read by students and their parents with deep interest from year to year.

In the following pages we reproduce a few passages culled from the different volumes of the magazine to enable our readers to see in retrospect the mighty intellectual activity that has continued through decades. Some of the passages will show how certain educational problems and their solutions suggested years ago are equally relevent even today. (*Editors*)

Serial No. 31 October, 1935

(In the following few lines reproduced from the editorial of October, 1935 number an interesting controversy is referred to. What should be the teacher's method in the class-room ? This is a ticklish question. In our situalion a teacher's audience is an assortment of talents. He cannot therefore decide whether to stoop to thc level of the lowest talent or cater to the needs of the most talented ones ? The best couse is the golden middle. The subject is interesting and will provide food for thought,)

About a month ago there was a controversy in the papers about College Lectures. It was pointed out on the one hand that College lectures are far too elementary, that precious time was wasted in enlightening students in the meaning of words and phrases and explanations of passages. That indeed makes for a tremendous frittering away of energy which is suicidal. It was also shown on the other hand that Professors, after all, have to prepare students for examinations. They have to be very practical, keep every moment the aim in view. It was also indicated how Professors have to adopt, almost stoop to certain tactics in the form of anecdote and other spicery, in order to make their lecture interesting. The whole problem is a complicated one. Frankly speaking, higher education in this country could hardly be distinguished to-day from lecturing to the masses. The teachers and pupils in the primary schools, the teachers and pupils in the secondary schools, the studens and those who teach them in the Colleges form parts of a portentous intellectual machinery. There is no denying the fact that there has been of late a great deterioration in standards. One wonders whether the primary school teacher ever could impart loving, patient, judicious instruction to the tender growing minds under his charge for the miserable pittance that he gets for his labour. One wonders whether the fresh graduate turned out by the University these days could ever understan. the beauty, the gravity, the resposiblity of the teaching work that he undertakes in the English schools, whether he is genuinely interested in the profession at all. One wonders then whether the students in the colleges could ever reconcile in their learning the interests, which need never conflict with each other, of the examination on the one hand and knowledge on the other, whether they could ever undertake that intellectual labour, with joy and understaning, intelligenee, devotion and discrimination, that is necessary in the case of genuine seekers after knowledge. One wonders whether the average

teacher in a college could give dust when dust is wanted by his audience, and give stars when stars are wanted by them though that does not happen frequently. Here is an audience which is fast losing its faith even in examinations. The audience has simply drifted into these lecturehalls because they think there is nothing else for them to do. The political situation, the economic situation, the want of solid backbone among the people, instruction superficially given and superficially received, hopes raised and frustrated are all responsible for this situation. We are in a pretty educational mess.

(In a total educational environment, physical education must receive due attention. The young boys and girls in whose education the society invests its money are the nation's assets. Their health cannot therefore be neglected. In the editorial notes published in the Oct. 1936 issue of the college magazine we come across an interesting statistical review of the medical check-up of undergradutes. We reproduce those observations only to highlight how our predecessors lay great stress on the phisycal well-being of our youth.)

Serial No. 33 October : 1936

Editorial Notes

The report of the medical examination of the different colleges of the University of Bombay for the year 1935-36 makes interesting reading: It says:

"The standard of classification adopted this year has been the same as last year's. The students have been divided into classes A, B and C. Thc C class students are supposed to be no good for physical training and improvement, owing to some organic disease, 1) incurable or curable by medicine, or (2) curable only by a surgical operation. The percentage of students in the different categories in the whole University was as follows:

A class 49·6 percent
B class 48·6 percent
C class 1·8 percent

The Gujarat group shows very poor physique. The students are either too fat or too lean. It may be due to taking too much of fatty foods and no exercises or due to eating too many vegetable salads having no food value as regards building of muscular tissue. In addition, they seem to have no desire to improve their physique which needs regular physical exercises and sports."

That is sufficiently damning. Students of Gujarat should lay this to heart. The report always speaks of the poor physical build of the lady students in the mofussil colleges and suggests that some physical drill and free breathing exercises for at least a quarter of an hour per day should be made compulsory for them. There are also certain pertinent remarks about the eye-sight of students. The report says :—" The students needing correction of eye-sight were nearly 16 per cent of the students examined. These defects must be throwing a great strain on the eyes of these students at the time of their studies. Unfortunately they are not aware of the advantages of corrected vision because they have never read with correct glasses on. Sometimes one eye is doing the work of both eyes and the student never knows he is using only one eye." The twenty-three colleges where students were examined medically have been classified in order of their A class students, Karnatak college stands at the head of the list. The M. T. B College, Surat and the D. K. National college, Hyderabad bring up the rear. Surat is twenty-second among the twenty three. There are some more details from the report about the Surat college :—

	A	B	C	Total
Males	242	457	12	
Females	16	14	nil	741
Vision corrected	—	—	—	142
Vision not corrected	—	—	—	73
Underweight	—	—	—	501
Obesity	—	—	—	31
Poor chest	—	—	—	436
Ear, Nose & Throat Cases	—	—	—	246
Ignorance genital cleanliness		—	—	64
Dental Cases	—	—	—	62
Urine Abnormalities	—	—	—	12

That is what the report says in a nutshell as far as we are concerned. It might well make one pessimistic Surat students are now inured to despairing things being said about their health. They might as well argue they still manage to live. Their health conscience has been hardened. Generally speaking, they have all facilities which may be said to be necessary for the improvement of their physique. Even in the evening the playground does not always tempt them. They periodically lash themselves into furious energy and then would play all games at all hours of the day and again would plunge into long inexplicable periods of hibernation. Lack of system is almost their philosophy of life. About a fortnight after the term had commenced a regular procession of would-be gymnasts approached us for certain facilities in the college Gymnasium. They were soon provided and the Gymnasium was placed in charge of a secretary. These days if we go there, we find it a deserted place. The children of the college peons may be seen perched up on the parallel bars and on the walls, and the floor of the gymnasium may be found strewn with requisites for body-building in close association with greasy paper and other remains of the typical Surat repast from the tea-vendor's shop. We had a notion that the students who wanted to take advantage of these facilities mostly hailed from North Gujarat and their entusiasm for muscle would be caught up by the local latitudinarians in matters of health. The results, however, have been otherwise. The Vanquished Greeks have won over the sturdy Romans to their way of life. Most of them now believe fervently in the great future of the cinema and keep themselves abreast of the latest developments on the screen and some of them regularly wend their way to the river bank in the evenings. We wonder why this latter categony should not make a complaint against the way in which, in the last Olympic games, no provision was made for the game of slow walking. No team of walkers in the world could beat our strollers to the river bank in the fine art of slow-walking.

(The introduction of the mother tongue as a medium of instruction is no longer a subject of debate. But in the thirties no university could ever think of replacing English as the medium of instruction. The only experiment in this field was launched by Mahatma Gandhi at the Gujarat Vidyapeeth

However, a growing conciousness for the development of the native languages was more and more in evidence, thanks to the impact of Gandhian movement.

In the academic circles also, one used to hear the argumrnt in favour of the regional languages.

Ine following lines, extracted from the editorial notes of November 1937 number of the magazine, this vital linguistic issue was discussed.)

Editorial Notes.

We have been almost trained to look down upon our mother tongue. That is now happily changing, A new power, a new type of eloquence is coming into it. We nearly failed to realize what should happen if a people do not respect their own language. We know what has been happening, In our meetings, tea – parties, discussions, in our hostel-life, college-life, in our courts and market places what language we have been using ! it is hybrid, poor, does not express what it means to. It is not English, it is not Gujarati. It has a grammar and a syntax of its own. Gujarati terminations are tagged on to English words which become masculine or feminine according to Gujarati notions. Few University men can speak their own mother tongue for half an hour at a stretch. It is a tragedy. Can a people retain its soul and neglect its language ! For these reasons, however, it is necessary to speak in one's own tongue before audiences and to be a purist in its use.

(Education in this country seems to have been the most unstable subject. Time and again there have been debates on educational reform, commission after commission have suggested changes in the existing system and yet we do not seem to have arrived anywhere. New ideas have been put on anvil, yet more novel ideas are bandied about and often some old ideas are also brought back into currency. Paradoxically, however, nothing seems to have changed very significantly.

As President of the All India Educational Conference held at Bombay on 28-12 1938, Late Prin. N. M. Shah expressed ideas of which many are still relevant.

We reproduce extracts from his Presidential address.)

(Presidential address delivered before the University Section of the All India Educational Conference by Principal N. M. Shah, on 28-12-1938 at Bombay)

...It is the very essence of education - Primary, Secondary or Higher - that no scheme can ever hope to be perfect or the last word for all people or for all times. With the change of environments, circumstances, conditions of life and times schemes of education must change by evolution in successive stages to cater more and more fully to the needs of the community at large. To my mind, therefore, it is a very healthy sign that today in India we find a large number of persons expressing fully and freely their views on the nature and type of University Education required for the well-being and progress of the country as a whole.

University education of today has been attacked from varions quarters and for various reasons. That it has its defects, everyone is prepared to agree but I am not sure that some of the remedies suggested will not be worse than the disease.

That India has lagged behind other countries in the sphere of higher education is mainly due to the fact that our Universities were all creatures of the State and amenable to considerable control of the State, State officials and State nominees, who were experts in red tape, but who, barring a few exceptions, lacked academic imagination and insight. Even today, at least

in the older universities, the same state of affairs prevails, and the executive heads of universities are often imported from outside not on the merits of their educational experience but on political and sometimes even communal grounds. An Ashutosh Mukherjee here and there is a rare exception. No wonder then that our universities are not showing that freshness of outlook, elasticity and adaptability to the changing times, which we expect them to do. It is a matter of great satisfaction and pride to us all that inspite of all these handicaps, our Universities have produced so many men of international repute of whom any country can well be proud.

On the other hand it is being argued, sometimes for financial reasons, sometimes as a matter of principle, that the State should shoulder no responsibility for University education. The suggestion that all collegiate or higher education should be related to what are called national necessities is one worth our serious consideration..... that 'many private colleges in Arts are today self-supporting...is not true. In these private colleges the professors live on a pittance and do not receive even a bare living wage, commensurate with their station in life, and in addition, have to go hat in hand for contributions from the public to supplement the college revenues from fees and meagre state grants to make the two ends meet and to carry out projects of expansion and greater usefulness which the constantly rising standards of University education demand. This is a phenomenon not to be seen in other countries. It must be admitted by all that such duties though voluntarily undertaken, do come in the way of the normal duties of college-teachers, namely, instruction, research and advancements of knowledge. I honestly hold the view that no education worth the name can ever be self-supporting, however heretic this dictum may appear to many today. Even in countries which are more advanced, more prosperous and less religious minded, the State shares a considerable part of the burden for University education. In Great Britain for instance, the University Grants Utilization Committee of the Parliament distributes grants to Universities equal to one-third of their revenues. In India, which is not educationally advanced and were a large part of public charities go to religious bequests, the state does not help higher education in the Universities even to the extent of one-third of their revenues. Many Universities in India are handicapped for lack of funds and it will be a sad day in the history of Indian education when the State withdraws all help and expects all Universities and private colleges to be self-supporting-I may go further

and add that if the country is to reap the fullest benefits of such State-aided higher education, the State should allow the Universities to develop on their own lines, adapted as much as possible to national necessities, but unfettered by State control. The State should play the more exacting and delicate role of adviser to the University. There should be fostering care without control, guidance and suggestions without command.

